મહામતિશ્રી લાલદાજી કૃત

# શ્રી વિતક સાહેબ સાર


લેખિકા : આશાવન્તી દુબે

ભાવાનુવાદ : શ્રીમતી નેહા વૈશ્ય



:: પ્રકાશક ::

શ્રી નિજાનંદ આશ્રમ, વડોદરા.

ને. હાઈવે - ૮, બાયપાસ, આજવા નિમેટા ક્રોસીંગ,

સયાજીપુરા, વડોદરા - ૩૯૦ ૦૧૯.

ફોન : ૦૨૬૫ - ૨૫૭૨૮૪૩

## :: શ્રી હરીદાસજી સાથે મિલન ::

ભુજનગરમાં શ્રી દેવચંદ્રજીની મુલાકાત રાધા વલ્લભી માર્ગના અનુયાયી હરીદાસજી સાથે થઈ. તેઓ સખીભાવથી શ્રી બાંકેબિહારીની સેવા પૂજા કરતા હતા તે જોઈને દેવચંદ્રજી પ્રભાવિત થયા અને તેમની સેવા-સત્સંગ કરવાનું શરૂ કર્યું.

તેમના પિતા મત્તુ મહેતાને જ્યારે ખરબ પડી કે તેઓ ભૂજનગરમાં છે તો તેઓ તેમને લેવા માટે ગયા. તેમને ઘણું સમજાવ્યા છતાં કોઈ અસર ન થઈ ત્યારે તેમના માતા-પિતાને લાગ્યું કે દેવચંદ્રજીના લગ્ન કરાવી દઈએ તો તેમનો વૈરાગ્યભાવ ઓછો થશે. એકબાજિ હરીદાસજીએ દેવચંદ્રજીની સેવાથી પ્રસન્ન થઈને એજ દિવસે તેમને મંત્ર દિક્ષા આપવાનું કહ્યું તો દેવચંદ્રજી તરત જ ધોતી પહેંરીને વાળ મુંડાવીને આવી ગયા. હરિદાસજીએ કહ્યું આ અગાઉ જો કોઈ મંત્ર લીધોલો હોય તો કાગળમાં લખીને રોટલીના ગુલ્લામાં વાળી તે રોટલી કોઈ સંન્યાસીને આપી દો તો દેવચંદ્રજીએ જવાબ આપ્યો કે તેનાથી શું ફર્ક પડશે ? જો તમારા મંત્રમાં તાકાત હશે તો પહેલાનો મંત્ર આપો આપ નિષ્તેજ થઈ જશે. તેમના જવાબથી હરીદાસજી અતિ પ્રસન્ન થયા અને તેમને ‘ભજ મન શ્રી વિદ્ધાવન, કુંજ બિહારી નિત્ય વિલાસ’ નો મંત્ર આપ્યો. તેઓ મંત્ર લઈનવે ઘેર ગયા. ત્યારે તેમનો ભદ્રવેશ જોઈને તેમના માતા-પિતા અત્યંત નારાજ થયા અને કહ્યું કે આજે તો તારા લગ્ન છે સરસ તૈયાર થવાને બદલે આ કેવો વેશ ધારણ કર્યો છે. ગમેતેમ કરીને લગ્ન તો કર્યા પરંતુ તેમણે સવા કરવાનું તો ચુલ જ રાખ્યું.

એક દિવલ કોઈ માણસને વીંછી કરડ્યો. ચાર માણસ તેને ઉંચકીને હરીદાસજી પાસે લઈ આવ્યા. તેમણે મૂછો પર હાથ ફેરવતા - ફેરવતા મંત્ર બોલીને વિંછીનું ઝૈર ઉતારી દીધું. હરીદાસજીએ દેવચંદ્રજીને કહ્યું કે આ મંત્ર બહુ સારો છે. તમે શીખી લો તો ભવિષ્યમાં કામ આવશે ત્યારે દેવચંદ્રજીએ જવાબ આપ્યો કે તમે મને પહેલા જે મંત્ર આપ્યો એ તો લાખ વિંછીનું ઝૈર ઉતારે એવો છે. એ જન્મ-મરણના ચક્કરમાંથી છોડાવે છે. તેમનો ઉત્તર સાંભળીને હરીદાસજીએ કહ્યું કે આટલી બુદ્ધિ તો મારામાં પણ નથી.

શ્રી દેવચંદ્રજી હરિદાસજીની સેવા અત્યંત પ્રેમથી કરતા હતા. તેમની સેવા કોઈ જોઈ ન જાય એટલા માટે તેઓ રાતના અંતિમ પ્રહરમાં ઉઠીને દરરોજ પરિક્રમા કરતા હતા. એક દિવસ હરીદાસજીએ તેમને જોઈ લીધા પરંતુ, અંધારામાં ઓળખાયા નહીં તેથી પૂછયુ કે ત્યાં કોણ છે ? દેવચંદ્રજીએ કહ્યું કે એ તો હું છું. આવી રીતે પરિક્રમા કરતાં એમને હરીદાસજીને બીજીવાર પણ જોઈ લીધા. એમની આટલી



કઠણ ઘોર તપસ્યા જોઈને હરીદાસજીએ જવાબ આપ્યો કે આખરે તમે શું ઈચ્છો છો ? તમારે શું જોઈએ છે ? છેવટે તેમને બાલમુકુંદની મૂર્તિ આપવાનું નક્કી કર્યું જેથી તેઓ ઘેર જ સેવા પૂજા કરી શકે. પરંતુ, ત્યારે મૂર્તિ લેવા ગયા તો મૂર્તિ અદશ્ય થઈ ગઈ. હરીદાસજીને ખૂબ દુઃખ થયું. તેમણે પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી મૂર્તિ નહીં મળે ત્યાં સુધી હું જમીશ નહીં. આ બાબત દેવચંદ્રજીએ જાણી ત્યારે તેમણે પણ ખૂબ દુઃખ થયું તેમણે હરીદાસજીને કહ્યું કે તમે દુઃખી ન થાવ. કદાચ સેવા કરવાનું મારા નસીબમાં જ નહોતું એટલે જ મૂર્તિ અદશ્ય થઈ ગઈ. એમાં આપનો શું વાંક આપે કો મને મૂર્તિ દિલથી આપી દિધેલ ? એ દિવસે દેવચંદ્રજી પણ ભૂખ્યા રહ્યા. અડધી રાતે જ્યારે હરીદાસજીને ઝોકુ આવી ગયું ત્યારે બાલ મુકુંદજીએ આવીને એમને સાક્ષાત દર્શન આપ્યા. હરીદાસજીએ પૂછયું કે પ્રભુ તમે ક્યાં ગયા હતા ? ત્યારે બાલમુકુંદજી એ જવાબ આપ્યો કે હું તો ત્યાં સિંહાસન પર જે બેઠો હતો પરંતુ, તેં મને દેવચંદ્રજીને આપવાની વાત કરી એટલે હું અદશ્ય થઈ ગયો. કારણ કે હું એમની સેવા સહન કરી શકીશ નહીં, તને એમના અસલ સ્વરૂપની પહેચાન નથી. જો દેવચંદ્રજી નારાજ થાય તો તેમને સેવા માટે વાધા આપી દેજે પરંતુ મને આપતો નહીં. હરીદાસજીએ પૂછયું કે પ્રભુ હવે આપ ક્યાં જાવ છો ? તો તેમણે કહ્યું કે હું ત્યાં સિંહાસન પર જ છું. હરીદાસજી એકદમ જાગી ગયા. તેમણે જોયું તો બાલમુકુંદજી સિંહાસન પર બિરાજમાન હતા. તેમણે વારંવાર નમન કરીને દેવચંદ્રજીને ખબર આપવા તેમના ઘર તરફ નીકળ્યા તો રસ્તામાં જ તેમને દેવચંદ્રજીનો ભેટો થઈ ગયો. દેવચંદ્રજીને જોતા જ હરીદાસજીએ તેમના ચરણ પકડી લીધા. દેવચંદ્રજી એ આશ્ચર્યચકિત થઈને પૂછયુ કે તમે આ શું કરી રહ્યા છો ? ગુરુજી મારે આપના ચરણ સ્પર્શ કરવાના હોય ત્યારે તમે આમ શા માટે કરો છો ? હરીદાસજીએ કહ્યું કે મને તમારા સ્વરૂપની પહેંચાન ન હતી. રાત્રે બાલમુકુંદજીએ સાક્ષાત આવીને તમારા સ્વરૂપની પહેંચાન કરાવી અને કહ્યું કે તમને મારી મૂર્તિ ન આપતો જો તે ઉદાસ થઈ જાય તો વઘા આપજે.

શ્રી દેવચંદ્રજી બાંકેબિહારીના વસ્ત્રો અત્યંત પ્રેમપૂર્વક પોતાના ઘેર લઈ આવ્યા. અને તન, મન, ધનથી તેની સેવા કરવા લાગ્યા. ઘરમાં તેમની પત્ની હોવા છતાં તેઓ પોતાની જાતે જ સેવા કરતા. ભોગ માટે રસોઈ પણ જાતે કરતા અને પાણી પણ જાતે જ ભરતા. રસ્તામાં જો કોઈની પડછાયો પડી જાય તો ઢોળીને ફરીથી પાણી ભરી લાવતા. આમ તેઓ નિયમિત પ્રેમથી સેવા કરવા લાગ્યા.

એક દિવસ ધ્યાનવસ્થામાં જ તેઓ વ્રજ પહોંચી ગયા નંદના ઘરમાં યશોદાજી બેઠા-બેઠા દૂધ ઉકાળી રહ્યા હતા. દેવચંદ્રજી ત્યાં જઈને ઊભા રહ્યા તો યશોદાજીએ

તેમને પોતાની પાસે બોલાવીને બેસાડ્યા. તેમણે કૃષ્ણને મળવાની ઈચ્છા વ્યક્ત
કરી, તો યશોદાજીએ મિઠાઈ આપીને કહ્યું કે કૃષ્ણ તો ગાયો ચરાવવા વનમાં ગયો
છે. તું પણ ત્યાં જા અને કૃષ્ણની સાથે બેસીને મિઠાઈ ખાઈ લેજે. દેવચંદ્રજીએ
વનમાં જઈને જોયું તો બધા ગોવાળો રમી રહ્યા હતા. તેમણે પૂછયું કે કૃષ્ણ ક્યાં છે ?
તો છોકરાઓએ કહ્યું કે અહીં તો અનેક કૃષ્ણ છે તમારે ક્યાં કૃષ્ણનું કામ છે ? જ્યારે
તેમણે યશોદા નંદન કૃષ્ણ વિશે પૂછયું તો તે ત્યાં જ ઊભા હતા. તેમણે દેવચંદ્રજીને
પોતાની પાસે બોલાવીને બેસાડ્યા અને વાતો કરવા લાગ્યા. એ વખતે ત્યાં ઘુઘરી
બની હતી. દેવચંદ્રજી ઘરેથી મિઠાઈ લાવ્યા હતા તે પણ તેમણે શ્રી કૃષ્ણજી આગળ
મૂકી દીધી. શ્રી કૃષ્ણએ ઘુંઘરી સાથે મિઠાઈ પણ બધાને વહેંચી આપી. દેવચંદ્રજી
આરોગવા ગયા તો તેમનું ધ્યાન તૂટી ગયું અને તેઓ ચોંકી ઊઠ્યા. ત્યારે તેમને દૃઢ
વિશ્વાસ થઈ ગયો કે બસ આજ મારો ધણી છે. ત્યારથી તેઓ એજ સ્વરૂપને ઈષ્ટ
માનીને તેમની સેવા કરવા લાગ્યા.

## :: નવતનપુરી લીલા ::

ત્યાંથી તેઓ હાલાર દેશની મધ્યમાં નૌતનપુરી આવ્યા. અહીં સાધુ-સંતોનું
પ્રમાણ વિશેષ હતું. તેમજ રાધા-વલ્લભી માર્ગ પણ વિશેષ પ્રચલિત હતો. તે વખતે
જામનગરમાં શ્યામાજીના મંદિરમાં કાનજી ભટ્ટ શ્રીમદ્દ ભાગવતની કથા કરતા
હતા. દેવચંદ્રજી દરરોજ કથા સાંભળવા જતા અને ત્યારબાદ જ ભોજન કરતા. જો
કોઈ કારણવશ તેમના જતા પહેલા કથા શરૂ થઈ જતી તો તેઓ કથા પૂરી થયા બાદ
પોતે ન સાંભળ્યા હોય તે શ્લોકની ચર્ચા ફરીથી સાંભળતા. તેથી કાનજી ભટ્ટ જ્યાં
સુધી દેવચંદ્રજી ન આવે ત્યાં સુધી કથાનો પ્રારંભ કરતા નહોતા . આ કથા સાંભળવા
મોટા-મોટા શાહુકારો અને ચૌધરી લોકો આવતા. દેવચંદ્રજીને મોડું થાય તો કથા
પણ મોડી થરૂ થતી તે જોઈને શાહુકારોને પોતાનું અપમાન લાગતું. તેમણે કાનજી
ભટ્ટને કહ્યું કે શું તમને દેવચંદ્રજી પાસેતી કોઈ વિશેષ રકમ મળે છે ? તે ન આવે ત્યાં
સુધી કથા શરૂ કરતા નથી ? ત્યારે કાનજી ભટ્ટે કહ્યું કે હું તો શ્યામજી આગળ કથા
વાંચું છું. દેવચંદ્રજી ધ્યાનથી સાંભળે છે. જો તેમના આવ્યા પહેલાં એકપણ શ્લોક
આગળ વંચાઈ ગયો હોય તો તે ફરીથી મને પૂછે છે અને ધ્યાનથી સાંભળે છે.
તમારામાંથી કોઈએ આજ સુધી મને કશું પૂછયું નથી એટલે તમોને ચર્ચાનું દર્દ
નડી. એ દિવસે તો એ લોકો ચૂપ થઈ ગયા. પરંતુ, તેમના મનમાં બદલાની ભાવના
જાગી. તેઓ દેવચંદ્રજીની ભૂલ શોધવા લાગ્યા. બધા લોકો અગિયારસનો ઉપવાસ
કરતા જ્યારે દેવચંદ્રજી બારસનો. લોકોના હાથામાં આવી ગયું. તેમણે કાનજી ભટ્ટને



કહ્યું કે ક્યા શાસ્ત્રમાં એવું લખ્યું છે કે અગિયારસનો પ્રસાદ લો અને બારસના
દિવસે ઉપવાસ કરો. દેવચંદ્રજી તો આમ કરે છે. કાનજી ભટ્ટે કહ્યું કે એનો અર્થ
જરૂર કંઈક બીજો હશે હું દેવચંદ્રજીને પૂછીશ. એટલામાં તો દેવચંદ્રજી ત્યાં આવી
ગયા. કાનજી ભટ્ટે તેમને પૂછયું કે શું એ વાત સાચી છે કે તમે બારસનો ઉપવાસ કરો
છો, અને અગિયારસનો પ્રસાદ લો છો. જો એમ હોય તો એનો અર્થ શું એ અમને
સમજાવો ! ત્યારે દેવચંદ્રજીએ જવાબ આપ્યો કે, જ્યાં સુધી મારા આત્માને તેનો
આહાર ન મળે ત્યાં સુધી શરીરને પણ ભોજન ન આપવાનો નિયમ બનાવ્યો છે.
અગિયારસે ભાગવતની ચર્ચા થાય છે. એટલે પ્રસાદ ગ્રહણ કરું છું. બારસના દિવસે
ચર્ચા થતી નથી અટલે હું પ્રસાદ - ભોજન નથી લેતો. કાનજી ભટ્ટે લોકોને કહ્યું કે તો
હવે આપો દેવચંદ્રજીને જવાબ ? કોઈ કશું બોલી ન શક્યું. બધા મનોમન દેવચંદ્રજીને
ધન્ય - ધન્ય કહેવા લાગ્યા.

## :: શ્રી રાજજીના દર્શન ::

શ્રી દેવચંદ્રજીએ ૧૪ વર્ષ સુધી લગાતાર નિષ્ઠાબંધ ભાગવત સાંભળ્યું એક
દિવસે કથા સાંભળતા-સાંભળતાં તેમને તાવ ચઢ્યો તો પણ તેમણે કથા છોડી નહીં.
તેમને ૮,૧૦ ઉપવાસ થયા તો પણ તેઓ કાન બાંધીને કથા સાંભવા જતા. તેમના
પિતાજીએ વૈદ્યને બતાવ્યું તો વૈદ્યે તેમને ઘરની બહાર હવામાં જવાની મનાઈ
ફરમાવી. જેવા વૈદ્ય ગયા કે દેવચંદ્રજીતો કાન બાંધીને કથામાં જવા તૈયાર થઈ
ગયા. તેમના પિતાએ દરવાજો બંધ કરી દીધો. ઘરમાં દેવચંદ્રજી બૂમ પાડતા પાડતા
જ બેહોશ થઈ ગયા. તેમની માતાએ ગુસ્સે થઈને દરવાજો ખોલાવ્યો અને તેમને
ભાનમાં લાવીને કહ્યું કે હવે તારે કથા સાંભવા જવું હોય તો જા તને કોઈ નહીં રોકે
તરત જ દેવચંદ્રજી ઉઠીને કથા સાંભળવા ગયા. ત્યારે તેમનું મન શાંત થયું અને તાવ
પણ ઉતરી ગયો. ધીરે ધીરે તેમું સ્વાસ્થ્ય સુધરવા લાગ્યુ.

આ પ્રસંગના દસ, પંદર દિવસ બાદ શ્યામજીના મંદિરમાં કથા સાંભળવતા-
સાંભળતા દેવચંદ્રજીને આવેશ સ્વરૂપે શ્રી રાજજીના દર્શન થયા. જેમણે પોતાને
અનાદિ અક્ષરાતીત તરીકે ઓળખવીને ધામની હકીકત સમજાવી તારતમ આપ્યો.
શ્રી રાજજીએ પૂછયું તું મને ઓળખે છે કે નહીં ? ત્યારે દેવચંદ્રજીએ જવાબ આપ્યો
કે મારૂ દિલ સાક્ષી આપે છે કે તમે જ મારા ધણી છો. ત્યારે શ્રી રાજજીએ કહ્યું કે હું
તને તારી ઓળખાણ આપું છું. તારુ નામ સુંદરબાઈ છે. તે વ્રજ અને રાસની લીલા
કરી છે. ત્યાં તમારી ઈચ્છા પૂરી ન થઈ હોવાથી આ ત્રીજુ બ્રહ્માંડ બનાવવામાં આવ્યું
છે. હવે તમે બધા સુંદરસાથને જગાવીને ધામ ચાલો. દેવચંદ્રજી એ પૂછયું તે સાથ

ક્યાં છે ? ત્યારે શ્રી રાજજીએ કહ્યું કે એ તો હું તારી પાસે મોકલીશ. જે ભાગવત તમે સાંભળો છો એમાં આપણી નિશાનઓ છુપાયેલી છે. તમારા સિવાય કોઈ એને સમજી નહીં શકે. તેથી તમે જ હવે સાથને સમજાવો. હવે તમારે જે પુછવું હોય તે પુછી લો. આ રૂપમાં હવે હું ફરીથી નહીં દર્શન આપું. દેવચંદ્રજીએ કહ્યું ધણી હવે આપ ક્યાં જશો ? ત્યારે શ્રી રાજજીએ કહ્યું કે હું તમારી અંદર જ બેસીશ. દેવચંદ્રજીએ કહ્યું તો પછી મારે શું પુછવાનું રહ્યું ? દેવચંદ્રજીને પોતાની પહેચાન થઈ ગઈ હવે તેમને ભાગવતની બધી વાતો સમજમાં આવવા લાગી.

શ્રી દેવચંદ્રજીએ ગાંગજીભાઈને કથા સાંભળતા જોયા. કથા પૂરી થઈ ગઈ ત્યારે દેવચંદ્રજીએ આ બધી વાતો ગાંગજીભાઈને સંભળાવવા માંડી. તેઓ ચાલતા-ચાલતા રસ્તામાં જ ઉભા રહીને ચર્ચા કરવા લાગ્યા. ઘણા લાંબા સમય સુધી તેઓ ચર્ચા કરતા રહ્યા. તેમને પોતાના તન-મનનું પણ ભાન ન રહ્યું. આમ તેઓ દરરોજ ગાંગજીભાઈ સાથે ચર્ચા કરવા લાગ્યા. કેટલાક દિવસ સુધી આવી રીતે ચર્ચા થઈ. ત્યારે એક દિવસ ગાંગજીભાઈએ કહ્યું કે તમે અને હું બંને એક જગ્યાએ, એક જ વ્યકિત પાસેથી એક જ કથા સાંભળીએ છીએ તો તમને જે સમજાય છે મને કેમ નથી સમજાતુ. તમે બધુ ક્યાંથી શોધી લાવો છો ? ત્યારે દેવચંદ્રજીએ ગાંગજીભાઈને યોગ્ય પાત્ર સમજીને થોડુંક - થોડુંક કહેવા માંડ્યું. તેમણે પોતાના જન્મથી માંડીને જામનગર સુધીની વિતક જણાવી. ગાંગજીભાઈને અપાર આનંદ થયો. તે દરેક જણ સાથે તેની ચર્ચા કરવા લાગ્યા. સૌથી પહેલાં ગાંગજીભાઈને પૂર્ણ પહેચાન સાથે સંપૂર્ણ શ્રધ્ધા આવી. તેમની માતાનું નામ ગંગાબાઈ, તેમની પત્નીનું નામ ભાનબાઈ, પુત્રનું નામ શ્યામજી અને પુત્રવધુનું નામ અજબાઈ હતું. ગાંગજીભાઈ સર્વપ્રથમ ઈમાન લાવ્યા અને પ્રેમપૂર્વક દેવચંદ્રજીની સેવા કરવા લાગ્યા. ત્યારબાદ ઘણા સાથી આવવા લાગ્યા.

દેવચંદ્રજી એટલા પ્રેમથી હાવભાવ સહિત ચર્ચા કરતા કે ચાલુ ચર્ચામાં કોઈ બોલી પણ ન શકતું તેઓ શ્રી રાજજી મહારાજના શૃંગાર અને પચ્ચીસ પક્ષનું વર્ણન કરતા હતા. સાથે સાથે શાસ્ત્રો અને પુરાણોની સાક્ષી આપીને વ્રજ અને રાસની ચર્ચા કરતા હતા. જો કથા સાંભળતા કોઈ નવો સાથી આવી જાય તો તેઓ અત્યંત આનંદ અનુભવતા.

## :: સંક્ષિપ્ત જીવનવૃત્ત ::

શ્રી મહાસતિજી કહે છે કે જ્યારે રસુલ સાહેબને આ સંસાર છોડયે નવસો નેવું વર્ષ અને નવ મહિના પૂરા થયા ત્યારે શ્રી શ્યામાજીનું અવતરણ દેવચંદ્રજીના તનમાં



થયું. દેવચંદ્રજીના માતાનું નામ કુંવરબાઈ તથા પિતાનું નામ મત્તુ મહેતા હતું. તેમનો જન્મ મારવાડના ઉમરકોટ ગામમાં થયો. તેઓ ત્યાંથી કચ્છ દેશમાં આવ્યા. રસ્તામાં તેમને મહંમદ સાહેબના સિપાઈના રૂપે દર્શન થયા. ત્યારબાદ તેઓ ભૂજનગર આવ્યા. જ્યાં તેમને બીજીવાર દર્શન થયા. પછી જામનગરમાં આવી તેમણે ૧૪ વર્ષ સુધી નિષ્ઠાબધ્ધ ભાગવતનું શ્રવણ કર્યું. ૪૦ વર્ષની ઉંમરે શ્યામજીના મંદિરમાં ત્રીજી વખત શ્રી રાજજીના દર્શન થયા. જ્યાં તેમને તારતમ આપીને સૌ સાથને જગાવીને પરમધામ લઈ આવવાનો આદેશ આપ્યો.

**સદ્ગુરુના અવતરણની ચોપાઇ -**

'સંવત સોલે સે અડતીસે, આસો સુદી ચતુર્દશી કે દિન,
પ્રગટે દેશ મારવાડમેં, ગાંવ ઉમરકોટ ઉત્પન્ન'

**ધામગમનની ચોપાઇ -**

'સંવત સત્રહસે બારોતરે, ભાદો માસ ઉજાલા પખ,
ચતુર્દશી બુધવાર કો, હુયે ધની અલખ.'

૭૪ વર્ષની ઉંમર બાદ તેમણે જાગણીનું કામ શ્રી પ્રાણનાથજીને સોંપ્યું.

**શ્રી સ્વામીજીના અવતરણની ચોપાઇ :-**

'સંવત સોલે સે પચહત્તરા, ભાદોં વદ ચૌદસ નામ,
પાહોર દિન બાર રવિ, પ્રગટે ધની શ્રી ધામ'

**ધામગમનની ચોપાઇ -**

'સંવત સહત્ર સે ઈક્યાવના, સાવન વદ ચૌથ મેં,,
રાત પીછલી ઘડી દોહ મેં, આયા રસ્તા ધામ સે,
તીજ ભઈ રાત ઘડી ચૌદ લો, ઉપરાન્ત ચૌથ ભઈ જબ,
દોએ રાજ બાકી રહી સમય અંતર્ધાયન કો તબ,

એ દિવસે શુક્રવાર હતો. આગલે દિવસે સ્વામીજીએ શ્રી ગુમ્મટજીમાં સમાધિ લીધી. તેમનો જીવનકાળ કુલ ૭૫ વર્ષ નવ મહિના અને ૨૦ દિવસનો રહ્યો હતો.

## :: શ્રી દેવચંદ્રજીનો પરિવાર ::

શ્રી દેવચંદ્રજીના પરિવારમાં તેમની પત્ની લીલબાઈ તેમનો પુત્ર બિહારીજી

અને પુત્રવધુ કૃષ્ણા. ઉપરાંત થારો અને મેઘા બે ભાઈ થારોની પત્ની ઠકુરાની, થારોભાઈનો પુત્ર નાગજી પુત્રવધુ રંગબાઈ, મેઘાભાઈની પત્ની ભાઈત્રી અને દેવચંદ્રજીની પુત્રી જમુનાબાઈનો સમાવેશ થાય છે.

### :: શ્રી મહેરાજનો પરિવાર ::

વિક્રમ સંવત ૧૬૭૫માં ભાદરવા વદ ચૌદશને રવિવારના રોજ ગુજરાતના જામનગરમાં શ્રી મહેરાજનો જન્મ થયો. પિતાનું નામ કેશવ ઠાકુર અને માતાનું નામ ધનબાઈ હતું. મહેરાજ ઠાકુરના તન પર ઈન્દ્રાવતીની આતમ હતી. તેમની પહેલી પત્નીનું નામ ફુલબાઈ તથા બીજી પત્નીનું નામ તેજબાઈ હતું. તેમના મોટાભાઈ ગોવર્ધન ઠાકુરના કારણે જ શ્રી દેવચંદ્રજી સાથે પ્રથમ મુલાકાત થઈ. ગોવર્ધન ઠાકુરની પત્નીનું નામ પદ્મા હતું. ગોવર્ધન ઠાકુરના તનમાં ગુણવંતીબાઈની વાસના હતી. તેમના અન્ય ત્રણ ભાઈ શ્યામલજી, ઉધ્ધવજી અને હરવંશ હતા. હરવંશની પત્ની મેઘબાઈ, હર્ષબાઈની વાસના હતા. ઉધ્ધવજીની પત્નીનું નામ ભાનબાઈ હતું.

દેવચંદ્રજીની ચર્ચામાં દરેકને ખૂબ આનંદ આવતો હતો. ગાંગજીભાઈ દરરોજ વિવિધ ભોજન બનાવીને અત્યંત પ્રેમથી તેમની સેવા કરતા હતા. અહીં નિત્ય ચર્ચા થતી. ચાલુ ચર્ચામાં જો કોઈ નવો સાથી આવે તો દેવચંદ્ર ખૂબ પ્રેમથી તેને આવકારતા. હરવંશ ઠાકુરની પત્ની મેઘબાઈની ભત્રીજી અજબાઈ ગાંગજીભાઈના પુત્ર શ્યામજીની પત્ની હતી. તેણે તેના ફોઈને કહ્યું કે અમારે ત્યાંતો શ્રી કૃષ્ણજી નિત્ય દર્શન આપે છે. અને દિવસમાં ત્રણ વાર ભોગ આરોગે છે. એક દિવસ તો તેમણે કોઈને સોનામહોર પણ આપી હતી. અજબાઈ રોજ તેમના દર્શન કરતી હતી. મેઘબાઈએ ગોવર્ધન ઠાકુરને કહ્યું કે તમે જઈને જોઈ આવો, જો દર્શન થતા હોય તો મને પણ ત્યાં લઈ જજો. ગોવર્ધનભાઈ ત્યાં ગયા તો સાચેસાચ દર્શન થતા હતા. આ પ્રમાણે મેઘબાઈ, ગોવર્ધનભાઈ તેમની પત્ની પદ્મા વગેરે લોકોએ દર્શન કર્યા અને શ્રી રાજજીની આડીકા લીલાનો લાભ લીધો.

### :: શ્રી દેવચંદ્રજીનો પ્રસંગ અને શ્રી મહારાજ સાથે મિલન ::

દેવચંદ્રજીની ચર્ચા સાંભળવા માટે દરરોજ ગાંગજીભાઈના ઘેર સ્ત્રી-પુરુષો ભેગા થતા હતા. કેટલાક ઈર્ષાળુ લોકોએ જામનગરના શાસક પાસે જઈને ચાડી કરી કે અંહી સ્ત્રી - પુરુષો ભેગા થઈને આખી રાત જાગે છે. રાજાના સિપાઈઓ જ્યારે તેની માહિતી લેવા આવ્યા ત્યારે ચાડી કરનારે તેમને દૂરથી ગાંગજીભાઈનું ઘર



બતાવી દીધું. સિપાહી ત્યાં જવા આગળ વધ્યા તો એક જણ આખી રાત કુવા ફરતે ચક્કર મારતો રહ્યો અને બીજો છેક ધરોલ પહોંચી ગયો. તેમણે રાજા પાસે જઈને કહ્યું કે ચાડી કરનારે અમને એવો રસ્તો બતાવ્યો કે અમે ચાલતા ચાલતા થાકી ગયા અને તે લોકો પણ ન મળ્યા. જો બાતમીદાર અમને મળી જાય તો અમે એની ગરદન જ ઉડાવી દઈએ એટલો ગુસ્સો આવ્યો છે.

ગોવર્ધન ઠાકુર પણ દેવચંદ્રજીની સેવા કરતા હતા. મહેરાજ ઠાકુર બાર વર્ષ બે મહિના અને દશ દિવસના થયા ત્યારે તેમનું મિલન દેવચંદ્રજી સાથે થયું તેમણે તેમને આત્માની પહેચાન કરાવી ત્યારબાદ તેઓ પણ દેવચંદ્રજીની સેવા કરીને ચર્ચા સાંભળવા લાગ્યા. ખોજીબાઈ નામની એક મુસલમાન વિધવા સ્ત્રીમાં રઈબાઈની વાસના હતી. દેવચંદ્રજીએ તેમની પહેચાન કરીને તેમને તારતમ આપ્યો હતો. મહેરાજ ઠાકુરે તેમને પૂછયું કે શું કુરાનમાં પણ આપણી વાતો છે ? ત્યારે તેમણે કહ્યું કે હા, કુરાનમાં આપણી હકીકત છે. મેં ખૂબ પ્રયત્ન કર્યો પરંતુ, મર્યાદવશ હું તેનું પઠન કરી શકી નથી. આમ, રોજ ચર્ચા થતી અને ગોવર્ધન ઠાકુર તથા મહેરાજ ઠાકુર એમ બંને ભાઈ તેમાં મગ્ન રહેતા એક દિવસ તેમના મોટા ભાઈ શામલિયા ઠાકુરે ગુસ્સે થઈને તેમને કહ્યું કે તમે બંને આખો દિવસ ચર્ચામાં જ વ્યસ્ત રહો છો. ઘરના કશા કામકાજમાં ધ્યાન આપતા નથી. તો તમે જેની સોબતમાં રહો છો તે ગાંગજીભાઈ અને દેવચંદ્રજી બંનેને શહેરની બહાર મોકલી દઈશ. આવું સાંભળી બન્ન ભાઈ સમાલિયા ઠાકુરને મારવા દોડ્યા. આ વાતની ફરિયાદ માતાએ પિતા કેશવ ઠાકુરને કરી ત્યારે તેમના પિતાએ કહ્યું કે તમે બંને ત્યાં ગયા વિના શ્યામજીના મંદિરમાં કાનજી ભટ્ટ પાસે કથા સાંભળવા જાવ. દેવચંદ્રજી પણ તેમની પાસે જ કથા સાંભળવા જતા હતા. ત્યારે બંને ભાઈઓએ કહ્યું કે જો કાનજી ભટ્ટ અમારા પ્રશ્નોના જવાબ આપશે તો અમે ત્યાં કથા સાંભળવા જઈશું તેમના પિતા કેશવ ઠાકુર તેમને કાનજી ભટ્ટ પાસે લઈ ગયા. પરંતુ ભટ્ટજી બન્ને ભાઈના પ્રશ્નોના જવાબ ન આપી શક્યા અને બંને ભાઈ ફરીથી દેવચંદ્રજી પાસે જવા લાગ્યા.

### :: જીવનની કસોટી ::

એક દિવસ મહેરાજના મનમાં વિચાર આવ્યો કે શ્રી રાજજી મહારાજે મને પરમધામથી અહીં મોકલ્યો છે તો મને ધામની હકીકત કેમ નથી સમજાતી ? શ્રી દેવચંદ્રજી રોજ ધામની ચર્ચા કરીને ત્યાંની પહેચાન કરાવે છે. પરંતુ મને તેના દર્શન નથી તથા, જરૂર મારામાં જ કોઈ અવગુણ હશે, તેથી જ મને ધામના દર્શન થતા નથી. તેમણે પોતાની અંદર જે કંઈ અવગુણ દેખાય તે દૂર કરતા. એક દિવસ

તેમણે દેવચંદ્રજીને કહ્યું કે મારામાં કોઈ અવગુણ હોય તે બતાવો. ત્યારે તેમણે કહ્યું
તારામાં કોઈ અવગુણ નથી તમે તો શુદ્ધ આત્મા છો. તો પણ તેઓ પોતાના શરીરને
કષ્ટ આપવા માંડ્યા. ઉપવાસ કરવાથી તેઓ અશક્ત થઈ ગયા અને શરીર નબળુ
પડવા લાગ્યું. તે જોઈને લાલબાઈએ દેવચંદ્રજીને કહ્યું કે એકભાઈ તો ધામ જતા
રહ્યા હવે બીજા પણ તૈયાર છે. તમે એમને સમજાવતા કે નથી ? દેવચંદ્રજીએ
મહેરાજને પૂછ્યું કે આખરે તમે શું ઈચ્છો છો ? તેમણે કહ્યું કે મને ધામ કેમ નથી
દેખાતું ત્યારે દેવચંદ્રજીએ જવાબ આપ્યો કેમ મારી જગ્યાએ તમે બેસી જાવ તો
કદાચ તમને પણ દર્શન થઈ જશે. દેવચંદ્રજીએ વિચાર્યું કે કોઈ માયાનું કામ તેમને
સોંપી દઈએ તો કદાચ તેમની ધામ દર્શનની ઈચ્છામાંથી તેમનું મન દૂર થાય. આમ
તેમને કોઈ કારણસર ગુજરાત મોકલી દીધા.

## :: આરબ યાત્રા ::

સંવત ૧૭૦૩માં એક દિવસ શ્રી દેવચંદ્રજીએ મહેરાજને કહ્યું કે
ગાંગજીભાઈના નાનાભાઈ ખેતાભાઈ ૨૫ વર્ષ પહેલાં આરબ ગયા છે તેમને બોલાવી
લાવો. તેમણે ત્યાં જઈને ખૂબ પૈસા મેળવ્યા છે, જો તમે તેમને અહીં પાછા લાવશો
તો સુંદરસાથની ઘણી સેવા થઈ શકશે. ગુરુની આજ્ઞા માથે ચઢાવીને મહેરાજ દરિયાઈ
રસ્તે ચાલીસ દિવસમાં બસરા પહોંચી ગયા. ત્યાં જઈને તેઓ ખેતાભાઈને મળ્યા.
ખેતાભાઈ તેમને મળીને ખૂબ પ્રસન્ન થયા. તેમને પોતાની સાથે રાખીને બધુ કામકાજ
તેમને સોંપી દીધુ. શ્રી મહેરાજ ઠાકુર તેમને તારતમની ચર્ચા સાંભળાવી અને તેમની
આત્મા જગાવી, ખેતાભાઈ સાથે રહેતા ચારેક વર્ષ થયા ત્યાં તો ખેતાભાઈનું
ધામગમન થયું. ખેતાભાઈની બધી મિલ્કત પર ત્યાના શાસકે કબજો જમાવી દીધો.
મહેરાજ ઠાકુર સુલતાન પાસે ન્યાય માગવા બગદાદ ગયા અને બે મહિના સુધી
પ્રયત્ન કરતા રહ્યા પરંતુ, સફળ ન થતા તેઓ હતાશ થઈને પાછા ફરી રહ્યા હતા
ત્યારે રસ્તામાં એક વ્યકિતનો ભેટો થયો, મહેરાજે તેમને પોતાની આપવીતી
સંભળાવી. તે વ્યકિતએ કહ્યું કે તમે ત્યાં ફરીથી જાવ અને હિંમત કરીને સુલતાન
જ્યારે નમાજ પઢવા નીકળે ત્યારે તેનો પલ્લુ પકડીને કહો કે જે ભાર મારા ઉપર
હતો તે મેં તને સોંપ્યો હવે એનો હિસાબ હું કયામતના દિવસે લઈ જઈશ. બીજે
દિવસે જ્યારે સુલતાન નમાજ પઢવા જઈ રહ્યા હતો ત્યારે મહેરાજે તે વ્યકિતના
કહેવા પ્રમાણે કર્યું, સુલતાન વિચારતો થઈ ગયો કે, આવી વાત તો આજ સુધી
કોઈએ મને નથી કરી, તેણે કહ્યું કે અલ્લાહની મરજી થઈ તો તમને બધુજ પાછુ
સોંપી દેવામાં આવશે. તેમણે મહેરાજની સાથે પોતાના એક માણસને મોકલીને
તેમનો બધો સામાન પાછો અપાવ્યો. આ બધી હકીકત જ્યારે દેવચંદ્રજીએ જાણી



ત્યારે તેમણે મહેરાજને મદદ કરવાના હેતુથી બિહારીજી અને શ્યામજીને બરારબ મોકલ્યા. તેઓ આવીને મહેરાજને મળ્યા. તેમને મહેરાજે બધી જ સંપતિ સોંપી દીધી નવતનપુરીમાં તેઓ પાછા આવ્યા તો ત્યાં બાલબાઈએ ચાડી કરી કે આ લોકોએ મારા ભાઈનું ધન લઈ લીધું છે તેથી બધી જ સંપતિ સરકાર હસ્તક જતી રહી. અને શ્રી દેવચંદ્રજીને મહેરાજ ઠાકુરના પ્રણામ ન સ્વીકારવા વિવશ કર્યા. જેથી મહેરાજ ઠાકુર અત્યંત દુ:ખી થયા કે - શું મારા સત્ગુરૂ પણ મારા પર વિશ્વાસ નથી કરતા ?

## :: શ્રી દેવચંદ્રજીનું ધામગમન ::

હવે અહીંથી મહેરાજ કલાજી ઠાકોરનેત્યાં દિવાનગીરીની નોકરી કરવા લાગ્યા. બે વર્ષ ત્યાં રોકાઈને આઠ મહિના અમદાવાદમાં રહ્યા. પાછા કલાજી પાસે જઈને તેમણે રજા માંગી કે હવે મારે સંસારનું વ્યવહારિક કામકાજ નથી કરવું. ગુરુની સેવા કરવી છે. ત્યારે કલાજીએ કહ્યું કે યોગ્ય માણસ જોઈને તેને કામ સોંપી ને જાઓ.

આ બાજુ દેવચંદ્રજીનો ધામ જવાનો સમય થઈ ગયો હતો. તેમણે મહેરાજને બોલાવવા બાલબાઈને મોકલ્યા. બાલબાઈએ આવીને કહ્યું કે દેવચંદ્રજી તમને બોલાવી રહ્યા છે. તેમણે કહ્યું કે હું બધુ કામકાજ સોંપીને જલ્દીથી આવી પહોંચું છું. ત્યારબાદ તેમને બોલાવવા બિહારીને મોકલ્યા. તો તે અંબર કસ્તુરી લઈને પાછા આવ્યા. મહેરાજની ઈર્ષા હોવાના કારણે તેમણે મહેરાજને સાચી વાત ન કહી કે દેવચંદ્રજીએ મને તમને બોલાવવા માટે મોકલ્યા છે. બે-ત્રણ વાર દેવચંદ્રજીએ બિહારીજીને મોકલ્યા પરંતુ, તેઓ મહેરાજને આ વિશે કશું કહેતા જ નહીં. આખરે બાલબાઈએ આવીને દેવચંદ્રજીના ધામ જવાનો સમય થઈ ગયો છે એમ જણાવ્યું ત્યારે બધુ કામ છોડીને તેમના ચરણોમાં આવી ગયા. તેમને જોઈને દેવચંદ્રજીને ખૂબ આનંદ થયો તેમણે કહ્યું કે મે તમને કેટલી બધી વખત કહેવડાવ્યું પણ તમે આવ્યા જ નહીં ત્યારે મહેરાજે કહ્યું કે આ વાત તો મને કોઈએ કરી જ ન હતી. દેવચંદ્રજીએ પૂછયું કે હવે તો તમે માયાના કામમાં નહીં જાઓને ? કારણ કે હજુ તો જાગણીનું કામ બાકી રહ્યું છે.

ત્યારબાદ એક થાળમાં ભોજન પીરસવામાં આવ્યું. મહેરાજ ઠાકુરની ઈચ્છા હતી કે બિહારીજી પણ તેમની સાથે ભોજન કરે. બિહારીજીએ પહેલા તો ના કહી દીધી પરંતુ સદ્ગુરુની આજ્ઞાને કારણે બંનેએ સાથે ભોજન કર્યું. સ્વામીએ પોતાની તમામ વાતો સદ્ગુરુને કહી સંભળાવી તે બંને બાવીસ દિવસ સુધી સાથે રહ્યા. ત્યારબાદ સંવત ૧૭૧૨માં ભાદરવા સુદ ચૌદશના દિવસે સદ્ગુરુ ધામ પધાર્યા.

## :: શ્રી મુખવાણીનું અવતરણ ::

થોડાક દિવસ સુધી તો કોઈને ધામ યાદ ન આવ્યું. સૌ સુંદરસાથ પોત-પોતાના માયાના કામમાં લાગી ગયા. એક દિવસ બાલબાઈ મહેરાજ ઠાકુર પાસે આવ્યા અને કહ્યું કે હવે તમારે શું કરવું છે ? ધામનું બધું કામ બાકી છે. કોઈને ધામના મૂળ સંબંધની યાદ નથી આવતી અને દેવચંદ્રજીની ગાદી પણ ખાલી છે. ગાદી પર કોને બેસાડવા જોઈએ? તેમણે નક્કી કર્યું કે દેવચંદ્રજીના પુત્ર બિહારીજીને ગાદી પર બેસાડવા. સ્વામીજી આગ્રહ કરી કરીને સુંદરસાથને બોલાવી લાવ્યા અને ધામધૂમથી બિહારીજીને ગાદી પર બેસાડ્યા. બિહારીજીની રજા લઈને સ્વામીજી (મહેરાજ)એ દિવાનપદ ફરી સંભાળી લીધું. કોઈ દિવસ ચર્ચામાં મોડુ થઈ જતું તો કોઈ દિવસ જલ્દી આવી જતાં પરંતુ, દરરોજ આવે તો ખરા જ.

સ્વામીજીએ સદ્‌ગુરુના ધામગમનનો ભંડારો કરવાનું નક્કી કર્યું. જેથી તેમાં બધા સુંદરસાથ પણ ભેગા થઈ શકે. પરંતુ વજીરને આ વાતની જાણ થતા જ તેણે પરિવાર સહિત મહેરાજને કેદ કરી લીધા. કુરાનમાં આ પ્રસંગને 'હબસા' તરીકે વર્ણવેલો છે. મહેરાજે વિચાર કર્યો કે, હું તો ધણીનું જ કામ કરી રહ્યો હતો, તો પછી આવી મુસીબત કેમ આવી ? એમને અત્યંત દુઃખ થયું. અને શરીર ત્યાગ કરવાની તૈયારીમાં હતા ત્યાં તો સદ્‌ગુરુ દેવચંદ્રજીએ તેમને દર્શન આપ્યા અને તેમના દિલમાં વિરાજમાન થયા. સ્વામીજીને જોશ આવ્યો અને સૌ પ્રથમ ઠકુરાણીજીના સિનગારનું વર્ણન કર્યું, ત્યારબાદ રાજજીનો સિનગાર અને રાસની કેટલીક રામતો ઉતરી, રાસની વાણી ઉતરી. ત્યારબાદ ફરીથી જોશ આવ્યો ત્યારે પ્રકાશવાણી ઉતરી. જ્યારે આ ચોપાઈઓ ઉતરતી હતી ત્યારે ઉત્તમબાઈની વાસના ઉધ્ધવ ઠાકુર તે લખતા જતા હતા. ખટરૂતિ પણ અહીં જ ઉતરી. આમ અહીં રાસ, પ્રકાશ અને ખટરૂતિનું અવતરણ થયું.

સ્વામીજી હબસા (જેલ) માંથી છૂટીને સીધા જામનગર બિહારીજી પાસે ગયા અને તેમને આ કિતાબોનું વર્ણન સંભળાવ્યું. બધા સુંદરસાથને પણ સાંભળ્યું અને કહેવા લાગ્યા કે આપ પર શ્રી રાજજી મહારાજ ઘણા મહેરબાન છે. બિહારીજી નહોતા ઈચ્છાતા કે સુંદરસાથમાં સ્વામીજીનું મહત્વ વધે. તેથી તેમણે મહેરાજને કહ્યું કે આ વાણી જાહેર ન કરો, પહેલાં જેવી ચર્ચા થતી હતી તેવી જ ચર્ચા કરો. બિહારીને ડર હતો કે ક્યાંક સુંદરસાથ મને ગાદી પરથી ઉતારીને મહેરાજને ન બેસાડી દે. બીજા દિવસે સ્વામીજીની ચર્ચા ન થઈ. સુંદરસાથની ચર્ચા સાંભળવાની



ઈચ્છા અધુરી રહી ગઈ.

સ્વામીજી ત્યાંથી જૂનાગઢ ગયા અને ત્યાં ચર્ચા કરવા લાગ્યા. ત્યાં કાનજીભાઈ રહેતા હતા. તેઓ ધ્યાનથી ચર્ચા સાંભળતા હતા. કાનજીભાઈ હરજી વ્યાસ કે જે પ્રકાંડ પંડિત હતા તેમને ત્યાં નોકરી કરતા હતા. હરજી વ્યાસ ખૂબ બિમાર હતા, તેમની પ્રેમથી સેવા કરતા હતા. હરજી વ્યાસની અંતિમ ઘડી હતી ત્યારે તેણે કહ્યું કે હું આ ઈંડનો નથી મને દાન ન કરાવો. બે વાત મારા મનમાં રહી ગઈ કે મે જેને 'હા' કહ્યું એને કોઈ 'ના' ન કહી શક્યું અને જેને મેં 'ના' કહી અને કોઈ 'હા' ન કહી શક્યું. સ્વામીજીએ તેમને જીવતદાન આપીને અખંડ જ્ઞાન દ્વારા તેમની તમામ શંકાઓ નિર્મૂળ કરી દીધી અને તેમનું અભિમાન દૂર કર્યું આમ હરજીવ્યાસ તેમના શિષ્ય બની ગયાં.

## :: જાગણી અભિયાન ::

ત્યારબાદ સ્વામીજી નૌતમપુરી આવીને બિહારીજીને મળ્યા અને ૧૭૨૦માં જામસત્તાની દિવાનગીરીનું કામ સંભાળી લીધું પરંતુ માયાનું કામ ઝાઝુ ટક્યું નહીં. તેમણે જલ્દીથી આ કામ છોડીને ધર્મનું કામ માથે લીધું. ત્યાંથી તેઓ દિપબંદર જયરામ કંસારા સુંદરસાથના ઘેર ગયા. જયરામભાઈએ પુછયું આપ ક્યાંથી પધાર્યા છો ? ત્યારે સ્વામીજીએ જવાબ આપ્યો કે હું આપના માટે જ આવ્યો છું. હવે તમે ધામનો મૂળ સંબંધ યાદ કરો. દેવચંદ્રજીના ધામગમન બાદ બિહારીજી ગાદી પર બેઠા છતાં તમે તેમની ખબર પણ લીધી નથી. દેવચંદ્રજી તમારા પણ સદ્‌ગુરુ હતા એ વાત શું તમે ભુલી ગયા ? ક્યાં સુધી કાંસુ કૂટીને હથોડા મારતા રહેશો ? હવે તો ધામ જવાનો સમય પણ નજીક આવી ગયો છે. માયામાંથી બહાર નીકળો અને ધામને યાદ કરો. મુલમિલાવાને યાદ કરો. આ સાંભળીને જયરામભાઈને પોતાની ભૂલ સમજાઈ તેઓ રડી પડ્યા. ને પોતાની જાતને ધિક્કારવા લાગ્યા કે હું માયામાં એવો તો ફસાઈ ગયો છું કે શ્રી રાજજીની ચર્ચા પણ સાંભળવાનો સમય નથી તો પછી ધામ તો ક્યાંથી યાદ આવે ? ધણીએ જ મહેર કરીને તમને મોકલ્યા છે. ત્યારબાદ તેમણે રસોઈ બનાવડાવીને સ્વામીજીને ભોજન કરાવ્યું. તેમને આરામ કરવાનું કહ્યું તો તેમણે જયરામભાઈને કહ્યું કે હું અહીં આરામ કરવા નથી આવ્યો. તમે માયામાં ફસાઈ ગયા હતા, તમને તેમાંથી બહાર કાઢવા આવ્યો છું. સ્વામીજીએ ચર્ચા શરૂ કરી બધા પરિવાર સહિત ચર્ચામાં આવવા લાગ્યા. લોકો એટલા ધ્યાનથી ચર્ચા સાંભળતા અને સ્વામીજી એટલા ભાવથી ચર્ચા કરતા કે કોઈને રાત-દિવસનું ભાન ન રેતુ.

અહીં સૌથી પહેલાં જયરામભાઈ અને જીવાભાઈ, રતનભાઈ તેમજ ૫૦, ૬૦ જેટલા સાથીઓ આવ્યા અને તેમણે તારતમ લીધો વિરોધીઓએ અહીં ખૂબ પરેશાન કર્યા પરંતુ રાજજીની મહેરથી કોઈને કશું જ થયું નહીં. બાઈજી રાજ બંધનમાં આવી ગયા હોવાથી સુંદરસાથમાં ખળભળાટ મચી ગઈ.

દિપ બંદરથી નીકળી સ્વામીજી કચ્છમાં થાપરભાઈને ત્યાં ગયા. ત્યારબાદ મંડઈ બંદર આવ્યા. અહીં પ્રાગમલ, કુંવરબાઈ અને અન્ય સુંદરસાથ રહેતા હતા. તેઓ પણ ચર્ચા ભૂલી ગયા હતા. સ્વામીજીએ બધાને ફરીથી ઢંઢોળ્યા અને કહ્યું કે આ શું હાલત બનાવી છે તમે લોકોએ ? માયામાં રહીને પણ ધામને તો યાદ કરી જ શકાય ને ? માયા કદી કોઈની થઈ નથી ને થવાની નથી તમે તો સમજદાર સુંદરસાથ છો. ધામ જવાનો સમય નિકટ આવી પહોંચ્યો છે. શ્રી યુગલસ્વરૂપને યાદ કરો આમ સુંદરસાથ ને સમજાવીને તેઓ કપઈ બંદર ગયા. અહીં તેઓ હરવંશ ઠાકુરના ઘેર રોકાયા હતા તેમને ચર્ચા સંભળાવી શિષ્ય બનાવ્યા અને બિહારીજીની સંવામાં મોકલી આપ્યા.

## :: ચિંતામણી સંવાદ ::

કપઈ બંદરથી ભૂજનગર આવીને તેઓ વૃંદાવનભાઈને ત્યાં રોકાયા. અહીં વૃંદાવને ખૂબ ભાવથી સ્વામીજીની સેવા કરી. સ્વામીજી ચર્ચા કરતા ત્યારે સુંદરસાથની દરેક શંકાનું સમાધાન થઈ જતું અને તેમને ચર્ચામાં ખૂબ આનંદ આવતો. ભૂજનગર અકાદ બે દિવસ રોકાઈને તેઓ નલિયા શહેરમાં આવ્યા. ત્યાંથી ઠઠ્ઠાનગરમાં નાથા જોષીના ત્યાં આવ્યા. નાથા જોષીએ ખૂબ પ્રેમથી દસ-બાર દિવસ સ્વામીજીની સેવા કરી ત્યારબાદ સ્વામીજી લાઠી બંદર ગયા. વિશ્વનાથ ભટ્ટે સ્વામીજીને ખૂબ આદર આપ્યો અને તેમના શિષ્ય બન્યા. અહીંથી આગળ જવા માટે સ્વામીજી નાવમાં બેઠા પરંતુ દરિયાઈ તોફાનને કારણ ૧૭ દિવસમાં જ પાછા આવવું પડ્યું. તેઓ ફરીથી ત્યાંથી ઠઠ્ઠાનગરમાં નાથા જોષીના ત્યાં ગયા અહીં તેમને જિંદાદાસ અને ઠાકુરીબાઈ મળ્યા. બીજા પણ ઘણા બધા સુંદરસાથ ચર્ચામાં આવવા લાગ્યા.

તે સમયે અહીં કબીર પંથના ચિંતામણી મહંત રહેતા હતા. સ્વામીજી તેમના ઘરે ગયા તો તેમણે કહ્યું કે જો તમારે મારી ચર્ચા સાંભળવી હોય તો સાંભળો નહીં તો તમારી પાસે જે જ્ઞાન હોય તે મને કહો. ત્યારે સ્વામીજીએ કહ્યું કે હું તો ચર્ચા સાંભળવા આવ્યો છું. સંભળાવવા નહીં. કબીરપુત્ર કમાલની એક સાખી પર ચર્ચા શરૂ થઈ -



'કોડી તે હિરા ભયા, હિરા તે ભયા લાલ
આધા ભકત કબીર હૈ, પૂરા ભકલ કમાલ'

ત્યારે સ્વામીજીએ તેમને કહ્યું કે હજુ તમને કબીરજીની પહેચાન જ નથી, તેઓ કેટલા મહાન હતા. કબીરને અર્ધા ભક્ત કહેતા પહેલાં તેમની પહેચાન કરો. ત્યારબાદ શ્રીજીને ચિંતામણીજીએ કબીરનું એક કીર્તન સંભળાવ્યું -

''એક પલક તે ગંગ જો નિકસી, હો ગયો ચહુદિસ પાની,
ઉહિ પાની દો પર્વત ઢાંપે, દરિયા લહર સમાની
ઉડ મખ્ખી તરવર ચઢ બૈઠી, બોલે અમૃત વાની,
ઉહિ મખ્ખી કે મખ્ખા નાહિ, બિન પાની ગર્ભાની
તિન ગરભે ગુન તીનો જાયે, વહ તો પુરુષ અકેલા,
કહે કબીર યા પદકો બૂઝે, સો સત્‌ગુરુ હમ ચેલા''

શ્રીજીએ ચિંતામણીને આ કિર્તનનો અર્થ પૂછયો તો તેઓ તેનો યોગ્ય જવાબ ન આપી શકયા. ત્યારે સ્વામીજી - શ્રીજીએ એનો અર્થ સમજાવ્યો. બીજા દિવસે ચિંતામણી શ્રીજીને સાંભળવા ગયા. શ્રીજી નાથા જોષીની અટારી પર જોર જોરથી ચર્ચા કરતા હતા. પોતાના શિષ્ય સહિત ચિંતામણીદાસ ચર્ચા સાંભળવા લાગ્યા. બે-ત્રણ દિવસ બાદ તેઓ સ્વામીજીના ચરણોમાં આવી ગયા તેમણે કહ્યું કે મારા શિષ્યો આગળ મારી લાજ રાખજો. ત્યારે શ્રીજીને જોશ આવ્યો અને રાત્રે કિરંતન ઉતર્યુ - 'સુના રે સત કે બનજારે' સવારે ચિંતામણીને સમજાવ્યું ત્યારે તેમનું બધુ અભિમાન ઓગળી ગયું. અને પોતાના શિષ્યો સામે જ તેઓ સ્વામીજીના શિષ્ય બની ગયા. શ્રીજીએ તેમને ચાર બાબતોનો નિયમ કરાવ્યો. (૧) માંસાહારથી દૂર રહેવું. (૨) શરાબ ન પીવો. (૩) પારકી સ્ત્રીને માઁ કે બેનની દૃષ્ટિથી જોવી અને (૪) ચોરી ન કરવી અને જુઠ ન બોલવું. બધા લોકોએ આ નિયમ સ્વીકારી લીધા.

અહી જોર-શોરથી ચર્ચા ચાલતી હતી ત્યાં એક ચતુરા દૂધવાળો રોજ દૂધ આપવા આવતો ત્યારે ધ્યાનથી ચર્ચા સાંભળતો. તેણે વ્રજ અને રાસનું વર્ણન સાંભળ્યું એણે લાલદાસજી મહારાજને સંભળાવ્યું તો તેઓ આશ્ચર્યચકિત થઈને બોલ્યા કે, તેં આ ચર્ચા ક્યાંથી સાંભળી ? ચતુરાએ કહ્યું કે નાથ જોષીના ઘેર એક સાધુ આવ્યા છે તે આવી ચર્ચા કરે છે.

## :: લાલદાસજીનું શ્રીજી સાથે મિલન ::

લાલદાસજીએ ચતુરાને કહ્યુ કે મને પણ ત્યાં લઈ જા. ચતુરાએ કહ્યું હું સ્વામીને પૂછયા વિના ન લઈ જઈ શકું. બીજા દિવસે તેણે સ્વામીજીને પૂછયું તો તેમણે કહ્યું કે

જરૂર લઈ આવો. લાલદાસજી એ સ્વયં વ્રજ-રાસની લીલાનું વર્ણન સાંભળ્યું તો એમની આત્મદૃષ્ટિ ખૂલી ગઈ અને શ્રીજીની પહેચાન થઈ ગઈ. એ ઘેર આવ્યા પછી પણ તેમને ચર્ચા સિવાય કંઈ જ ગમતું ન હતું. બીજા દિવસે તેઓ ફરીથી શ્રીજી પાસે ગયા અને ચરણોમાં પ્રણામ કર્યા. શ્રીજીએ તેમને મારકંડેય ઋષીનું દૃષ્ટાંત સંભળાવ્યું અને ગીતા તથા ભાગવતના ભેદ ખોલી બતાવ્યા. હવે લાલદાસજી ખૂબ પ્રસન્ન રહેવા લાગ્યા અને તેમનું ચિત્ત ધણીમય બની ગયું. તે જ વખતે મોહનદાસ દલાલ, રામદાસ વૈદ્ય વગેરે અનેક સુંદરસાથ શ્રીજીના ચરણોમાં આવ્યા. અહીં વલ્લભી સંપ્રદાયવાળાઓએ ઘણા પરેશાન કર્યા પણ ધણીની મહેર સામે તેમનું કશું ચાલી ન શક્યું.

અહીં દસ મહિના રહ્યા બાદ શ્રીજી હવે મસ્તક બંદરે માવજીભાઈની દુકાને પધાર્યા. માવજીભાઈએ તેમનું સન્નમાન કરીને બધા સુંદરસાથની ખબર પૂછી ત્યારે વિશ્વનાથ ભટ્ટે તેમને બાઈજૂરાજના કેદની વાત કહી. મહાવજીભાઈએ રસોઈ કરાવીને બધાને જમાડ્યા આમ, તેઓ શ્રીજી અને સુંદરસાથાની સેવામાં તત્પર રહેવા લાગ્યા. મહાવજીભાઈએ ચર્ચા સાંભળી ત્યારે તેમને પરમધામની થોડી-થોડી પહેચાન થવા લાગી અહીં શ્રીજીને જોશ આવ્યો અને ચાર કિરંતન ઉતર્યા.

એક દિવસ ચર્ચાની ખંડનીમાં માવજીભાઈને પોતાનું કંઈક અપમાન જેવુ લાગ્યું. અને તેઓ વિચારવા લાગ્યા કે કાલથી હવે ચર્ચા સાંભળવા નહીં જાઉં. રાત્રે જ્યારે માવજીભાઈ સૂઈ ગયા ત્યારે શ્રી રાજજી મહારાજે તેમને એક તમાચો માર્યો અને કહ્યું કે તું નારાજ થઈને કેમ પડ્યો છે ? જઈને એમની પહેચાન કર કે તે કોણ છે ? તેઓ સવારે શ્રીજી પાસે ગયા અને બધી હકીકત સંભળાવીને કહ્યું કે હું તો હજી ઘણો પાછળ છું. ચર્ચા પણ હજુ હમણાં જ સાંભળી છે તેથી આપની પહેચાન ન કરી શક્યો. પરંતુ હવે મને પહેચાન થઈ ગઈ છે. પહેચાન થવાથી પૂર્ણ પ્રેમ સહિત તેઓ શ્રીજી અને સાથની સેવામાં તત્પર રહેવા લાગ્યા. ઘરના લોકો તેમનાથી નારાજ રહેવા લાગ્યા. પરંતુ, તેમણે કોઈની પરવા કરી નહીં. તે વખતે વિશ્વનાથ, રાધાબાઈ તેમજ અન્ય સુંદરસાથ આપના ચરણોમાં આવ્યા.

એ જ વખતે જે સુંદરસાથ કેદમાં હતા તેમને મુક્ત કરવા માટે દરોગાએ આવીને પૈસા ચૂકવવાનું કહ્યું તો શ્રીજી કોઈની વાત ન માની તેમણે જવાબ આપ્યો કે ધણી મારો માલિક છે એજ બધી ચિંતા કરશે. સુંદરસાથ પણ તેમનો આવો દૃઢ વિશ્વાસ જોઈને ચૂપ થઈ ગયા. ચર્ચામાં વધારેને વધારે સુંદરસાથ આવતા ગયા આમ તેઓ સંવત ૧૭૨૮ સુધી મસ્તક બંદરમાં જાગણીનું કામ કરતા રહ્યા.



## :: અબાસી બંદસનું વૃતાંત ::

અબાસી બંદરમાં એક ભૈરવ શેઠ રહેતા હતા. તેમણે સુંદરસાથની કેદ અને શ્રીજીને પૈસા ચૂકવવાનો ઈન્કાર એ વિશે વાત સાંભળી તો તેમણે પોતાનું નામ થાય તે માટે સુંદરસાથને છોડાવવા માટે પોતાના માણસને ૧૭ હજાર લારી (ત્યાંની મુદ્રાઓ) લઈને મોકલ્યો મસ્તક બંદરમાં જ શ્રીજી અને ભૈરવ શેઠની મુલાકાત થઈ. ભૈરવ શેઠ તેમને પોતાના ઘેર લઈ ગયા અને રહેવાની વ્યવસ્થા કરી આપી. એક બાજુ રસોઈની તૈયારી થઈ અને બીજી બાજુ ચર્ચાનો પ્રારંભ થયો. ભૈરવ શેઠ પોતના પરિવાર સહિત વ્રજ-રાસની ચર્ચા સાંભળવા લાગ્યા. ચર્ચામાં બધા એટલા લીન થઈ ગયા કોઈને દિવસ - રાતનું ભાન ન રહેતું. ચાલુ ચર્ચામાં જ રાત પડી એટલે ભૈરવ શેઠ ઘેર ગયા. સવારે આવીને તેમણે જોયું તો હજુ પણ ચર્ચા ચાલુ જ હતી. સાથ અને સ્વામીજી તેની તેજ અવસ્થામાં રસમગ્ન બની ચર્ચા કરી રહ્યા હતા.

ભૈરવ શેઠની સાથે બે મુલ્તાની આવ્યા હતા. તેઓ ગુરુનાનકના ચેલા હતા. તેમની સાથે કબીરની પોથી હતી જેની સાખીનો અર્થ તેમને સમજાતો ન હતો. શ્રીજીએ તેમને સમજાવ્યો તો તેઓ શ્રીજીની શરણમાં આવી ગયા.

એક દિવસ શ્રીજીએ ભૈરવ શેઠને બોલાવીને કહ્યું કે તમે મને અહીં બોલાવીને મારી આટલી બધી સેવા કરી, કેદમાં રહેલા બધા સુંદરસાથને છોડાવ્યા તેના બદલામાં હું તમને શું આપું ? ત્યારે નમ્રતાથી ભૈરવ શેઠે કહ્યું કે આપે મને આટલું મોટું જ્ઞાન આપ્યું એ જ મારા પરની મોટી મહેરબાની છે. શ્રીજી કહ્યું કે જો તમે થોડાક નિયમો પાળો તો તમને પણ ઘેર બેઠા પરમાત્માના ચરણ પ્રાપ્ત થઈ શકે. જો એક મહિનાની અંદર તમને પહેચાન ન થાય તો તમે અહીં જ રહેજો હું મારા ઘેર જતો રહીશ. તમાકું ખાવાનું બંધ કરો, માંસ-માછલી, શરાબ અને ચોરીનો ત્યાગ કરો. બસ આટલા જ નિયમો પાળવાના છે. ભૈરવ શેઠે કહ્યું કે બસ આટલું જ ! આ તો સાવ સામાન્ય વાત છે. જો આટલું કરવાથી જ મારો આત્મા જાગ્રત થતો હોય તો હું આ નિયમો અવશ્ય પાળીશ. એમણે એ જ વખતે આ નિયમો પાળવાની પ્રતિજ્ઞા કરી લીધી.

ઘરમાં જ્યારે રસોઈ બનવા લાગી ત્યારે તેમણે કહ્યું કે માંસ નહીં ખાઉં તેથી મારૂં સાદુ ભોજન અલગ થી બનાવજો. તેના પરિવારના સભ્યોને ખૂબ ગુસ્સો આવ્યો તેમણે કહ્યું કે આ ક્યા સાધુ અહીં આવ્યા છે. જે તમને આવા નિયમો પળાવે છે ? શું તે જાણતા નથી કે અમનું શરીર નાનપણથી જ માંસાહારી ખોરાક ખાવા જ ટેવાયેલું છે. જો તે એ નહીં ખાય તો તે નિર્બળ બની જશે. ત્યારે ભૈરવ શેઠે કહ્યું કે મને બે-ચાર દિવસ જોવા તો દો કે એ મહાત્મા સાચુ કહે છે કે નહીં ? પોતાની વાત પર અડગ રહીને શેઠજી ધ્યાનથી ચર્ચા સાંભળવા લાગ્યા. તેમણે ત્રીજા દિવસે ચર્ચા સાંભળી

અને કહેવા લાગ્યા કે હવે મેં હંમેશાને માટે ઉપરોક્ત વસ્તુઓનો ત્યાગ કરી દીધો છે. મને મારા આત્માની ઓળખ થઈ ગઈ છે.

અહીં સ્ત્રીઓ પણ ચર્ચા સાંભળવા આવતી હતી અને ચર્ચામાં બધા એવા તલ્લીન થઈ જતા કે સમયનું કશું ભાન ન રહેતું. શહેરના લોકોને આ વાતની જાણ થઈ તો તેમણે ભૈરવ શેઠને કહ્યું કે તમારી સાથે આ બાબતે લડાઈ થઈ જશે. તો શેઠે જણાવ્યું કે મારી સાથે લડવા કરતાં તમે તમારી સ્ત્રીઓને જ રોકી લો ને. શા માટે ચર્ચામાં આવવા દો છો ? અમે એમને બોલાવવા નથી આવતા. અહીં પરમાત્માની ચર્ચા થાય છે. આત્માની પહેચાન થાયછે તેથી તે બધા આવે છે તમે પોતે તો સાંભળતા નથી કે આત્મખોજ કરતા અને જે આવે છે એને પણ રોકો છો ? લડાઈ કરવા આવનાર એકદમ ભોંઠા પડી ગયા અને ઘેર જઈને પોતાની સ્ત્રીઓ સાથે ઝઘડો કરવા લાગ્યા. ત્યારે બધી સ્ત્રીઓએ જવાબ આપ્યો કે અહીં ભાગ્યે જ કોઈ સંતનું આગમન થતું હોય છે. આ તો અમારા સદ્‌ભાગ્યે આ સંત પધાર્યા અને અમને અમારા આત્માની પહેચાન કરાવી છે. અમારો આત્મા તો અમે તેમને સોંપી ચૂક્યા છીએ હવે શરીરનું તમારે જે કરવું હોય તે કરો.

આ મહિલાઓની આગેવાન તેજબાઈ હતાં. બધી સ્ત્રીઓના પતિ અને અન્ય લોકો તેજબાઈ પાસે ગયા અને કહ્યું કે તેજબાઈ તમે ચર્ચા સાંભળવા જાઓ છો તો તમારી પાછળ અમારી સ્ત્રીઓ પણ આવે છે તેથી તમે જ ત્યાં જવાનું બંધ કરી દો તો અન્ય સ્ત્રીઓ પણ નહીં જાય. તેજબાઈએ કહ્યું કે હું તો વૃદ્ધ છું અને ધર્મ એ જ એકમાત્ર મારું લક્ષ્ય છે તેથી હું તો ચર્ચા સાંભળવા જઈશ જ. તમારે જે કરવું હોય તે કરી લો. આમ, અબાસી બંદરે ભૈરવ ઠક્કર, દેવચંદ્રજીભાઈ અને ઘણાં બધા સુંદરસાથ શ્રીજીના શરણે આવ્યા.

ત્યારબાદ શ્રીજીએ ભૈરવ ઠક્કર પાસે વિદાય માંગી તો બધા સુંદરસાથે તેમને રોકાઈ જવા ખૂબ આગ્રહભરી વિનંતી કરી. પરંતુ, શ્રીજીએ કહ્યં કે હજુ તો ઘણું કામ કરવાનું બાકી છે. અંતે વસ્ત્ર-આભૂષણ જેનાથી જે બન્યુ તે સેવામાં આપીને સૌએ શ્રીજીને ભાવભીની વિદાય આપી.

## :: નલિયાની વિતક ::

શ્રીજી અબાસી બંદરથી કોગ બંદર આવ્યા અને ત્યાંથી નાવમાં બેસીને લાઠી બંદર પહોંચ્યા. અહીં ત્રણ-ચાર દિવસ રોકાઈને ઠઠ્ઠાનગર આવ્યા. બધા સુંદરસાથ દોડીને તેમની સેવામાં હાજર થઈ ગયા. સૌ પ્રથમ તેઓ ઠાકુરીબાઈ જિન્દાદાસને ત્યાં રોકાયા. શ્રીજી બાઈજૂ રાજજી તેમજ અન્ય સુંદરસાથે ઠાકુરીબાઈને ત્યાં જ ભોજન કર્યું. ત્યાર બાદ ચર્ચાનો પ્રારંભ થયો. આ જ સમયે મટહરીથી પણ ઘણા



સુંદરસાથ શ્રીજીના ચરણોમાં આવ્યા અને સત્સંગ-ચર્ચામાં સામેલ થયા.

શ્રીજીએ બિહારીજીને એક ચિટ્ઠી લખી. તેમાં તેમણે મસ્કત બંદર, અબાસી બંદર અને ઠઠ્ઠાનગરના બધા સુંદરસાથની વિગત લખી તથા બિહારીજીના ખબર અંતર પણ પૂછયા. તેમણે એ પણ જણાવ્યું કે હવે હું કચ્છ જઈ રહ્યો છું આપ પણ ત્યાં આવો તો આપણી મુલાકાત થઈ શકે. અહીં શ્રીજી એક મહિનો રોકાયા અને ત્યારબાદ લક્ષ્મણપુર જઈને તેમણે અનેક સુંદરસાથની જાગણી કરી.

નલિયામાં સ્વામીજીના આગમનની ખબર સાંભળતાં જ ધારાભાઈ દોડીને આવ્યા. તેમણે શ્રીજીને પોતાની કહાની સંભાળાવી કે હું ખંભાલિયામાં રહું છું મસ્કત બંદરથી સૂરજીભાઈ આવ્યા હતા હું બધા સુંદરસાથને ચર્ચા સાંભળાવતો હતો ત્યાં મને શ્રી રાજજી મહારાજના દર્શન થયા હતા તે વાતો હું સુંદરસાથને કહેતો હતો. બધા મને આદરથી જોતા હતા. તેઓ મને ગાદી પર બેસાડીને મારી સેવા કરવા લાગ્યા જ્યારે બિહારીજીને આ વાતની જાણ થઈ ત્યારે તેમણે નાનજીભાઈ દ્વારા સૂરજીભાઈને પત્ર લખી મોકલ્યો જેમાં જણાવ્યું હતું કે સુરજીભાઈએ તરત જ બિહારીજીની સેવામાં હાજર થવું. સૂરજીભાઈ તરત જ ત્યાં દોડી ગયા. તો બિહારીજીએ કહ્યું કે, તને તો માયા સિવાય કંઈ સૂઝતું જ નથી. તારા ઘરમાં તો કળિયુગ પ્રવેશી ગયો છે. તમે ધારાભાઈને બધા સુંદરસાથથી અલગ કરી દો અર્થાત તમે બધા સુંદરસાથ ધારાભાઈ સાથે સંબંધ ન રાખો. જો તમે તેમની સાથે છેડો ન ફાડ્યો તો તમારો અને મારો સંબંધ સમાપ્ત થઈ જશે. તેથી જલ્દી થી જાઓ અને ધારાભાઈને તેમના કુટુંબ સહિત ઘરની બહાર કાઢી મુકો.

સૂરજીભાઈએ જ્યારે બિહારીજીની ધામમાંથી કાઢી મૂકવાની વાત સાંભળી ત્યારે તેમણે તેમની બધી વાતો સ્વીકારી કારણકે હજુ સુધી સુંદરસાથ બિહારીજીને જ ધામધણી માનતા હતા અને શ્રીજી પણ તેમને જ સદ્‌ગુરુ કહેવડાવતા હતા. નલિયામાં પાછા આવીને તેમણે મને કુટુંબ સહિત સુંદરસાથથી અલગ કરી દીધો. ત્યારે બેનીબાઈ કહ્યું કે અમારો અવો તો શું અપરાધ છે કે અમને સુંદરસાથથી અલગ કરો છો ? ત્યારે સૂરજજીભાઈએ કહ્યું કે મને તેની કશી ખબર નથી. હું તો બસ બિહારીજીના હુકમ માત્રથી કરું છું. તમે ત્યાં જઈને તેમને જ પૂછી જુઓ. હું ત્યાંથી નૌતનપુરી ગયો અને બિહારીજીને ખૂબ વિનંતી કરી પણ તેમણે મારી એકપણ વાત ન સાંળી. આખરે થાકીને હું નલિયા પરત આવ્યો. એક વર્ષ સુધી મેં બિહારીજીને મનાવવા કેટલાય પ્રયત્નો કર્યા પણ કોઈ રસ્તો ન મળ્યો, હવે તો મારો એકમાત્ર આશરો આપના ચરણો જ છે.

શ્રીજીએ તેમને આશ્વાસન આપ્યું કે, તમે ચિંતા ન કરો અહીં બિહારીજી આવશે

ત્યારે હું તેમને વિનંતી કરીશ. બિહારીજી આવતાની સાથે જ ધારાભાઈએ શ્રીજીને તેમના આગમનની ખબર પહોંચાડી. શ્રીજીએ તેમને આશીર્વાદ આપ્યા તો ધારાભાઈએ કહ્યું કે મને એવા આશીર્વાદ આપો કે હું ફરીથી બિહારીજીનું ચરણ પ્રાપ્ત કરી શકું.

અહીં સૂરતથી આઠ સાથી શ્રીજીના દર્શન માટે આવ્યા હતા. બિહારીજી સાથે સંઘજી, અખઈ, હરવંશ, લાલા જેવા સુંદરસાથ હતા. સ્વામીજીની સાથે તેજબાઈ, રૂપા, રાધા ઠઠ્ઠાનગરથી નાથા જોષી અને ખેતાભાઈ પણ બિહારીજીના દર્શને આવ્યા હતા. આમ, અહીં વિશેષ પ્રમાણમાં સુંદરસાથ એકત્ર થયો હતો.

બધા બિહારીજીની ખુશામત કરવા લાગ્યા. શ્રીજીએ પોતાનું સઘળું વૃતાંત જાગણીની હકીકત કહી, રૂપા અને રાધાબાઈને એકાંતમાં સ્વામીજીએ જણાવ્યું કે બિહારીજીને ધામધણી સમજીને તેમની સેવા કરજો જો. તમે તેમ કરશો તો મારૂં બહું મોટું કામ કર્યું કહેવાશે. જો તમે એમ નહીં કરો તો મારી સાથેનો આત્મસંબંધ પણ પૂરો થઈ જશે. બિહારીજી પરથી સુંદરસાથનો વિશ્વાસ ઉઠી ન જાય તે માટે સ્વામીજી ખુદ સાથને બિહારીજીની તન-મન-ધનથી સેવા કરવાનું કહેતા હતા.

શ્રીજીએ બિહારીજી અને તેમની સાથે આવેલા સાથને વસ્ત્રાભૂષણ પહેરાવ્યા અને બાઈજૂરાજના જે ઘરેણાં હતા તે પણ તેમને સોંપી દીધા ત્યારબાદ તેમણે ધારાભાઈ માટે વિનંતી કરતા કહ્યું કે આપના આગમનની ખબર ધારાભાઈએ જ મને પહોંચાડી છે. તેથી હું તેમનો ઋણી છું. તમે એમને તમારા શરણમાં પાછા લઈ લો. ત્યારે બિહારીજીએ કહ્યું કે તમે એના માટે વિનંતી ન કરો. એમને હું સાથમાં નહીં લઉં. બે-ચાર દિવસ બાદ ફરીથી શ્રીજીને વિનંતી કરી પણ એકજ જવાબ આપ્યો કે તમે લાખવાર વિનંતી કરશો તો પણ હું ધારાભાઈને સાથમાં નહીં લઉં.

એક દિવસ શ્રીજીએ બિહારીજીને કહ્યું કે, હજુ તો ઘણા સુંદરસાથને શોધવાના બાકી છે હું એકલો કેવી રીતે શોધીશ. ચાલો આપણે બંને સાથે જ જઈએ ત્યારે બિહારીજીએ જવાબ આવ્યો કે માયા અને ઘરબાર છોડીને ભટકવાનું મને ન ફાવે. એ મારો ધર્મ નથી. તમારૂં મન જો હાલાર દેશમાં ન લાગતું હોય તો કચ્છમાં જઈને નોકરી કરો. શ્રીજીએ જણાવ્યું કે દેવચંદ્રજીએ મને જે તારતમજ્ઞાન આપ્યું છે તેનાથી સર્વ સુંદરસાથને જગાડવાના છે. હવે મારે માયાનું કામ નથી કરવું. જ્યારે શાકુમાર અને સાકુંડલ જાગી જશે ત્યારે મને નિરાંત થશે. આ પ્રમાણે જાગણીના કામમાં બંને વચ્ચે મતભેદ થવા લાગ્યા. આ બાજુ બિહારીજીને માયા તરફ ઢળેલા જોઈને તેમની સેવામાં રૂપાબાઈનું મન નહોતું લાગતું. તેમને થતું કે ધામની વાતો તો હંમેશા શ્રીજી કરે છે બિહારીજી તો કોઈ દિવસ ચર્ચા કરતા જ નથી. શ્રીજીની ચર્ચાથી તો આત્માને



આનંદ થાય છે. તો પછી બિહારીજીને ધામધણી માનીએ શા માટે સેવા કરવી છતાં શ્રીજીનો આદેશ હોવાને કારણે તે કમને પણ સેવા કરતા. એથી સેવા બરોબર થતી નહીં. બિહારીજીને શંકા ગઈ કે રૂપાબાઈ મને ધામધણી તરીકે સ્વીકારતા નથી. શ્રીજીને પણ આ વાતની ખબર પડી પરંતુ, કોઈએ કોઈને કશું વ્યક્ત ન કર્યું બધું મનમાં જ રાખ્યું અને મતભેદ વધવા લાગ્યા.

અહીંથી બિહારીજી ખંભાલિયા ગયા અને શ્રીજી મંડઈ ગયા. બધા સુંદરસાથ નાવમાં બેસી ગયા. શ્રીજી નાવમાં બેસવા ગયા તો છીંક થઈ તેથી તેમણે સાથને કહ્યું કે તમે જાવ હું પાછળ આવું છું. ખંભાલિયાનો રાજા શ્રીજીથી દુશ્મનાવટ રાખતો હતો. જેવી નાવ ખંભાલિયા પહોંચી અને સુંદરસાથ ઉતર્યા કે તરત તેમને ગિરફતાર કરી લેવામાં આવ્યા. રાજા તેમાં શ્રીજીને શોધતો હતો પરંતુ તેમાં શ્રીજી ન હોવાથી બધાને બીજે દિવસે છોડી મુક્યા.

### :: સૂરતનું વૃતાંત ::

હવે શ્રીજી ત્યાંથી પહોંચ્યા. જે સુંદરસાથ ખંભાલિયા ધોરાજીમાં પકડાઈ ગયા હતા તે પણ, તેમને શોધતા શોધતા ધરોજી પહોંચી ગયા. પ્રેમજીભાઈને તેની ખબર મળતા જ તેઓ ગાડી લઈને આવી પહોંચ્યા અને બધાને તેમાં બેસાડીને ઘેર લઈ આવ્યા. અહીં દસ દિવસ રોકાઈને તેઓ ઘોઘા પહોંચ્યા ત્યાં ત્રણ દિવસ રોકાયા અને સુહાલી થઈને ફરી પાછા સૂરત આવ્યા. મોહનદાસજીની બાજુમાં જ શિવજી રહેતા હતા તેમણે પોતાને ઘેર શ્રીજીને રહેવાનો પ્રબંધ કર્યો. ચર્ચા પ્રારંભ થઈ. અહીં રામજીભાઈ પણ સાંભળવા આવતા હતા. શ્રીજીએ તારતમ જ્ઞાન દ્વારા શિવજી અને રામજી બંનેને પોતાના શિષ્ય બનાવ્યા અને પત્ર લખીને બંનેને બિહારીજી પાસે મોકલ્યા. શિવજીએ બિહારીજીના ચરણોમાં પ્રણામ કરીને પાંચ સોનામહોરો અર્પણ કરી તો તેઓ ખૂબ ખૂશ થઈ ગયા અને પોતાની પાસે સાથમાં સામેલ કરી દીધા. જ્યારે રામજીભાઈ ગરીબ હોવાના કારણે તેઓ કશું અર્પણ કરી શક્યા નહીં માત્ર પ્રણામ કર્યા તો તેમના પ્રણામ પણ ન સ્વીકાર્યા અને બેસવા પણ ન દીધા. તેઓ શ્રીજી પાસે પાછા આવ્યા અને પોતાની વાત કહીં સંભળાવી. શ્રીજીએ દુઃખી થઈને તેમને પોતાની સાથે રાખી લીધા.. બિહારીજીને આ વાતની ખબર પડી ત્યારે તેઓ ખૂબ નારાજ થયા કે હું જેને સાથમાંથી કાઢી મુકુ છું એને શ્રીજી રાખી લે છે અને મારો હુકમ માનતા નથી મેં ધારાભાઈને કાઢી મૂક્યા તો એમને પણ પોતાની પાસે રાખી લીધા.

આ વાત (બિહારીજીની નારાજગીની ) શ્રીજી એ જાણી ત્યારે તેમણે કહ્યં કે જે

લૂલા-લંગડા અને અસહ્ય સાથી છે એમને તો મારે (ઈન્દ્રાવતીની આતમે) ધામ પહોંચાડવાના છે.

એ જ વખતે અબાસી બંદરના ગોવર્ધનભાઈ ત્યાં આવ્યા અને તેમણે સુંદરસાથની સેવા પોતાના માથે લઈ લીધી. ચર્ચા પ્રારંભ થયો. અહીં ભીમભાઈ અને શ્યામજી ભટ્ટે પણ ચર્ચા સાંભળી અને અતિ પ્રસન્ન થયા. શ્યામજી ભટ્ટે ભીમભાઈને કહ્યું કે અહીં તો બધા જ ધર્મની ચર્ચા થાય છે. ભીમભાઈએ વિચારીને કહ્યું કે આ તો અક્ષર થી પારની વાતો પણ બતાવે છે. ચર્ચા સાંભળતાં - સાંભળતાં ભીમભાઈને પહેચાન થઈ, અને તેઓ શ્રીજીના ચરણોમાં આવીને સુંદરસાથની સેવાકરવા લાગ્યા. એ વખતે વલ્લભી માર્ગના ગોવિંદ વ્યાસજી પણ ચર્ચા સાંભળવા આવ્યા. વલ્લભી માર્ગવાળાઓએ ભાગવતને મળતી આવતી ચર્ચા સાંભળી તો તેઓ ખૂબ નવાઈ પામ્યા. તેમણે ચાલીસ પ્રશ્નો લખીને શ્રીજી પાસે તેનો જવાબ મંગાવ્યો તો શ્રીજીએ ગોવિંદભાઈ પાસે જ તેના ઉત્તરો અપાવ્યા. એ જોઈને વલ્લભી માર્ગવાળા તો વિચારતા જ રહી ગયા કે, એમના શિષ્ય પણ આટલા વિદ્વાન છે તો તેમના ગુરૂ કેટલા વિદ્વાન હશે ! આખરે એ બધા પણ શ્રીજીના ચરણોમાં આવી ગયા. માણેક અને ભગવાન પણ ચર્ચા સાંભળીને શ્રીજીના ચરણોમાં પ્રણામ કર્યા.

એજ સમયે બિહારીજીએ શ્રીજીને પત્ર લખીને જણાવ્યું કે તમે નીચ જાતિને તારતમ ન આપશો, વિધવા સ્ત્રી પણ તારતમની અધિકારીણી નથી અને ત્રીજી વાત એ છે કે તમારા અને મારા સિવાય કોઈએ કોઈને તારતમ ન આપવો. તમે ઉપરોક્ત બાબતનો અમલ શરૂ કરશો તો હું પણ અહીં તેનો અમલ શરૂ કરી દઈશ. આટલી વાતનું ધ્યાન રાખવાથી આપણો ધર્મ ઊંચો કહેવાશે.

શ્રીજીએ પત્ર વાંચીને તેના જવાબમાં બિહારીજીને જણાવ્યું કે હું જાત-પાતમાં માનતો નથી. આપણા સદ્‌ગુરૂ શ્રી દેવચંદ્રજી પણ તેનાથી પર હતા તો પછી આપણે શા માટે જાતિભેદ રાખવો ? ખોજીબાઈ મુસલમાન વિધવા સ્ત્રી હતી છતાં તેનામાં રહેલી રઈબાઈની વાસનાને ઓળખીને દેવચંદ્રજીએ તેને તારતમ આપ્યો જ હતો ને ? અને ત્રીજી વાત આટલા મોટા વિશાળ સંસારમાં હું અને તમે ક્યાં સુધી પહોંચી શકીશું. સમગ્ર સંસારમાં જે કોઈ જાગે તેણે જાગણી શરૂ કરવી જોઈએ. આ પત્રની સાથે શ્રીજીએ કલશ કિતાબ પણ બિહારીજી પાસે મોકલી.

પત્ર વાંચીને બિહારીજી નારાજ થઈને બોલ્યા કે હું આ કલશ કિતાબને નથી માનતો હવે તમારો અને મારો રસ્તો અલગ અલગ છે. મેં જે સાથને કાઢી મૂક્યા એને તમે શરણમાં લીધા મેં તમને આવા નહોતા ધાર્યા. આ વાત પર જ બંને વચ્ચે



મતભેદનો પાયો નંખાયો.

બિહારીજીનો પ્રત્યુત્તર વાંચીને શ્રીજીને અત્યંત દુઃખ થયું. બધા સુંદરસાથ પણ આ ઘટના વિશે અંદરોઅંદર ચર્ચા કરવા લાગ્યા. બધા કહેવા લાગ્યા કે આજ સુધી બિહારીજીએ એકપણ સુંદરસાથને જગાવ્યો હોય એવું બન્યું નથી જે કોઈપણ સુંદરસાથની જાણગી થઈ છે તે બધી જ શ્રીજી દ્વારા થયેલી છે તેથી સદ્‌ગુરૂ શ્રી દેવચંદ્રજી પણ તેમનામાં જ વિરાજમાન થયેલા છે અને જ્યાં સદ્‌ગુરૂ હોય ત્યાં જ ધામધણીની બેઠક હોય તે તન દ્વારા જ જાગણીનું કામ થતું હોય. આજ સુધી શ્રીજી બિહારીજીને ધામધણી તરીકે ઓળખાવીને બધા સુંદરસાથને તેમની સેવામાં મોકલી આપતા હતા પરંતુ, બન્યું એવું કે જે કોઈ સુંદરસાથ તેમની પાસે જતો તેનો ઈમાન ઊઠી જતો કારન કે સાથને ઉપર ઉપરની ચર્ચામાં રસ નહોતો. જ્યારે બિહારીજી તેનાથી આગળની ચર્ચા કરી શકતા જ નહોતા. (સદ્‌ગુરૂ, અને ધામધણીનો જોશ ઈન્દ્રાવતીની આતમમાં બિરાજમાન હતો) તેથી બધા સુંદરસાથ નક્કી કર્યું કે શ્રીજીને જ ધામધણી તરીકે સ્વીકારીને તેમને જ જાગણીનું કામ સોંપવું. અહીં સુરતથી મહેરાજ ઠાકુરને શ્રીજી તરીકે ઓળખી સૌએ શ્રી પ્રાણનાથજીની પૂર્ણ પહેચાન કરી અને આરતી ઉતારી. ભીમભાઈએ આગેવાની લઈને શ્રીજીને આ કામ સોંપી દીધું અને બિહારીજીને પણ તેની જાણ કરી દીધી, શ્રીજીએ બિહારીજીને પત્રમાં જણાવી દીધુ કે તમે મને સાથમાંથી કાઢી મૂક્યો છે પરંતુ, હવે સાથને જગાવવાનું કાર્ય મેંમારા માથે લઈ લીધુ છે.

આ જ વખતે લાલદાસજી ઠઠ્ઠાનગરની સુદામાપુર પહોંચ્યા ત્યાં તેમને ભીમજીભાઈ મળ્યા. બંનેએ શ્રીજીની ચર્ચા સાંભળીને તારતમ લીધો. એ વખતે વલ્લભી માર્ગવાળા ખૂબ પરેશાન કરતા હતા. નિંદા કરીને શ્રીજીના માર્ગમાં અવરોધ પેદા કરવાનો નિષ્ફળ પ્રયાસ કરતા પરંતુ, એમને ક્યાં ખબર હતી કે આ તો ધણીનું કામ છે અને શ્રીજીના તન દ્વારા ઈન્દ્રાવતીની આતમને પોતાનું નામ, જોશ આપીને પોતાનું કામ પોતે જ કરી રહ્યા છે. ગમે તેટલા અવરોધ આવે તો પણ ચર્ચા હંમેશા ચાલુ રહેતી એજ વખતે લાલદાસજીનાં કેટલાક જહાજ સમુદ્રમાં ડૂબી જવાથી તેમને ખૂબ નુંકશાન થયું. આ ઘટનાથી તેમનું મન માયામાંથી ઉઠી ગયું અને તેમણે પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી નૌતનપુરી જઈને બિહારીજીના દર્શન નહીં કરૂ ત્યાં સુધી અન્ન ગ્રહણ નહીં કરૂં. આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને તેઓ કેવળ ફળાહાર પર રહેવા લાગ્યા.

ત્યારબાદ શ્રી લાલદાસજી મંગરોલ આવ્યા. ત્યાંથી દીપ બંદર આવી પંદર દિવસ રોકાઈને ઘોઘા આવ્યા અને ત્યાંથી નાવમાં બેસીને સુરત આવ્યા. સંવત ૧૭૨૯માં આપની મુલાકાત શ્રીજી સાથે થઈ. તેમણે શ્રીજીને પ્રણામ કર્યા તો શ્રીજીએ

તેમને પ્રસાદ ગ્રહણ કરવા કહ્યું. લાલદાસજીએ કહ્યું કે મેં તો પ્રતિજ્ઞા કરી છે કે જ્યાં સુધી નૌતનપુરી જઈને બિહારીજીના દર્શન નહીં કરૂં ત્યાં સુધી અન્ન ગ્રહણ નહીં કરૂં. શ્રીજીએ કહ્યું કે તમારી પ્રતિજ્ઞા પૂર્ણ થઈ ગઈ છે તમે ચિંતા ન કરો.

જે રીતે મહંમદ સાહેબે મક્કાને જીતવા માટે અબુતાલિબ અને તેના સાથીઓ રૂપી દજ્જાલ સાથે લડાઈ કરી હતી અને વિજય પ્રાપ્ત કરીને મદીના આવ્યા હતા. એ પ્રમાણે શ્રીજી સાહેબે સુરત (મદીના) નૌતનપુરીની ગાદી સ્વરૂપનો ઝંડો પોતે અખત્યાર કર્યો.

કુરાનમાં પરમધામની બધી હકીકત વર્ણવેલી છે. રસુલ મહંમદ પરધામથી આ હકીકત રૂપી કાગળ (કુરાન) લાવ્યા છે. તેના બાતૂની ભેદ દ્વારા બધી વાતો લખાઈ છે. સુન્નત જમાતવાળા કહે છે કે શ્રીજી પર રાજજીની અનેક ગણી મહેરબાની છે. તેમની મહેરથી જ ઈન્દ્રાવતીની આતમ શ્રીજીનું તન ધારણ કરીને સૌની આગેવાન સખી બની છે. અર્શ-પરમધામથી જે સખીઓ અહીં ઉતરી તે પહેલાં વ્રજમાં પછી રાસમાં ગઈ અને ત્યાંથી તેમની માયારૂપી ખેલ જોવાની ઈચ્છા પુરી ન થતા આ ત્રીજા બ્રહ્માંડમાં આવી આ બધી સખીઓને તેમજ સાકુંડલ અને સાકુમારને જગાવવા માટે દેવચંદ્રજીના તનમાં શ્યામા મહારાણી અને શ્રીજીના તનમાં શ્રી ઈન્દ્રાવતીની આતમ તેમજ ધણીની પાંચે શકિતઓ અવતરીત થઈ છે. દેવચંદ્રજીએ બોલાવીને કહ્યું કે તમે દજ્જાલને મારીને સૌને આત્મ-પહેચાન કરાવીને એક રાહ પર લાવો. વેદ-પુરાણોની સાક્ષી આપીને તેમને સમજાવો. દેવચંદ્રજી ઈશા રૂહલ્લા હજાર મહિના સુધી સાથને હકીકત સમજાવીને સ્વંયની નિજસ્વરૂપની પહેચાન કરાવવા માટે દજ્જાલ સાથે લડતા રહ્યા. તેમનાથી પણ વધારે કઠીનાઈઓનો સામનો શ્રીજીને કરવો પડ્યો.

## :: શ્રી કેશવદાસની જાગણી અને મેરતાની બિતક ::

શ્રીજી સુરતથી અમદાવાદ આવીને ચાર દિવસ રોકાયા. ત્યારબાદ સિધ્ધપુરમાં બાવીસ દિવસ રોકાયા. ભગવાન ઉપાધ્યાયનું બીજુ નામ રેવાદાસ હતું. શ્રીજી જ્યારે પાલનપુર ગયા ત્યારે તે પાલનપુર જઈને શ્રીજીને મળ્યા. શ્રીજીએ તેને એક સોનામહોર આપી તો તેને લાલચ થઈ ત્યારે ગોવર્ધને કહ્યું કે તું આમની પાસે શું માંગી રહ્યો છે ? એમની પહેચાન કર કે તે કોણ છે ? કંઈક અલૌકિક વસ્તું માંગ કે જેથી તારા જીવનું કલ્યાણ થાય અને તારો બેડો પાર થઈ જાય. તે શ્રીજીના ચરણોમાં આવ્યો અને કહ્યું કે મને મારા આત્માની પહેંચાન કરાવો. શ્રીજીએ તેને કહ્યું કે વ્રજ અને રાસમાં આપણે જ આવ્યા છીએ. જમુના, તાલ, ઘાટ અને અક્ષરનું ધામ બધુ યાદ કરો. આ વાત સાંભળીને તે ઘેર આવ્યો છ મહિના સુધી તે આ વિશે કશું જ બોલ્યો નહીં કે કોઈને કશું જ કહ્યું નહીં. એક દિવસ વાત-વાતમાં તેમણે તેમના મિત્ર કેશવ ભટ્ટને ઉપરોક્ત ચર્ચા સંભળાવી અને કહ્યું કે એક મહાત્મા અહીંયા આવ્યા હતા તેમની પાસેથી મેં આ વાતો સાંભળી હતી. ત્યારે કેશવ ભટ્ટે તેમને કહ્યું કે અરે તમે એમને ઓળખ્યા નહીં ? એ તો સ્વયં અક્ષરાતીત ધામધણી હતા ! તરત જ કેશવ ભટ્ટ તેમને શોધતા શોધતા દિલ્હી પહોંચ્યા અને ત્યાં તેમની મુલાકાત શ્રીજી સાથે થઈ. ત્યાં તેમણે તારતમ લીધો અને સિધ્ધપુર પાછા આવ્યા. દિલ્હીથી મેરતા જતી વખતે શ્રીજીએ ૧૦ દિવસ સુધી લાભાનંદ જતી સાથે ચર્ચા કરી. તેણે પોતાના મંત્રા દ્વારા શ્રીજીને પરાસ્ત કરવાના અનેક પ્રયાસ કર્યા પરંતુ, સફળ ન થતા અંતે હતાશ થઈને તેણે મૌન ધારણ કર્યું. અહીં શ્રીજી એક હવેલીમાં રોકાયા હતા. ચર્ચાનો દોર શરૂ થતા જ સમગ્ર શહેરમાં શોર મચી ગયો. અહીં રાજારામભાઈ, જાજંનભાઈ તથા મકરંદભાઈ જેવા અનેક સુંદરસાથ જાગ્રત થયા. અહીં શ્રીજીએ બે પત્ર લખીને રાજા જસવંતસિંહને ગોવર્ધનભાઈ દ્વારા પહોંડ્યા. પરંતુ તેમનામાં ધ્યાન ન આપ્યું. મેરતામાં તેઓ ચાર મહિના રોકાયા. એક દિવસ મસ્જિદમાં મુલ્લો બાંગ પોકારી રહ્યો હતો તે સાંભળીને શ્રીજી ચાલતા-ચાલતા ઊભા રહી ગયા.

'લા ઈલ્લાર ઈલ્લલાહુ મહંમદ રસૂલ અલ્લાહ'

આ શબ્દોનો અર્થ તેમણે કર્યો તો 'લા' એટલે કશું જ નહીં અને 'ઈલ્લાહ' એટલે હક, પરમાત્મા આ તો અક્ષર અને અશ્રરાતીતની વાતો છે. દેવચંદ્રજીએ પણ કહ્યું હતું કે મહંમદ સાહેબ કુરાનરૂપી સંદેશો લાવ્યા છે. તેમાં પણ આપણી બધી વાતો છે. તેમણે સાકુંડલ અને સકુમારને જગાડવાનો આદેશ આપ્યો હતો. શ્રીજીએ લાલદાસજીને આ વાત કહી અને કહ્યું કે ચાલો અહીંના બાદશાહ સાથે મુકાલાત કરીએ કદાચ તે ઈમાન લાવે તો આપણું કામ આસાન થઈ જાય. આમ વિચારીને તેઓ દિલ્હી પહોંચ્યા. અહીં ઠટ્ટાનગરથી પણ ઘણા સુંદરસાથ આવ્યા હતા. સુરતમાં મુકુંદદાસજીએ તારતમ લીધો અને તેઓ પણ શ્રીજી પાસે આવ્યા. થોડા દિવસમાં ગોવર્ધનભાઈ આવી પહોંચ્યા. સૈયદની હવેલીમાં છ મહિના રહ્યા બાદ શ્રીજી લાલદરવાજા નજીક આવીને રોકાયા. ત્યાં તેમણે તથા લાલદાસજીએ મળીને ખૂબ મહેનત કરીને બાદશાહને આપવા માટેનો પત્ર તૈયાર કર્યો. જેમાં બાવીસ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. પત્ર તૈયાર થયા બાદ તેઓ લાલદરવાજાની ક્ષત્રિય હવેલીમાં બેઠા બેઠા વિચારવા લાગ્યા કે, આ પત્ર પહોંચાડવો કેવી રીતે ? એવામાં આશાજીતે આવીને શ્રીજીને પ્રણામ કર્યા. શ્રીજીએ આશાજીને કહ્યું કે આ બાદશાહ તો હિંદુઓનો કટ્ટર દુશ્મન છે. એ તો હિંદુઓનું મોં પણ નથી જોતો તો પછી હિન્દી ભાષામાં લખાયેલો આ પત્ર તે કેવી રીતે વાંચશે ? શ્રીજી બેં મહિના સુધી આ અંગે વિચારતા

રહ્યા. છેવટે તેમને લાગ્યું કે બેસી રહેવાથી કામ નહીં ચાલે હવે તેને કાનોકાન સંદેશ સંભળાવવીને સકુમારને જગાડવી પડશે.

સુરતથી આવેલા લક્ષ્મીદાસ ઉપર શ્રી રાજજી મહારાજની જાહેર મહેર હતી. ધામધણી તેમને દર્શન આપીને ભોજન કરવા પણ આવતા હતા. લક્ષ્મીદાસને આ વાતનો ખૂબ ઘમંડ થયો. તેમણે બધા સુંદરસાથને કહ્યું કે હું વચન આપું છું કે આજથી આઠમા દિવસે સકુમાર બાઈની વાસનાને જગાવી લાવીશ અને શ્રીજીની બાજુમાં બેઠક ગ્રહણ કરીશ. મારા પર શ્રી રાજજી મહારાજની મહેર છે તેથી હું આ કામ અવશ્ય પૂર્ણ કરીશ.

આમ, વચન આપ્યા પછી પણ તેઓ શ્રીજીની બાજુમાં જ બેસવા લાગ્યા ત્યારે શ્યામજી ભીમે તેમણે ટોણો મારીને કહ્યું કે તમે તો કહેતા હતાને કે જ્યારે સકુમારબાઈને જગાવી લાવશો ત્યારે જ શ્રીજીની બાજુમાં બેઠક ગ્રહણ કરીશ. તેમણે શરમ આવી અને તેઓ શ્રીજીશ્રી દૂર બેસવા લાગ્યા. આઠ દિવસ પૂરા થતા જ ધામધણીએ તેમને દર્શન આપ્યા તો લક્ષ્મીદાસે કહ્યું કે, ધણી મારી આ ઈચ્છા પૂર્ણ કરો ત્યારે શ્રી રાજજી મહારાજ કંઈપણ બોલ્યા વિના અંતર્ધાન થઈ ગયા.

શ્રીજી હવે દિલ્હીથી શારજહાંપુર પહોંચ્યા. એ વખતે અહીં પ્લેગ ફેલાયો હતો. દરરોજ કેટલાય સાથને શ્વાસ છોડવો પડતો હતો. તે જોઈને શ્રીજીએ આ વિપત્તિ દૂર કરવા માટે શ્રી યુગલસ્વરૂપનું ધ્યાન ધર્યું અને સાથની રક્ષા કરી.

હવે શ્રીજીએ ઔરંગઝેબને સંદેશો મોકલવા માટે ભીમજી અને લાલદાસજીને મોકલ્યા. તેઓ દિલ્હી પહોંચી ગયા ત્યારે શ્રીજીને જબરાઈલનો જોશ આવ્યો. અને કહ્યું કે હમણાં ન મોકલો તમારૂં કાર્ય સિધ્ધ નહીં થાય. ત્યારે શ્રીજીએ ચિટ્ઠી લખીને કાનજીભાઈને તેમની પાસે મોકલીને કહ્યું કે અત્યારે આ કામ નહીં થાય તેથી રહેવા દો હું આવી જાઉ પછી વિચારીએ કે આગળ શું કરવું ? અહીં એક મહિનો રોકાઈને તેઓ હરદ્વાર પહોંચ્યા.

### :: હરદ્વારના કુંભમેળાનો પ્રસંગ ::

સંવત ૧૭૩૫માં શ્રીજી હરદ્વાર પહોંચ્યા ત્યારે શાલિવાહનના સોળસો શાકા પૂરા થઈને વિજ્યાભિનંદના શાકા શરૂ થવાની હતા. અહીંના કુંભમેળામાં ષટદર્શની દશનામ સંન્યાસી, તથા ચાર સનાતન ધર્મના સંપ્રદાયના આચાર્યો, ચાર વર્ણ, ચાર આશ્રમ તેમજ દરેક ધર્મના લોકો એકઠા થયા હતા.

બધાએ શ્રીજીને જોયા તો તેમનો પોશાક જોઈને તેઓ વિચારવા લાગ્યા કે



આમને જોઈને તો નક્કી જ નથી કરી શકાતું કે તેઓ ક્યા ધર્મ છે ? શ્રીજીની અલગ વેષભુષા અને તિલક સૌથી અલગ હતી, જેથી તેમના વિષે નિર્ણય ન થઈ શક્યો કે ક્યા ધર્મ કે સંપ્રદાયના છે. દરેકની કોઈને કોઈ ઓળખ તો જરૂર હોય જ ! ત્યારે શ્રીજીએ કહ્યું કે તમારો ધર્મ તો ઘણો પ્રાચીન છે માટે ક્રોધ અને અહંકારનો ત્યાગ કરીને મને તેની માહિતી આપો.

ત્યારે રામાનુજ સંપ્રદાયના લોકોએ શરૂઆતથી માંડીને અંત સુધી પોતાના ધર્મનો પરિચય આપ્યો. શ્રીજીએ તેમને કહ્યું કે તમારા કહેવા પ્રમાણે જો જગત નાશવંત છે અને પ્રલયની અંદર પિંડ-બ્રહ્માંડ બધાનો લય થઈ જાય છે તો પછી જીવ ક્યાં રહે છે ? આ પ્રશ્નનો ઉત્તર આપી શક્યા નહીં અને ચૂપ થઈ ગયા.

ત્યારબાદ નિમ્બાર્ક સંપ્રદાયના આચાર્યએ પોતાનો પરિચય આપ્યો. શ્રીજીએ તેમને કહ્યું કે તમારી કેટલીક વાતો સંસારની અંદરની છે જ્યારે કેટલીક વાતો સંસાર બહારની ! તમે તો સાર અને અસાર બંનેને એક કરી નાખ્યાં છે સત્ગુરૂ વિના તમને તે કોઈ અલગ નહીં કરી આપી શકે. આ સાંભળીને તેઓ પણ મૌન થઈ ગયા.

હવે વિષ્ણુ શ્યામ સંપ્રદાયવાળા સંતોની વાત સાંભળીને શ્રીજીએ કહ્યું કે તમારો સંપ્રદાય તો બધી વાતો સંસારની અંદરની જ કરે છે તો પછી જ્યારે પ્રલયમાં જગનો નાશ થઈ જાય છે તો તમારો સંપ્રદાય ક્યાં રહે છે ? તેમણે પણ પોતાની હાર સ્વીકારી લીધી.

માધ્વાચાર્ય સંપ્રદાયના સંતોએ પોતાના સંપ્રદાયની સંપૂર્ણ માહિતી આપી તો શ્રીજીએ તેમને કહ્યું કે તમારી બધી વાતો પણ સંસાર અંદર જ સીમિત છે. જ્યારે વેદ તો કહે છે સંસાર એક ભ્રમ છે તો પછી મુક્તિ ક્યાંથી મળે છે ? તેમની પાસે પણ શ્રીજીના પ્રશ્નોનો જબાબ ન હોવાને કારણે તેઓ ચૂપ થઈ ગયા. ત્યારબાદ દશનામ સંન્યાસીઓએ પણ પોતાનો પરિચય આપ્યો.

ષટદર્શન શાસ્ત્રીઓએ પોતાની પધ્ધતિ બતાવી તો શ્રીજીએ તેમને સવાલ કર્યો કે તમે દુઃખની એકવીસ સીડીઓ બતાવી છે તો પછી સુખની સીડી કઈ છે ? તમારા મત મુજબ સૂક્ષ્મ સ્વરૂપ કાયમ રહે છે અને સ્થૂલનો નાશ થાય છે તો આ એકવીસ સીડીઓમાં સૂક્ષ્મનો વાસ ક્યાં થાય છે ?

આ સાંભળીને મીમાંસાવાળાએ કહ્યું કે કર્મ પ્રધાન છે ઈશ્વર, જીવ બધા જ કર્મના રૂપ છે ત્યારે શ્રીજીએ કહ્યું કે કર્મ એક અલગ જ વસ્તુ છે. બ્રહ્મ અખંડ છે જેનામાં કર્મ ઉત્પન્ન થાય છે અને નાશ થાય છે તેમાં સ્થિરતા નથી હોતી.

આ પ્રમાણે શ્રીજીએ બધા જ દર્શનિયોના મતોનું ખંડન કર્યું ત્યારે બધા પોત-પોતાના સંપ્રદાયોના જ્ઞાનની સીમિત મર્યાદા જોઈને પોતાની હાર સ્વીકારી લીધી.

એ બધાએ ભેગા થઈને શ્રીજીને તેમના ધર્મનો પરિચય આપવા જણાવ્યું.

### :: શ્રીજીનો જવાબ ::

શ્રીજીએ હરિવંશ પુરાણનો એક પ્રસંગ ટાંકીને કહ્યું કે જ્યારે વ્યાસજીએ રાજા જનમેજયને કહ્યું કે બ્રહ્મ સ્વરૂપ મુનિ પ્રગટ થશે ત્યારે વ્યાસજીએ તેમને કહ્યું કે શું આપ બ્રહ્મ સ્વરૂપ મુનિ નથી ? વ્યાસજીએ તેમને કહ્યું કે તેઓ હજુ પ્રગટ નથી થયા. તેઓ કળિયુગમાં પ્રગટ થશે અને આખો સંસાર તેમની પૂજા કરશે. શ્રીજીએ કહ્યું કે આ વાતનું પ્રમાણ ભાગવત તેમજ અન્ય શાસ્ત્રોમાં પણ આપેલું છે જો કોઈને સમજવાની ઈચ્છા હોય તો સમજાવું. ત્યારે તે લોકોએ કહ્યું કે જેવી રીતે અમે અમારા સંપ્રદાયનો સંપૂર્ણ પરિય આપ્યો તેવી રીતે તમે પણ તમારા સંપ્રદાયની સંપૂર્ણ પધ્ધતિ દર્શાવો. શ્રીજીએ કહ્યું કે હું તમારા દરેક પ્રશ્નોના એક-એક કરીને ઉત્તર આપુ છું તે તમે ધ્યાનથી સાંભળો અને વિચારો માત્ર કહેવા ખાતર ઉપર-ઉપરની વાતો નથી કરતો પરંતુ, વેદ અને પુરાણોની સાક્ષી આપીને કહું છું.

### :: નિજાનંદ સંપ્રદાયની પધ્ધતિ ::

અમારા સદ્દગુરૂ શ્રી દેવચંદ્રજી બ્રહ્માનંદ છે. સૂત્ર અક્ષરરૂપ છે અમારી શિખા અક્ષરથી પણ પાર અક્ષરાતીત છે. અમે ઉત્તમ પુરુષ કે જેને પુરુષોમાં ઉત્તમ પુરુષોત્તમ અને ગીતામાં જે ત્રીજા પુરુષની વાત થઈ છે તે ત્રીજા ઉત્તમ પુરુષનું સેવન કરીએ છીએ. અમારૂ ગોત્ર ચિદાનંદ છે. અમારી ઈષ્ટ પરમ કિશોરી શ્રી શ્યામાજી છે અમે પતિવ્રતા ભાવથી સેવા કરીએ છીએ. યુગલ કિશોર અમારો જાપ છે અને તારતમ અમારો મંત્ર છે. બ્રહ્મવિદ્યા જ અમારી દેવી છે અને અમારી પુરી નૌતમ છે. ૧૦૮ પક્ષ અમારી શાખા છે. ગોલોક અમારી શાળા છે અને સદ્દગુરૂના ચરણ જ અમારૂં ક્ષેત્ર છે. મહાવિષ્ણુ અમારા ઋષિ છે. જમુનાજી અમારૂં તીર્થ છે અને ભાગવત એ અમારૂ શાસ્ત્ર છે કારણ કે ભાગવતમાં જ બ્રહ્મમુનિઓ ના અવતરણનો સંદેશો છે. બ્રહ્મમુનિ અને અક્ષરાતીતના છુપા ભેદ, બાતૂની વાતો બધુ જ ભાગવતમાં છે. તે અમારા સંદેશા સ્વરૂપ હોવાથી તે સાક્ષી માટે શ્રવણીય છે. દિવ્ય બ્રહ્મપુર અમારૂં ધામ છે. અક્ષરાતીતનું ધામ જ અમારૂં નિવાસસ્થાન છે, અમારૂં ઘર છે. અમારો સંપ્રદાય નિજાનંદ છે. સદ્દગુરૂશ્રી દેવચંદ્રજીએ નિજાનંદ સંપ્રદાયનો પ્રારંભ કર્યો છે.

શાસ્ત્રો અને વેદ-પુરાણોની સાબિતીઓ જોઈને બધાને વિશ્વાસ થયો કે દરેક ધર્મમાં જે એક પરમાત્માની અવતરણની વાત કહેવામાં આવી છે તે આ જ છે. ત્યારબાદ બધાએ તેમને સહર્ષ વિજયાભિનંદ બુદ્ધનિષ્કલંક અવતાર તરીકે સ્વીકારીને તેમનો જયઘોષ કર્યો.



### :: ઔરંગઝેબને સંદેશો ::

ત્યારબાદ શ્રીજી દિલ્હી આવીને બધા સુંદરસાથને મળ્યા અને ચાર મહિના બાદ પોતાની સાથે જે સુંદરસાથ હતા તે બધાને અનુપ શહેરમાં મુકીને દિલ્હી પાછા આવ્યા. દિલ્હીના શાહજહાં મહોલ્લામાં રહીને તેમણે અહીંના સુંદરસાથ સાથે વાતચીત કરી કે, બાદશાહ સુધી કેવી રીતે પહોંચવું ? તેઓ લાલદરવાજા આવ્યા અને ત્યાં આશ્રજીતને બોલાવીને કલમો સંભળાવી, તેમાં મોહંમદ સાહેબ નબી નારાયણની થોડીક પહેચાન બતાવવામાં આવી હતી તે સાંભળીને આશાજી તને કહ્યું કે ઔરંગઝેબ તો શરીયતનો ખૂબ પાક્કો છે શા માટે તમે એની સાથે લડાઈમાં પડો છો ?

ત્યારે સ્વામીજી તેને છોડી દઈને શેખ સુલેમાન પાસે ગયા અને કહ્યું કે મને બાદશાહ સાથે મુલાકાત કરાવી આપો. એના દિલમાં કોઈક પ્રલોભન થયું. સ્વામીજીએ કહ્યું કે ગુફામાં એક ફકીર રહે છે તેમણે મને મોકલ્યો છે. જો તમે તેમની પાસે જશો તો તમારી બધી મનોકામના પૂર્ણ થશે અને તમારી ઈચ્છા હશે તો તમે ખુદાના દર્શન પણ કરી શકશો. તમારા પર તેમની એવી કૃપા થશે કે બધા તમારા પગે પડશે. આ સાંભળીને શેખ સુલેમાને ડર લાગ્યો કે ક્યાંક એ ફકીર બાદશાહનુ રાજ્ય તો નહીં છીનવી લે ને ? ત્યારે શ્રીજીએ કહ્યું કે જે મનુષ્ય ખુદાના બંદા થઈ જાય છે તેને દુન્યવી ચીજોનું કશુ કામ નથી હોતું. આ બધી વાતોથી સુલેમાનના દિલમાં શંકા ઉપજી. તેથી સ્વામીજીએ વિચાર્યું કે હવે આનાથી કામ નહીં થાય આને પણ છોડવો પડશે.

લાલદરવાજાની હવેલીમાં રહીને જ સ્વામીજીએ લાલદાસજી અને ગોવર્ધનને કુરાનની હકીકત જાણવાનો આદેશ આપ્યો. તેમણે તેમને કહ્યું કે તમે લોકો જઈને અહીંના મુલ્લાને મળીને એમને પૂછો કે કુરાનમાં શું લખેલું છે ? મુલ્લાની વાતો પરથી સમજાયું કે, આમાં તો બધી પરમધામની વાતો છે તે સાંભળી લાલદાસજીનો કુરાન પરનો વિશ્વાસ દૃઢ થયો. જ્યારે ગોવર્ધનને બીક લાગી કે ક્યાંક બાદશાહ સાંભળી લેશે તો મોટી આફત આવી જશે. બંને વચ્ચે થોડી ચડભડ થઈ ગઈ. ગોવર્ધનભાઈ પહેલાં આવીને શ્રીજી સાથે વાતો કરવા લાગ્યા. લાલદાસજીએ પાછળથી આવતા તે સાંભળી લીધી, તો આવીને તેમણે ગોવર્ધનને ટોણો મારવા માટે સ્વામીજીને કહ્યું કે અમે જ્યારે તમારા પાસે હોઈએ છીએ ત્યારે તો અમારો ઈમાન અટલ હોય છે. અને જેવા તમારાથી દૂર થઈએ છીએ કે ઈમાન લથડવા લાગે છે. આ સાંભળીને ગોવર્ધનભાઈ નારાજ થઈને સ્વામીજીને કહેવા લાગ્યા કે આ બધી વ્યંગાત્મક ભાષા મારા માટે કહેવાઈ રહી છે. શ્રીજીને બંનેની વાતો સાંભળીને શ્રી રાજજી મહારાજનું ધ્યાન કર્યું કે હવે આગળ શું કરવું ? ત્યારે શ્રીજીને જોશ આવ્યો અને તેમને થયું કે

આ બંનેને કંઈક કાર્ય સોંપીને અહીંથી દૂર મોકલી દેવા જોઈએ.

લાલદાસજીને લખવાનું કામ સોપ્યું અને મુકુંદદાસજીને તારતમ જાહેર
કરવાનું કામ સોંપીને ઉદેપુર મોકલી દીધા. ગોવર્ધન અને ભીમને સૂરત મોકલીને
શ્રીજી અનુપ શહેર પહોંચ્યા. એ વખતે અષાઢ મહિનામાં જોરશોરથી વરસાદ
વરસી રહ્યો હતો. તે સમયે શ્રીજીની તબિયત લથડી અને તેઓ લાલબાઈ અને
અન્ય સુંદરસાથ રડવા લાગ્યા. ત્યારે ધામ જવાનો સમય નથી થયો. જ્યારે મારો
ધામ જવાનો સમય થશે ત્યારે તમને બધાને અગાઉથી જ જણાવી દઈશ.

આ વખતે શ્રીજીને જોશ આવ્યો અને સનંધની ૩૪ ચોપાઈઓ ઉતરી. એમાં
બધી જ વાતો કુરાનની હતી. સુંદરસાથ અત્યંત ખુશ થયા. સ્વામીજીએ શેખબદલને
કહ્યું કે, તમે દિલ્હી જઈને બાદશાહને આ સનંધો સંભળાવો. એ દિવસે ઈદ હોવાથી
બધા મુસ્લીમો મસ્જિદમાં હતા. શેખબદલ દરવાજે ઉભા રહીને સનંધો ગાવા
લાગ્યા તો એકાદ જણે તેમને કહ્યું કે તમારી વાત તો સાચી છે પરંતુ, તે હિન્દીમાં
હોવાથી કોઈ તેને માનશે નહીં. ત્યારબાદ તેઓ ગનીબેગની હવેલીમાં આવીને ગાવા
લાગ્યા ત્યારે એક સૈયદે તેમને કહ્યું કે અહીંના બાદશાહ હિન્દુઓથી નફરત કરે છે
તો પછી શા માટે હાથે કરીને તારા પગ પર કુહાડો મારવાનો પ્રયાસો કરે છે, જેલ
ભેગો થઈ જઈશ. આ બાબતે બંને વચ્ચે બોલાચાલી થઈ ગઈ. ચાર દિવસ પછી
શ્રીજી દિલ્હી આવીને શેખબદલને મળ્યા તો તેમણે કહ્યું કે મેં બહુ પ્રયત્ન કર્યા પરંતુ,
કોઈએ એના તરફ ધ્યાન ન આપ્યું. એકાદ-બે જણે કહ્યું કે આ હિન્દીમાં હોવાથી
બાદશાહ તેને સ્વીકારશે નહીં. ત્યારે શ્રીજીએ લાલદાસજી અને ગોવર્ધનને શેખ
સુલેમાન પાસે બાદશાહ સાથે મુલાકાત કરાવી આપવાનું કહેવા મોકલ્યા. શેખ
સુલેમાને વાયદો તો કર્યો પરંતુ, પાછળથી તે ગલ્લા-તલ્લા કરવા લાગ્યો કે આજ
નહીં કાલ. તમે તમારો પહેરવેશ બદલીને આવો વગેરે તેથી થાકીને તે બંને શ્રીજી
પાસે પાછા આવ્યા અને કહ્યું કે આ સનંધોને આપણે ફારસીમાં લખાવીએ. આનકામ
માટે એક મુલ્લાને બોલાવવા દયારામભાઈ ગયા અને થોડીક રકઝક કરીને પણ
મુલ્લાને લઈ આવ્યા. ફારસીમાં લખવાનું શરૂ થયું. તેમાં શેખજી મીરાજીનો કિસ્સો
લખવામાં આવ્યો અને રૂક્કા તૈયાર કરીને બધી જગ્યાએ પહોંચાડવામાં આવ્યા.
બાદશાહના માણસો પાસે પણ પહોંચ્યા છતાં, તેનાથી પણ કોઈ ફાયદો ન થયો.
એવામાં સુરતનો એક સોદાગર શ્રીજીને મળ્યો. તેણે કહ્યું કે મારી પાસે દજ્જાલનામુ
છે. હું તમને આપીશ. લાલદાસજી તે લેવા ગયા તો તેણે બહાનાબાજી શરૂ કરી
દીધી. બે-ચાર દિવસ પછી કહેવા લાગ્યો કે મારી પાસે દજ્જાલનામું નહીં પણ
તફસીર હુસૈની છે. લાલદાસજી એ તેને પૂછયું કે એમાં શું લખેલું છે તો તેણે કહ્યું



કે એમાં કુરાનનો અર્થ ફારસી ભાષામાં લખેલો છે. લાલદાસજીએ શ્રીજીનેઆવીને આ વાત કરી તો શ્રીજી એ તે પુસ્તક લઈ આવવા કહ્યું. લાલદાસજી ચાર દિવસ સુધી આ પુસ્તક લેવા રખડ્યા પણ તેણે આ પુસ્તક પણ ન આપ્યું અંતે થાકીને તેઓ પાછા આવ્યા. આખરે દયારામભાઈના પ્રયાસથી 'તફસીર હુસૈની' મળી. મુલ્લાને બોલાવીને શ્રીજીએ તે પુસ્તક વંચાવ્યું તો તેમના આનંદનો પાર ન રહ્યો. તેમણે કહ્યું કે આમાં તો બધી આપણા ઘરની જ વાતો છે. અનહદ આનંદના કારણે તેઓ ચર્ચામાં એટલા મગ્ન થઈ ગયા કે ત્રણ દિવસ સુધી તેઓ પલંગ પરથી ઉઠ્યા સુધ્ધા નહીં. તેમણે દરેક જગ્યાએ આ સંદેશો (કુરાનમાં આપણા ઘરની વાતો છે) પહોંચાડવાનો આદેશ આપ્યો. જેથી દરેક જગ્યાએ પત્રો મોકલવામાં આવ્યા.

તે સમયે નૌતનપુરીથી પ્રેમદાસ, નાગજી અને સંગજી દિલ્હીમાં શ્રીજી પાસે આવી પહોંચ્યા. ત્યારે શ્રીજી ચર્ચા કરી રહ્યા હતા તેમાં મહંમદ સાહેબ સિવાય અન્ય કોઈ નામ આવતું ન હતું. બહાર ઉભા-ઉભા ચર્ચા સાંભળ્યા બાદ તેઓ શ્રીજી પાસે આવ્યા ત્યારે તે લોકોએ પુછયું કે તમે આપણી ચર્ચામાં મહંમદ નામનું વારે-વારે શા માટે લો છો ? શ્રીજીએ તેનો ખુલાસો કરતા કહ્યું કે જે વાત મહંમદ સાહેબે કહી છે તે જ વાત આપણા સદ્‌ગુરૂશ્રી દેવચંદ્રજીએ કહી છે. ત્યારે એ લોકોએ કહ્યું, અમે લોકો તો હજુ ગફલતમાં જ હતા. મોમિનોની ચર્ચા સાંભળીને પહેચાન થઈ. અહીં બાવીસ દિવસ રોકાયા બાદ નાગજી અને સંગજી નૌતનપુરી પાછા ફર્યા. જ્યારે પ્રેમદાસ શ્રીજી પાસે જ રોકાઈ ગયા. બિહારીજી પાસે આવીને તેમણે કહ્યું સ્વામીજીની ચર્ચામાં તો સાક્ષાત દેવચંદ્રજી બિરાજમાન થાય છે. એ સાંભળીને બિહારીજી નારાજ થઈને બગીચામાં જઈને બેસી ગયા. પેલા લોકોએ બહુ સમજાવ્યા કે અમે ભૂલથી કહી દીધું પરંતુ, તેઓ ને માન્યા અને ત્રણ દિવસ સુધી તેમણે કોઈની સાથે વાત પણ ન કરી.

ત્રણ દિવસ બાદ ઘણી સમજાવટથી તેઓ માન્યા ત્યારે પેલા લોકોએ ત્યાંની સઘળી હકીકત કહી અને એ પણ કહ્યું કે અમે તો બધે ચિઠ્ઠીઓ પણ આપી આવ્યા છીએ કે કુરાનમાં આપણી વાતો છે. ત્યારે બિહારીજીએ ફરીથી ચિઠ્ઠીઓ લખાવી કે શ્રીજી સાહેબ ઉપર કોઈ ઈમાન ન લાવશો પહેલાં જે ચિઠ્ઠી આપવામાં આવી હતી તે ખોટી હતી.

રોહિલ્લાખાન પાસે બેસીને શ્રીજી અને મોમિનો વિચારવા લાગ્યાકે હવે શું કરવું જોઈએ ? મોમિનોએ કહ્યું કે અમે ખૂબ પ્રયત્નો કર્યા, રિજવી ખાન, શેખ નિજામ, શેખ ઈસ્લામ, સિદ્દીપોલાદ વગેરે જેઓ બાદશાહના ખાસ માણસો છે તેમના ઘેર ગયા પરંતુ તેમને કશું સમજાયું નહીં. ત્યારે શ્રીજીએ કહ્યું કે આપણું કામ

તો માત્રે પૈગામ પહોંચાડવાનું છે. ઈમાન લાવવો ન લાવવો એ લોકોની મરજી. જે ઈમાન લાવશે એને જ ફાયદો થશે. તેથી બાદશાહ પાસે પૈગામ પહોંચાડવો તો જરૂરી છે. શ્રીજીએ કયામતના બધા નિશાન લખેલા પાંચ પત્રો તૈયાર કરાવ્યા. આ પાંચેય રૂક્કાઓમાં ક્યામતના સાતેય નિશાન તેમજ કુરાનની હદીસો પણ લખવામાં આવી હતી આ પાંચેય રૂક્કા કાનજીભાઈ દ્વારા બાદશાહના માણસો શેખ ઈસ્લામ, રજવી, શેખ નિજામ, આકલખાન અને સીદી પૌલાદ પાસે મોકલવામા આવ્યા. પરંતુ, પાંચમાથી કોઈએ આ પત્રનો જવાબ આપ્યો નહીં.

ફરીથી બધા મળીને વિચારવા લાગ્યા કે હવે શું કરવું ? બધાએ નક્કી કર્યું કે જ્યાં દરબાર ભરાય છે તેના ગુસલખાનામાં પત્ર ચોંટાડી દેવો. જેથી દરબારમાં જનાર લોકો ત્યાં ચિટકાવેલો પત્ર વાંચીને જ દરબારમાં જઈ શકે. રાતના સમયે નંદલાલ ઘડિયાલચીએ મોકો જોઈને દરબારના ગુસલખાનામાં (પ્રવેશદ્વારનો તરત જ નજરે પડેલો ભાગ) બધાની નજર પડે તે રીતે ઉપર જ ટુકડો ચિપકાવી આવ્યા. આ પત્રમાં લખવામાં આવ્યું હતું કે, જે કોઈ મુસલમાનભાઈ હોય તેને અમે જણાવીએ છીએ કે મહંમદ સાહેબ અર્શથી પૈગામ લઈને આવ્યા છે અને અસરાફીલ, જબરાઈલ બધા જ આવી પહોંચ્યા છે. આ સાંભળીને તમે સાવચેત થઈ જાઓ. જે આને વાંચ્યા વિના દરબારમાં જશે તેને ખુદાની કસમ છે. અમારી ફરજ હતી તમને સંદેશો પહોંચાડવાની હવે તમારે ગરજ હોય તો અમને શોધી લેજો.

સવાર થઈ અને બધા રૂક્કો વાંચી વાંચીને દરબારમાં જવા લાગ્યા. આખા દરબારમાં શોર મચી ગયો. કે શું વાત છે ? મહંમદ સાહેબ આવ્યા છે ? બાદશાહને પણ રૂક્કા વાળી વાત ખબર પડી તો તેમણે તે મંગાવીને વંચાવ્યો તેમને થોડી-થોડી પહેચાન થઈ. અણસાર તો આવી ગયો. ત્યારે તેઓ શેખ સલેમાન પર ગુસ્સે થઈને કહેવા લાગ્યા કે તમે મને આ ખબર પહેલાં કેમ ન પહોંચાડી. પહેલાં એ લોકો તમને આપવા આવ્યા હતા પણ તમે એ પત્ર ન લીધો તેથી તે લોકોએ તેને અહીં ચિપકાવી દીધો. મેં તમને આ કામ માટે જ રાખ્યા હતા કે જો કોઈ ખુદાની ખબર લઈને આવે તો તેને મારી પાસે મોકલવો પરંતુ, તમે તેનું ધ્યાન ન રાખ્યું. આમ, તેમને ધમકાવીને નોકરી પરથી કાઢી મુકયા અને તેમની જગ્યાએ શેખ નિજામના પુત્ર શેખ અબદુલ્લાને રાખી લીધા.

જ્યારે બાદશાહ નમાજ પઢવા ગયા તો, તેમણે શેખ અબદુલ્લાને ત્યાં ઉભા રાખ્યા અને કહ્યું કે અહીં તમારા હાથમાં જે પણ ટુકડો આવે તેને લઈ લેજો. તે જ વખતે લાલદાસજી અને નિર્મલદાસજી પોતાનો ટુકડો લઈને ગયા તો તેણે વાંચ્યો અને ત્યાં જ ફાડી નાંખ્યો ત્યારે મોમિનોએ કહ્યું કે તેને ખુદાનો પણ ડર નથી લાગતો.



આ પત્રની ખબર ન પહોંચાડવા માટે તો બાદશાહે શેખ સુલેમાનને નોકરીમાંથી કાઢી મુક્યા હતા. તું પણ આ ભૂલ દોહરાવી રહ્યો છે છતાં, તેને કોઈ અસર ન થઈ.

ત્યારબાદ મોમિનોએ શ્રીજીને પત્ર લખીને જણાવ્યું કે અમે ખૂબ પ્રયત્નો કરીએ છીએ પણ અહીં દજ્જાલનો કડક પહેરો લાગેલો છે હવે અમારે તેની સાથે લડાઈ કરવી પડશે. અમારે આપના આશીર્વાદ અને આજ્ઞાની જરૂર છે. કાનજીભાઈ દ્વારા આ પત્ર શ્રીજીને પહોંચતાં જ તેમણે તરત જ જવાબ મોકલાવ્યો કે હું તરત જ ત્યાં આવી પહોંચું છું. મને મળ્યા બાદ જ આ કામ કરજો. બીજા જ દિવસે શ્રીજી આવીને મોમિનોને મળ્યા. બધાએ સાથે બેસીને વિચાર-વિમર્શ કર્યા બાદ શ્રીજીએ સુંદરસાથને પુછયું કે હવે તમારે લોકોને શું કરવું છે ? ત્યારે મોમિનો એ કહ્યું કે બસ, આપના આશીર્વાદ અમારી સાથે હોય તો અમને કોઈ વાતની ચિંતા નથી ધર્મના માટે અમારો જીવ જશે તો પણ અમે પીછેહટ નહીં કરીએ. મોમિનોનો આટલો ઉત્સાહ જોઈને શ્રીજીએ સૌને આશીર્વાદ આપીને ધન્ય-ધન્ય કહ્યું.

## :: ઔરંગઝેબ બાદશાહ સાથે મુલાકાત ::

બધા સુંદરસાથે નક્કી કર્યું કે આપણે મસ્જિદ આગળ ઉભા રહીને સનંધો ગાઈએ જેથી બાદશાહ સાંભળી શકે.

મોમિનો મસ્જિદના દરવાજે ઉભા-ઉભા સનંધો ગાતા હતા તે જોઈને ઈમામ તેમની પાસે આવ્યા અને તે લોકોને બાદશાહ પાસે લઈ ગયા. બાદશાહ મહેલમાંથી બહાર આવીને ચબૂતરા પર ઉભા-ઉભા પૈગામ સાંભળવા લાગ્યા. તેમણે મોમિનોને પૂછયું કે તમે લોકો અહીં શા માટે આવ્યા છો ? ત્યારે મોમિનોએ કહ્યુંકે આપ એકલા એકાંતમાં અમને મળો તો અમે તમને સમજાવી શકીશું. અમારે તમને એકાંતમાં મળવું છે. બાદશાહે કહ્યું કે અન્ય કોઈ સંદેશો હોય તે તે પણ સંભળાવો. આમ, કહીને બાદશાહે ત્રણ વખત ઉપર અલ્લાહ તરફ હાથ કરીને તેને ચુમ્યા. તે જોઈને મોમિનોને જોશ આવ્યો અને તેઓ કહેવા લાગ્યા કે દરબારના ગુશલખાનામાં જે ટુકડો ચિપકાવ્યો હતો તે અમે જ ચિપડાવ્યો હતો અને તમને સંદેશો પહોંચાડવા પાંચ નબુઆ (પત્રો) પણ મોકલ્યા હતા. આ સાંભળીને બાદશાહની પાસે ઉભેલા શેખ સલેમાન ભયથી થર-થર ધ્રુજવા લાગ્યો.

સુલતાને મોમિનોને કહ્યું કે તમારે જે કંઈ માંગવું હોય તે માંગી લો ત્યારે મોમિનો એ જવાબ આપ્યો કે અમે તો ઈમામ મહેંદીના માણસો છીએ અને ધર્મની વાતો કરવાવાળી છીએ. ધર્મ સિવાય અમને કશું જ ન ખપે. તે વખતે સુલતાનને અંદરથી કશોક ડર લાગવા માંડ્યો જે લોકો ત્યાં ઉભા હતા તે બધા જ ડરવા લાગ્યા.

મોમિનોનો જોશ અને ઉત્સાહ જોઈને કોતવાળ કહેવા લાગ્યા કે બાદશાહ સાથે વાત કરવાની કોઈની હિંમત નથી ચાલતી. જ્યારે આ લોકો તો જુઓ ! કેટલા બિન્દાસ વાતો કરી રહ્યા છે ! સુલતાને સીદી પૌલાદને કહ્યું કે, તમે આમની બધી વાતો સાંભળો અને તેમના ખાવા-પીવાની વ્યવસ્થા કરો. તેમને કોઈ વાતની તકલીફ ન પડવી જોઈએ. આ લોકોને હું તમને સોંપું છું. બીજી બાજુ મોમિનો બાદશાહ પાસે ગયા છે તે સમાચાર સાંભળીને બધા મોમિનોના ઘરમાં ખળભળાટ મચી ગયો.

કોટવાળે મોમિનોને ભોજન કરવા માટે કહ્યું તો તેઓ વિચાર કરવા લાગ્યા કે આ લોકો સાથે ભોજન કેવી રીતે કરવું ? આખરે તેમણે નિર્ણય કર્યો કે ધણીના કામમાં વળી નાત-જાતના ભેદ કેવા ? તેમણે તે લોકોની સાથે ભોજન કરવાની તૈયારી દર્શાવી. તેમાં ૧૦ હિંદુ અને ૨ મોમિન મુસલમાન હતા.

બાદશાહના લોકો આ જોઈને વિચારવા લાગ્યા કે, આ તો ખુદાના માણસો લાગે છે. અમારી સાથે ભોજન કરવા પણ તૈયાર થઈ ગયા. તેમણે બાદશાહ પાસે જઈને ખોટુ કહ્યું કે આવા કાફર લોકો સાથે આપ કેવી રીતે રૂબરૂ વાત કરશો, અમને એ યોગ્ય નથી લાગતું. કોને ખબર કોઈ દુશ્મનોએ પણ એમને મોકલ્યા હોય તેથી તેમની સાથે તમારી રૂબરૂ વાત કરવી ઠીક નથી. એ લોકો જે કંઈ પણ કહેશે એ અમે આવીને તમને કહેતા રહીશું. મોમિનોને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેમણે એ લોકોને કહ્યું કે, શું તમારા કુરાનની હદીશોમાં એવું લખેલું છે કે જે લોકો અમારા રસુલ ઉપર ઈમાન લાવે અને આવી રીતે હેરાન કરવા ?

આ વાત કાજીએ સાંભળી તો એમને અત્યંત દુઃખ થયું. તેમણે બાદશાહ પાસે જઈને કહ્યું કે હું આ લોકોની સેવા કરવા ઈચ્છું છું ત્યારે બાદશાહે તેમને મોમિનોને તેમની સાથે તેમના ઘેર જવાની રજા આપી. બીજા દિવસે કાજીના ઘેર ઘણા લોકો ભેગા મળ્યા. તે વખતે શેખ બદલને જોશ આવ્યો તે જોઈને પોત-પોતાના ઘેર ભાગી ગયા. મોમિનોએ કાજીને હદીસોની કિતાબ બતાવી અને કહ્યું કે આમા બધુ તમારૂં જ લખેલું છે. ત્યારે કાજીએ કહ્યું કે એ તો તમે તમારી જાતે બનાવેલી છે. મોમિનોએ જવાબ આપ્યો કે અમે જુઠુ શા માટે બોલીએ. અમે તો આ કિતાબો ઉર્દૂ બજારમાંથી ખરીદીને લાવ્યા છીએ.

આ વાત સાંભળીને કાજી કંઈ બોલી ન શક્યા અને બીજી વાતો કરવા લાગ્યા. મોમિનોએ તેમને બિના એક મહંમદની સનંધ સંભળાવી તો તેઓ ખૂબ પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા કે ફરીથી તેજ સંભળાવો. ત્યાં એક નાગર જાતિનો સિપાઈ (દરેગા) પણ ઉભો હતો તેને કહ્યુંકે આ વાતો ધ્યાનથી સાંભળો. તેમાં ક્યામતના



બધા નિશાન દર્શાવેલા છે ત્યારે તે સરમીંદો થઈ ગયો. એક માણસે મોમિનોને કહ્યું કે તમને અહીં આવ્યે ઘણા દિવસ થઈ ગયા તો તમે નમાજ કેમ નથી પઢતા ?

મોમિનોએ તેમને જવાબ આપ્યો કે અમારે નિયમ મુજબ નમાજ પઢવાની જરૂર નથી કારણકે અમે તો ઉઠતા-બેસતા, ચાલતા-ખાતા કે હસતા-ફરતા દરેક સમયે ખુદાની ચર્ચામાં જ લાગેલા હોઈએ છીએ બસ, એજ અમારી નમાજ છે એનાથી વિશેષ નમાજ કઈ હોઈ શકે ?

ત્યારે બધા કહેવા લાગ્યા કે આ લોકોને શું જવાબ આપવો ? બધા ચૂપ થઈ ગયા. ત્રીજા દિવસે ફરી બધાએ સનંધ સંભળાવવા કહ્યું તે લોકોએ કહ્યું કે અમારી અમારી જાતને ઓળખવી છે. ભીમાભાઈ અને લખનભાઈએ સનંધો સંભળાવવાનું શરૂ કર્યું. ત્યારે તે લોકોએ કહ્યું કે હવે તમે અમારાથી કશું જ છુપાવશો નહીં તો જ અમે તમારા ચરણોમાં આવીશું. આ બધી જ વાતો કાજીના ઘરમાં થઈ.

**:: અવજ્ઞાકારીઓ પર રોષ ::**

શ્રીજીએ બાદશાહ સાથે મોમિનોની મુલાકાત તથા મોમિનોની પરેશાની ની વાત સાંભળી તે જ દિવસે કાનજીભાઈએ પણ શ્રીજી પાસે જઈને મોમિનોની પરિસ્થિતિ અંગે વાત કરી તો શ્રીજી અત્યંત નારાજ થઈ ગયા. તેમણે કહ્યું કે હવે મોમિનોને પરેશાન કરનારને જ ગુનો લાગશે. તેમાંથી કોઈ બાકાત નહીં રહી શકે. કુરાનમાં આવા લોકો પર લાંછન લગાડવામાં આવ્યું છે. કુરાનના પહેલાં સિપારાના બાસઠમાં પાને તેમજ તફસીર હુસૈનીના વર્ક ચોદમાં મોમિનોની રાહમાં રોડા નાંખનારાઓ વિશેની વાત કરવામાં આવી છે.

આયત- 'મા યવદુલ્લજીના કફરું'

અર્થ- જે લોકો કાફર છે ખુદાની હકિકત છુપાવે છે. તેને જાહેર કરવા નથી દેતા તે લોકો સાથે ખુદા દોસ્તી નથી રાખતા.

આયત- 'મિન અહલિલ કિતાબે વલલ મુશરકીન'

અર્થ- યહુદો માટે ખુદાએ આ અમૂલ્ય કિતાબ મોકલી છે.

અયાત- 'અઈ યૂનજ્જલા અલૈકુમ મિન ખૈરિન મિર્રબિકુમ'

અર્થ- યહુદ લોકો કુરાન-અહિલ કિતાબના દુશ્મન છે અને મુસલામન પોતાની શરિયતના કારણે મારી સાથે વેર બાંધી બેઠા છે. પરંતુ, મને આ કિતાબમાં

મહંમદની પૂરી પહેચાન અને હકીકત દેખાઈ છે. તેથી હું હવે તેને છોડવાનો નથી.

અયાત- 'વલ્લાહુ યખતસ્સો વિરહમતિ હી મઈપ સાઉ'

અર્થ- ખુદા જેને ઈચ્છે તેને પૈગંમ્બર બનાવી શકે છે.

અયાત- 'વલ્લાહૂ જૂલ ફજલિલ અજીમ'

અર્થ જેના પર ખુદાની મહેરબાની થાય છે તેને તે બુજરક બનાવી દે છે.

અયાત- 'માનન શખમિન આયતન ઔનુન સિહાનાતિ'
'વિ ખૈરિમ તિનહા ઔ મિરલીહા આલમ-તાલમ'

અર્થ- સ્વામીજી કહે છે કે અમે કુરાનના જાહેર અર્થ કાઢીને બાતૂની અર્થ કરીએ છીએ તો પણ લોકો તેના જાહેરી અર્થને જ પકડી રાખે છે. અને ભટકતા રહે છે.

આયત- 'આલમ તાલમ અન્નલ્લાહ લહુ મુલ્કુ સ્સમાવાતિ વલ અર્જિ'

અર્થ- જમીનથી માંડીને આકાશ સુધી બધે જ ખુદા નું રાજ્ય છે. તે ચાહે તે કરી શકે છે તેને કોઈ રોકી શકતું નથી.

આયાત- 'વમાલકું મિનદુનિલ્લાહિમિયૂં વલિયું વલાન સીર'

અર્થ- ખુદા દરેકનો દોસ્ત બની શકે છે. ધર્મના રસ્તે ચાલનારાને ખુદા મદદ કરે છે અને તેનું ધ્યાન રાખે છે. તેને કોઈ શોધી શક્યું નથી.

આવી ઘણી-બધી સાક્ષીઓ કુરાનમાં લખવામાં આવેલી છે. તેમાં શરૂઆતથી માંડીને અંત સુધી આ જ વાત કરવામાં આવેલી છે. કુરાનની છત્રીસમી સૂરત ઈન્ના ઈવન્જુલાની લખવામાં આવી છે. મહંમદ સાહેબ પોતાના મિત્રો સાથે આ પ્રકારની ચર્ચા કરતા હતા કે ધર્મની રાહમાં હકીકત જાહેર કરનારા એક ગાજીએ ધર્મ માટે હજાર મહિના સુધી યુદ્ધ કર્યું હતું. તે સાંભળીને બધાએ અચરજ પામીને કહ્યું કે એવો ક્યો માણસ હતે જેણે આમ કર્યું હતું? ત્યારે મહંમદ સાહેબે જબાવ આપ્યો કે એ સૂરત (ફરીસ્તો) તો જબરાઈલ દ્વારા લાવવામાં આવી હતી.

**:: કુરાનના આમ સિપારાની છત્રીસમી સૂરત ::**

'ઈન્ના અન્જૂલના હૂ ફી લૈલ તિલ કદરે, વમા અદરાકા માં લેલ તુલ કદરે, લૈલતુલ કદરે ખેરુન મિન અલ્ફે શહરિન, તનજ્જુલુલ મલા ઈક તો વર્રૂ હો ફીહા, વિઈજેન રિબ્બ હિમ મિન કુલ્લે, અમરિન સલામુન હિયા હત્તા, મત લૈલ ફજરે.'



અર્થ :- સ્વામિજી કહે છે કે સમયે લૈલ તુલ કદરની રાત હતી. એ સમયે મોમિનો શ્રીજીની શક્તિ સહિત અર્સ પરમધામથી અહીં આવ્યા છે. તેઓ પ્રથમ વ્રજમાં અને ત્યારબાદ રાસમાં ગયા. ત્યાં સંયોગ-વિયોગનો ખેલ જોયા બાદ દુઃખ જોવાની ઈચ્છા પૂરી ન થતા આ ત્રીજા બ્રહ્માંડમાં આવ્યા છે.

જ્યારે મહંમદ સાહેબને આ સંસાર છોડ્યે નવસો નવ વર્ષ અને નવ મહિના થયા ત્યારે રુહ અલ્લા એટલે કે શ્યામાજી સ્વરૂપ શ્રી દેવચંદ્રજીનું અવતરણ થયું. ત્યારથી માંડીને એકસો વીસ વર્ષ સુધી મોમિનોએ ધર્મ માટે ધર્મને આગળ લાવવા માટે દજ્જાલો સાથે લડાઈ કરી આ લડાઈના દૃષ્ટાંતો કુરાનમાં અગાઉથી જ આપેલા છે. ત્રીજી સૂરત માં છે. તેનો અર્થ શ્રીજી સાહેબે કર્યો.

મહંમદ સાહેબ, શ્રી દેવચંદ્રજી, શ્રી સ્વામીજી અને શ્રી રાજજી આ ચારેય એક જ તનમાં બિરાજમાન છે અને તેને જ ઈસ્લામ કહેવામાં આવે છે.

જે માણસ આ લોકો સાથે ખોટી દલીલો કરીને લડાઈ કરે છે તે જ ખરેખર દજ્જાલ છે. આ લોકોને જ શ્રી રાજજી મહારાજે અર્શ-પરમધામથી લૈલતુલ કદરની રાતમાં ઉતાર્યા છે. આ લોકોએ જ આ રાતનું પ્રભાત કર્યું છે. એટલે કે અજ્ઞાનતાના અંધકારમયી માયાના આવરણને ભેદીને જ્ઞાનરૂપી પ્રકાશનું અજવાળું કર્યું છે.

ચૌદે લોકમાં બધાએ આ રાતને ખૂબ શોધી પરંતુ, કોઈને પણ મળી નહીં. માત્ર મોમિનો જ તેને શોધી શક્યા. આવા મોમિનોની પ્રશંસા કયાં સુધી કરૂં?

સ્વામીજી કહે છે કે અમે બધાએ એક સાથે જ દજ્જાલો સાથે લડાઈ કરી. સુલતાન પાસે પૈગામ મોકલ્યો ત્યારે જે લોકોએ પૈગામને જાહેર ન થવા દીધો એ લોકોને ખુદાની લાનત છે.

કુરાનનો બીજો સિપારો (જેનું નામ સયકુલ છે) તેમાં લખવામાં આવ્યું છે કે આ લોકોના દિલ પર દજ્જાલનું રાજ હોવાથી તેઓ ધર્મનો રસ્તો ભૂલી ગયા છે. જો આ લોકોએ આમ ન કર્યું હોત તો આખા સંસારને પરમાત્માની પહેચાન થઈ જાત. આ દજ્જાલોને કાનથી બહેરાં, આંખો પર માયાનો પડદો હોવાથી હૃદયના અંધ કહેવામાં આવ્યા છે. તેથી આ લોકો ધર્મની વાત સાંભળી શકતા નથી.

મોમિનોની ફરજ હતી, પૈગામ પહોંચાડવાની તો પહોંચાડી દીધો. બધા લોકોએ સાંભળ્યો તો ખરો પરંતુ તેના તરફ ધ્યાન ન આપ્યું. આ બધાએ દુનિયાદારી માટે ધર્મ છોડી દીધો અને મોમિનોને દુઃખ પહોંચાડ્યું.

શ્રીજી કહે છે કે મોમિનો તમારા પર તો શ્રી રાજજી મહારાજની મહેર છે, તમે

કોઈ વાતની ચિંતા ન કરો. કયામતના સમયે આ લોકોએ તમને પરેશાન કર્યા અને તમે દજ્જાલો સાથે લડાઈ કરી. એ, તમારી પરીક્ષાનો સમય હતો. ચૌદે લોકોમાં તમારો યશ ફેલાશે અને દજ્જાલનો અંત આવશે. લોકો જાહેર અર્થ લઈને તમને ભૂલી ગયા છે તેમના પર તેમનું મન ઈબલીસ સવાર થઈને બાદશાહી કરી રહ્યું છે. અને આતો આપણો વર્ષો પુરાણો અનુભવ છે કે જેના પર મન બાદશાહી કરતું હોય તે કદી ધર્મના રસ્તે આગળ વધી શકે નહીં.

## :: બડી - પત્રી ::

કયામતના નિશાન જાહેર કરવા માટે મોમિનોને દજ્જાલો સાથે લડાઈ કરવી પડી ત્યારે શ્રીજીએ મોમિનોને સમજાવવા માટે એક પત્ર લખ્યો હતો તેને જ બડી-પત્રી કહેવામાં આવે છે. લાલદાસજી કહે છે કે શ્રી રાજજી મહારાજની મહેર અને હુકમથી હું આ પત્રની નકલ અહીં દર્શાવી રહ્યો છું તે ધ્યાનથી સાંભળજો.

મારા પ્રાણના પ્રિયતમ, મારા સાથી સિરદાર, મારી આત્માના આધાર મારી જીવનનૈયાને ચલાવનારા, મારા વ્હાલા સુંદરસાથ સમસ્ત સાથજી, ભાઈ લખમન, ભાઈ ભીમ, નાગજી, ચિન્તામણી, દયારામ, ચંચલ, ગંગારામ, બનારસી, રોમ, ખિભાઈ આ દસ સુંદરસાથને તે કાર્યમાં સામેલ હતા. અનંતરામ, લાલભાઈ, શ્યામભાઈ, રામરાય તથા અન્ય બધા જ સુંદરસાથ. આપ સૌને હું આ પત્ર લખી રહ્યો છું. તમારા બધા પર શ્રી રાજજીની નજર છે અને રહેશે. હું ઈન્દ્રાવતીની વાસના આપ સૌને કોટાનકોટ પ્રણામ લખી રહી છું. ભાઈ શેખબદલે તમારી સંપૂર્ણ હકીકત મને કહી છે.

આવી લડાઈ રસુલ સાહેબના સમયે થઈ હતી અને હવે થશે. અંતે જીત તો તમારી જ થશે. તમને નાનકડું લાગતું આ કામ ખરેખર તો બહું મોટુ કામ છે. હવે તમો બાદશાહ સામે આવ્યા છો તો તે પ્રમાણે રહેજો. (સાચા મુસલમાન થઈને રહેશો.) જ્યારે તમે સચ્ચાઈ જાહેર કરશો ત્યારે તમારૂં તેજ વધતુ જશે અને દજ્જાલનું જોર એનો પ્રભાવ ઘટતો જશે. દજ્જાલ લોકો તમને બાહરી (ઉપલી) દૃષ્ટિથી જુવે છે. તેથી તમારી પહેચાન નથી કરી શકતા.

પહેલાં તો બાદશાહ અને તેમના માણસો જેમ કહે તેમ કરો. તેમની ઈચ્છાનુસાર ચર્ચા કરો અને જ્યારે તક મળે ત્યારે આપણા મતલબની વાત કરો. પરંતુ યાદ રાખજો જે કંઈપણ બોલો તે સાચું જ બોલજો. હું તમારી સાથે જ છું.

જો બાદશાહ પ્રસન્ન થઈને કંઈક માંગવાનું કહે તો રહેવા માટે એક હવેલી અને કુરાન પઢવા માટે એક મુલ્લો માંગી લેજો. જો એ ન આપે તો પણ તમે એની



ખુશામત છોડતા નહીં. ગમે તે રીતે બાદશાહને પ્રસન્ન કરીને તેને એકાંતમાં વાત કરવા માટે તૈયાર કરજો.

જો તે તૈયાર થઈજાય તો તેને કહેજો કે, જો તમારે અમારી ચર્ચા સાંભળવી હોય તો સાંભળો કારણ કે જે વાતો અમારી સનંધમાં છે તે જ વાતો તમારા કુરાનમાં લખેલી છે. જે રીતે શ્રીજીએ અમારો ઈમાન દ્રઢ બનાવ્યો છે, તે રીતે જે કોઈ રસૂલ સાહેબ પર ઈમાન લાવશે તેને તેની આત્મ-પહેચાન અવશ્ય થશે.

મેં અગાઉ શેખ સલેમાન સાથે મુકાલાત કરી હતી પરંતુ, તેણે બાદશાહ સુધી પૈગામ ન પહોંચાડ્યો. હવે તમે લોકો આ કામ પૂર્ણ કરો. કદાચ, પહેચાન થઈ જાય! જો બાદશાહને પહેચાન થઈ જશે તો બધા પોતાની જાતે જ દોડતા - દોડતા આવશે તમે લોકો તો ખુદ સમજદાર છો. તમને જેમ યોગ્ય લાગે તેમ કરો.

તમને હદીશો દ્વારા કુરાન સમજાવજો. થોડુ-થોડુ સમજાવજો. પછી થી હું તમને લખીને મોકલીશ. એક વાતનું ધ્યાન રાખજો કે તમે લોકો મુસલમાન બનીને જ આ કામ કરજો. હિંદુના વેશમાં આ કાર્ય શક્ય નહી બને. તેમના સેવક બનીને રહેજો. ધીમે-ધીમે આ લોકોને ધર્મની પહેચાન થશે. જે કોઈ તમને મળે અને કંઈક પૂછે તો તેને સ્પષ્ટ અને સાચો જ જવાબ આપજો. અને કહેજો કે વેદ, વેદાંત, આદિત્ય, પુરાણ, ભાગવત, ગીતા, વગેરે બધા શાસ્ત્રો જુવો તેમા શું લખ્યું છે ? તે બધા શાસ્ત્રોને કુરાન સાથે મેળવીને જુઓ કે કુરાનમાં શું લખ્યું છે ? જ્યારે હકીકત સમજાશે ત્યારે તેઓ ખુદ શરમિંદા થઈ જશે અને તેમની કોઈ શંકા બાકી નહીં રહે.

જાહેરી અર્થ લઈને ફરનારાઓનો અહંકાર દૂર થઈ જશે અને જે દજ્જાલ, શૈતાન લોકો છે તે વિના મોત માર્યા જશે.

શ્રીજીએ તમને ધર્મની કુંજીરૂપ તારતમજ્ઞાન આપ્યું છે તેના સહારે, તેના બળથી તમારૂં મસ્તક ઉંચું રાખજો. આજે તેના સહારે, તેના બળથી તમારૂં મસ્તક ઉંચુ રાખજો, આજે તમે લોકો બાર જણ છો પરંતુ, બાર હજાર બરાબર છો. ગામે-ગામના હિન્દુ-મુસલમાન તમારા શરણમાં આવશે.

અમે હવે બીજી જગ્યાએ જઈએ છીએ. ત્યાં દજ્જાલો સાથે લડીને બીજીવાર અહીં આવીશું હવે તમને યોગ્ય લાગે તેમ કરો.

સુલતાને તમારી તરફ ધ્યાન આપ્યું કે તમારો પૈગામ ન સાંભળ્યો એનું એક કારણ તો એ છે કે તેઓએ તમને બાહ્ય દૃષ્ટિએ જ જોયા છે અને બીજું મહત્વનું કારણ એ છે કે તેમને કુરાનના ગૂઝ ભેદોની ખબર નથી. જાહેરી અર્થ માટે તેઓ લડવા તૈયાર થઈ જાય છે. જો તેમને ગુપ્ત ભેદોની ખબર હોત તો તેઓ આમ ન કરત.

તમે સકુમારને જગાડવાના હેતુથી ગયા છો. તેથી સાવધાની પૂર્વક તમારો હેતુ સિધ્ધ કરો. હું છત્ર બનીને તમારા માથે જ ઉભો છું. મારા જોશથી તમને હિંમત મળશે અને મારા બળથી આ લોકોને તમારી પહેચાન થશે. શ્રી રાજજીની મહેરથી બધુ બરાબર થઈ જશે. હરજી વ્યાસનો અંહકાર કેવી રીતે ઓગળી ગયો હતો એ તો તમે જાણો જ છો ને ! તેથી હવે ચિંતા ન કરો. બધા સાથે હળીમળીને બાદશાહની ઈચ્છા મુજબ કરજો. અંતે તો શ્રી રાજજીના હુકમ પ્રમાણે જ બધુ થવાનું છે.

જ્યારે બાદશાહ તમારી પાસે આવીને બેસે ત્યારે તેમની વાતો સાંભળ્યા બાદ તમારી સંભળાવજો. તેના મનમાં દયા ઉપજશે. જો તે તમારી વાતો તરફ ધ્યાન આપે તો તેને બરાબર સમજાવીને, મને ખબર મોકલતા રહેજો. ભાઈ શેખબદલ અને કાનજીભાઈને હું આપની પાસે મોકલી રહ્યો છું. કાનજીભાઈ તમારી સાથે જ રાખજો. જે ઠીક લાગે તે હું કરવા તૈયાર છું.

આપણા વશમાં તો કશું છે જ નહીં. ધણીના દિલમાં જે હશે તે પ્રમાણે જ બધું થવાનું છે તો પછી ચિંતા શાની ? ત્યાંથી ખુશખબર અને સમાચાર લખતા રહેજો.

**:: છોટી પત્રી ::**

આ પત્રીમાં બાર મોમિનોએ પોતાની પરિસ્થિતિનું વર્ણન કર્યુ છે. શ્રીજીનો જવાબ પણ આ પત્રીમાં જ સામેલ કરવામાં આવ્યો છે. સરિયતના અતિ આગ્રહી એવા બાદશાહ ઔરંગઝેબના તનમાં સકુમારબાઈની વાસના છે એની અમને પહેચાન થઈ ગઈ છે. મુસલમાન લોકો પોતાની વાતો હિંદુઓને કહેતા નથી અને હિંદુઓને સાંભળતા પણ નથી. કુરાનમાં આપણા ઘરની જ બધી વાતો લખી હોવાથી બાદશાહ સુધી પહોંચવા માટે અમે ફકીરીનો વેશ લઈને દરબારમાં પહોંચ્યા છીએ. સકુમારબાઈ તેમજ અન્ય દરબારિયો અમને હિંદુમાંથી મુસલમાન બનેલા જોઈને ખુશ થયા તથા ધન્ય-ધન્ય કહેવા લાગ્યા. કેટલાક દરબારિયોને શંકા ગઈએ આ લોકોને કોઈના દ્વારા મોકલવામાં આવ્યા લાગે છે તેથી બાદશાહે અમને કોટવાલના હવાલે કરી દીધી છે.

બાદશાહે અમારી કેટલીક વાતો સાંભળી તો તેને વિશ્વાસ થઈ ગયો કે આ લોકો સાચા મોમિનો છે. તેણે અમારી ચોકીદારી માટે ચોકીદાર રાખ્યો હતો તેને દૂર કરીને એક હવેલી રહેવા માટે આપી છે. તેના હૃદયનો વિકાર દૂર થઈ ગયો છે.

જે આપણી સનંધો સાંભળશે તેને અમે સમજાવીશું. કાજી અને કોટવાળ સાથે પણ અમારી મુલાકાત થઈ. જે ચિઠ્ઠી તેમજ ટુકડા અમે તેમની પાસે મોકલ્યા હતા તેને બાદશાહે મંગાવીને વંચાવ્યા છે. હવે આગળ બાદશાહ શું કહે છે તે અમે તેમને લખી જણાવીશું.



હવે શ્રીજી આ પત્રના જવાબમાં સુંદરસાથને આશ્વાસન આપતા જણાવે છે કે તમે બધા સુંદરસાથને પત્ર લખીને આ ખબર પહોંચાડી દો. તમારૂં આટલું મોટું કામ થઈને બધા તમારી પ્રશંસા કરશે.

હવે મારી લાજ તમારા લોકોના હાથમાં છે. તમે તો મારા સિરતાજ છો. બુદ્ધિમાન છો તેથી વિશેષ શું લખું ? હવે તો આપણે પત્રવ્યવહાર બસ ચાર દિવસનો જ છે. પછી આપણું મિલન થશે. તમે બધા સુંદરસાથ તેમજ બિહારીજીને પણ પત્ર લખી જુઓ તો ખરા કે તેઓ શું જવાબ આપે છે ? ત્યાં જે તમને દુઃખી કરશે તેનું માથું હું હંમેશા માટે નીચુ કરી દઈશ.

તમે જે ફકીરી વેશ ધારણ કર્યો છે તેના માટે પણ ચિંતા ન કરશો. આ બધું તો બાદશાહને સમજાવવા માટે છે. મુસલામન થી આપણે શા માટે ડરીએ ? શ્રી દેવચંદ્રજીએ ખોજીબાઈમાં રઈબાઈની વાસનાને પહેચાની હતી.

સારૂં થયું કે તમે જાતિ-પાતિનો ભેદ નથી રાખ્યો. હું તમારા પત્રનો ઈંતજાર કરીશ. તમારો પત્ર મળ્યા બાદ જ બહાર જઈશ. અહીંના જે કંઈ સમાચાર હશે તે તમને શેખબદલ રૂબરૂ સંભળાવશે.

**:: રાજસ્થાન યાત્રા ::**

શ્રીજીએ દિલ્હીથી આમેર (અજમેર) આવ્યા અને ત્યાંથી સાંગાનેર પહોંચ્યા. ઉદેપુરના મુકુંદદાસ સાંગાનેર થી આમેર ગયા તો તેમણે શ્રીજીની ખબર સાંભળી કે તરત જ સાંગાનેર પાછા આવ્યા. ત્યાં રસ્તામાં તેમને શેખબદલભાઈ મળી ગયા. બંને સાથે જતા હતા ત્યારે તેમની પાસે થોડાક પૈસા હોવાથી તેમને રસ્તામાં ચોર-લૂંટારાનો ડર લાગતો હતો.

ચાલતા ચાલતાં સાંગાનેરના એક મહોલ્લામાં તેઓ આવ્યા તો શ્રીજી એક દુકાનમાં ખાટલામાં બેઠા હતા. છબીલદાસ અને મુલકચંદ્ર તેમની પાસે ઉભા હતા. તે લોકો ભૂખ્યા હતા. પૈસા પણ નહોતા કે જેથી તેમના માટે બહારથી કશું મંગાવા શકાય

શેખબદલ બધી વાત સમજી ગયા તેમણે શ્રીજીના ચરણોમાં પ્રણામ કર્યા. મુકુંદદાસે પણ પ્રણામ કર્યા અને તેમની પાસે ૪૦૦ રૂપિયા હતા તેમાંથી થોડાક શ્રીજી આગળ મુક્યા. બજાર થી સામાન મંગાવ્યો અને આ પ્રમાણે ગાડુ ગબડવા માંડ્યુ. શેખબદલે પોતાના ત્રણસો રૂપિયા પણ શ્રીજીને સેવામાં આપી દીધા. મુકુંદદાસજીએ કહ્યું કે હવે અહીંથી કંઈ બાજુ જવાનો વિચાર છે. તો શ્રીજીએ કહ્યું કે અહીં જરગા પંથીના લોકો ઘણા વધારે છે તમે લોકો ઉદેપુર જાઓ મુકુંદદાસ અને મુલચંદ્ર ત્યાંથી નીકળીને ઉદેપુર લાધુ મસાનીના ત્યાં ગયા. લાધુ મસાનીએ શ્રીજી વિશે પૂછયું અને કહ્યું કે તેમને પણ અહીં જ બોલાવી લો.

આ સમયે ખંભાતથી વનમાળીદાસે શ્રીજીના ચરણોમાં પ્રણામ કરીને તેમને તન,મન, ધન સોંપી દીધુ એ જ વખેત બાઈજૂરાજ કેટલાક મહિલા સુંદરસાથ સાથે આગ્રામાં હતા. મુકુંદદાસના કહેવાથી લાધુ મસાનીએ તેમને પણ ઉદેપુર બોલાવીને રહેવાની વ્યવસ્થા કરી આપી. અહીં ચર્ચા શરૂ થઈ અને બધા ચર્ચામાં આવીને શ્રીજીના ચરણોમાં પ્રણામ કરવા લાગ્યા.

આ વખતે નૂરમહંમદ, ભીખુ સોની, રાધા રૂકમણ, માયારામ, વાસુદેવ, સુખદેવ, દેરાસરી વગેરે સુંદરસાથ શ્રીજીના ચરણોમાં આવ્યા. અહીં દિલ્હીમાં સુલ્તાન પાસે રહેલા મોમિનોની ચર્ચા પણ થઈ તો શ્રીજીએ કહ્યું કે તેમને પત્ર લખીને જણાવી દો કે હવે ત્યાનું કામ છોડીને અહીં આવી જાઓ. શેખબદલે ચિટ્ઠી દિલ્હી જઈને મોમિનોને પહોંચાડી તો તેઓ અતિ પ્રસન્ન થયા. કાજીએ કહ્યું કે હું તમને બાદશાહ પાસેથી જવાની રજા અપાવી દઈશ. એક દિવસ બાદ તેણે બાદશાહને જણાવ્યું કે હવે આ લોકો અહીંથી જવાની રજા માંગે છે.

ત્યારે સુલતાને મોમિનો તરફ જાઈને માથુ નમાવ્યું. અને તેમને ખર્ચ માટે એકસો રૂપિયા તથા તેમનો રસસામાન સોંપીને તેમને વિદાય કર્યા. બધા મોમિનો ઉદેપુર આવીવે શ્રીજીને મળ્યા અને ફકીરી વેશ ઉતારી દીધો. તે વખતે લખમણભાઈ, ભીમાભાઈ, શ્યામદાસ, ખિમાભાઈ, સામલદાસ, રાજારામ, ગરીબદાસ, લાલભાઈ તથા શ્યામભાઈએ આવીને શ્રીજીને પ્રણામ કર્યા. બાર મોમિનોના પાછા ફરવાથી બધા સાથમાં પ્રસન્નતા વ્યાપી ગઈ. અને ખૂબ જોર-શોરથી ચર્ચા થવા લાગી. અહીં આહેડના કેટલાક સુંદરસાથના આવવાથી ત્યાંના રાણાએ પણ આ વાત સાંભળી તેઓ દરબારમાં બેઠા હતા ત્યારે કોઈકે કહ્યું કે બહું મોટા સંત-મહાત્મા આવ્યા છે. જ્યારે કોઈ કહેવા લાગ્યું કે એ તો ઠગ છે. મોમિનોનો વેશ બદલીને આવ્યા છે. તો વળી કોઈકે કહ્યું કે આ તો બાદશાહે મોકલેલા મુસલમાનો છે. ત્યારે રાજાએ તે લોકોની ખાતરી કરવા માટે કેટલાક પંડિતોને મોકલ્યા અને કહ્યું કે તમે તેમની ચર્ચા સાંભળીને પછી મને કહો કે તે લોકો કોણ છે. તેઓ શ્રીજી પાસે આવ્યા તો શ્રીજીએ ભાગવતના ચાલીસ પ્રશ્નો અને વેદાંતના ૧૫ પ્રશ્નોના જવાબ આપવા કહ્યું. પંડિતો એનો કોઈ ઉત્તર આપી શક્યા નહીં અને ચાલતી પકડી તેમણે રસ્તામાં વિચાર્યું કે આ તો બહુ મોટા સંત છે. જો રાજાને તેમની સચ્ચાઈ બતાવી દઈશું તો રાજા તેમને જ ગુરુ બનાવી દેશે આપણો ભાવ નહીં પૂછે. પછી આપણી તો આજીવિકા જ તૂટી જશે તેથી તેમની નિંદા કરીને રાજાને તેનાથી દૂર રાખવામાં જ આપણો ફાયદો છે. તેમણે રાજા પાસે જઈને કહ્યું કે આ સાધું તો કંઈ જ કામના નથી તેમનું તો મોઢું પણ જોવા જેવું નથી.



એક દિવસ રાજા તળાવ પર ગયા તો ત્યાં શ્રીજી બાઈજૂરાજ તેમજ અન્ય સુંદરસાથ વચ્ચે ચર્ચા ચાલતી હતી. શ્રીજીએ અહીં બધાને ફકીરી વેશ ધારણ કરાવ્યો હતો. અહીં દયારામ, ચંચલદાસ, ગંગારામ, બનારસી, ઈનાયતખાન, મુરાદખાન તથા અબ્દુલખાન જેવા ઘણા સુંદરસાથ આવ્યા.

અહીં શ્રીજી સ્વયં બેસીને પટનું કામ કરાવી રહ્યા હતા. મુકુંદદાસજી દરોગા બનીને આ કામ કરી રહ્યા હતા. અહીં કેટલાક પઠાણ લોકોએ આવીને કહ્યું કે તમે અમને કલમો સંભળાવો તો અમે તમારી શરણાગતી સ્વીકારી લઈએ, ત્યારે આ સાંભળીને શ્રીજીને જોશ આવ્યો અને અબ્બલ ખાંને પણ જબરાઈલનો જોશ આવ્યો. આ જોઈને અહીં આવેલા બધા ડરવા લાગ્યા અને ઘેર જઈને નિંદા કરવા લાગ્યા.

એક દિવસ કિરંતની ચર્ચા વખતે રાણા પણ શ્રીજીના દર્શન કરવા આવ્યા અને મોઢું સંતાડીને ઉભા રહ્યા. જેટલો અંકુર હતો તેટલી પહેચાન થઈ. અહીં અમરાજી રામસિંહને પણ થોડી પહેચાન થઈ. ભોગીદાસને ચર્ચા સાંભળીને પહેચાન થઈ તેઓ ઉદેપુર આવીને હવેલીમાં રોકાયા. બધા સાથને મળીને તેઓ ખૂબ પ્રસન્ન થયા. તે જ વખતે સુરતથી ગોવર્ધનભાઈ ધોલીબાઈને સાથે લઈને આવ્યા.

ઔરંગઝેબે રાણા પર હુમલો કર્યો અને મુસલમાન બનીને પોતાના ધર્મમાં સામેલ થવા કહ્યું. તેણે કહ્યું કે જો તમે મુસ્લિમ ધર્મ સ્વીકારશો તો હું તમને પાંચ પરગણા ભેટ આપીશ. બરાબર એ જ સમયે ગરીબદાસને શ્રીજીએ રાણા પાસે સંદેશો લઈને મોકલ્યા હતા. દરબારિયોએ તેમને ધમકાવીને કાઢી મુક્યા. ગરીબદાસ તો પાછા આવી ગયા પરંતુ તેમના રાજ્યમાં હો... હા થઈ ગઈ.

શ્રીજીએ અહીંથી જવાનું નક્કી કરી લીધું છે એ વાત જ્યારે રાણાને ખબર પડી ત્યારે કે જો મારા રાજ્યમાં આવેલા સંતને હું જવા દઉં તો તો મારો ધર્મ લાજે. મારા પર બાદશાહનું દબાણ હોવાથી મને તેનું ટેન્શન જરૂર છે છતાં હું તેમને અહીંથી પ્રસ્થાન કરવાની રજા આપું છું. દજ્જાલ લોકો કહેવા લાગ્યા આ વૈરાગીઓને લૂંટી લો અને બહાર કાઢી મુકો. રાણા ત્યાં જ ઊભા હતા. તેમણે આ વાત સાંભળીને તેમણે વિચાર્યુ કે જો આમ થશે તો હું બદનામ થઈ જઈશ, કે રાણા સાધુની રક્ષા પણ ન કરી શક્યો. તેણે પાસે ઉભેલા ભીમસેને રાણાને કહ્યું કે તો એ લોકોને કોટવાળને હવાલે કરી દો. એજ વખતે સેનાએ ચારે બાજુથી તેમને ઘેરી લીધા કોઈ ક્યાંય જઈ શક્યું નહીં. ત્યારે રાણાએ કોટવાળને શ્રીજી પાસે મોકલીને કહ્યું કે હવે તમે અહીંથી પ્રસ્થાન કરો અત્યારે તો હું મુસીબતમાં છું તેથી તમારી રક્ષા કરી શકતો નથી. ફરી ક્યારેક આવજો.

શ્રીજીએ જવાનો વિચાર કર્યો ત્યારે રાણા મહાસિંહ તેમના દર્શને આવ્યા. શ્રીજીએ તેમને શિરોપાવ પહેરાવીને કહ્યું કે હું તો તમારા પ્રદેશમાંથી જઈ રહ્યો છું પરંતુ, તમે સાવધાન રહેજો.

આ વખતે ઉદેપુરમાં જે સુંદરસાથની જાગણી થઈ તેના નામ નીચે મુજબ છે. લાધુઆઈ, અમરાજી, દેવજી, હરસુન્દર, મંગલભાઈ, ગિરધરભાઈ, આમ સાત-આઠ સુંદરસાથ શ્રીજીના ચરણોમાં આવ્યા તે બધાને શ્રીજીએ તળાવ પર નિર્ગુણ વેશ ધારણ કરાવીને આગળ પ્રસ્થાન કર્યું.

**:: મંદસૌરની વિતક ::**

શ્રીજી ઉદેપુરથી મંદસૌર આવ્યા. સંવત ૧૭૩૬-૩૭નો સમય હતો ત્યારે શ્રીજીએ ફકીરી વેશા ધારણ કર્યો હતો. મસ્તક પર કાનટોપી, કાનમાં શ્રવણી, ગળામાં તુલસીમાળા, તમેજ અન્ય બે-ચાર માળા અને ઓઢવા માટે હાથે બનાવેલી ગોદડી, અંગુઠા બાંધેલી ધોતી અને કમર પર એક તાંબાનું પાત્ર. ખભા પર ઝોળી લટકાવેલી છે.

શ્રીજીનો વેશ જોઈને બધા મોમિનો પણ આવો જ વેશ ગ્રહણ કરી લીધો. બાઈજુરાજે પણ ફકીરી વેશ ધારણ કર્યો અને આનંદથી શ્રીજી સાથે ચાલવા લાગ્યા.

રામપુરા પાસે એક ચારણગામ હતું ત્યાં જ તેઓ હવેલી બનાવીને રહેવા લાગ્યા. ત્યાં એક પૂરણમલ રહેતા હતા તેમની માતા શ્રીજીની સેવામાં હાજર રહેતી હોવાંના કારણે તેમને શ્રીજીની થોડી ઘણી પહેચાન થઈ હતી.

ત્યાં દજ્જાલનું જોર વધવાથી એ લોકોએ વૈરાગીઓને લૂંટવાની વાત કરી તે વાત જ્યારે ચારણની માતાએ જાણી ત્યારે તેમને ઘણું જ દુઃખ થયું. તેમણે કહ્યું કે હું એ લોકોની હત્યા કરીને પછી મારો જીવ આપી દઈશ, પરંતુ વૈરાગીઓને લૂંટવા નહીં દઉં. દજ્જાલો આ વાત સાંભળીને પાછા ફરી ગયા. અને શ્રીજી ત્યાંથી મોમિનો સાથે મંદસૌર પધાર્યા. અહીં તેઓ હરપ્રસાદના ઘરમાં રહીને બધાને સનંધો સંભળાવવા લાગ્યા.

એ વખતે દૌલતખાનની સાથે અન્ય પઠાણો પણ શ્રીજીના ચરણોમાં આવ્યા. બીજી બાજુ કૃપારામ ઉદયપુરથી બધા સુંદરસાથ વતી ચિટ્ઠી લઈને આવ્યા હતા. આ સાંભળીને ઉદયપુરની પહાડીમાં વિલાપ કરી રહ્યા હતા. આ સાંભળીને શ્રીજી દુઃખી થયા અને તેમણે શ્રી રાજજી મહારાજને વિરહાથી યાદ કર્યા. તે વખતે પાંચ કિરંતન ઉતર્યા.

અહીં ઈબ્રાહીમને શ્રીજીના સંગાથમાં ઘણો આનંદ આવવા લાગ્યો. તે બીજીવાર આવીને કહેવા લાગ્યા કે કુરાનમાં એક જ ખુદાની ઈબાદત કરવાનું



લખેલું છે. તેણે ઘણીબધી આયાતો શ્રીજીને સંભળાવી ત્યારે શ્રીજીએ કહ્યું કે આમાં તો બધી મારી જ વાતો લખેલી છે. આ આયાતો ઉતારવા તૈયાર થયો. લખતા - લખતા તેના પર શૈતાન સવાર થયો અને તેણે વિચાર્યું કે આ તફસીલ હું મારા ઘેર જ શા માટે ન લઈ જાઉં. લાલદાસજીને તરત જ ખબર પડી ગઈ કે આની દાનત બગડી છે. તેમણે શ્રીજીને જણાવ્યું તો, શ્રીજી પણ સમજી ગયા આ વાતની જાણ મહોબ્બત ખાં ને થઈ. તેમણે ઈબ્રાહીમને ખૂબ ઠપકો આપ્યો. ત્યારે તેણે તેમના ચરણ પકડી લીધા. મહોબ્બત ખાં એ કહ્યું કે જા, જઈને શ્રીજીના ચરણોમાં પ્રણામ કર અને મોમિનોને ખુશ કર. સવારે ઈબ્રાહીમ શ્રીજી પાસે આવીને પોતાની ભૂલ સ્વીકારી લીધી.

આ સમયે સુંદરસાથ જુદા - જુદા રહીને ખાવાનું ભીખ માંગી લાવતા હતા અને શ્રીજી અત્યંત પ્રેમથી તેને આરોગતા હતા. જમતા-જમતા પૂછતા જતા કે આ કોની ઝોળીનું છે ? જેની ઝોળીમાંથી શ્રીજી આરોગતા તે સુંદરસાથ તો પરમધામના સુખથીય વિશેષ આનંદિત થતો હતો. આ પ્રમાણે બધા શાંતિથી હળી-મળીને રહેતા હતા.

હવે શ્રીજીએ મુકુંદદાસજીને રાજા ભાવસિંહ પાસે મોકલીને કહ્યું કે જઈને જુઓ કે એમનામાં અંકુર છે કે નહીં ? મુકુંદદાસજી ત્યાં ગયા. સરસ રીતે ચર્ચા થઈ અને શ્રીજીને પણ ત્યાં બોલાવી લીધા.

મુકુંદદાસજીએ શ્રીજી પાસે આવીને ચિટ્ઠી દ્વારા આ ખબર સંભળાવી તો બધા ખૂબ આનંદિત થયા અને મંદસૌરથી જવાનું નક્કી કર્યું.

અહીંથી તેઓ સીતામઉ અને નૌલાઈ થઈને ઉજ્જૈન પહોંચ્યા. અહીં ધનબાઈના ઘરમાં બાવીસ દિવસ રોકાઈને નૌલાઈ પહોંચ્યા. ત્યાં એક દિવસ રોકાઈને બુઢાનપુર ગયા ત્યાં પણ એક દિવસ રોકાઈને ઔરંગાબાદ પાસે આવેલા દૂધલાઈમાં ભાવસિંહના ઘર નજીક પડાવ નાખ્યો. દજ્જાલોએ વિરોધ કર્યો ત્યારે શ્રીજીએ મુકુંદદાસ, કેશવદાસ, ખિભાઈ અને વલ્લભ એમ ચાર મોમિનોને ભાવસિંહને જગાડવા માટે ઔરંગાબાદ મોકલ્યા. તેઓ ઔરંગાબાદ ગયા ત્યારે એક દુકાનમાં રામદાસ મહંત બેઠા હતો તેની સાથે વિવાદ થયો, જેથી મુકુંદદાસ અને બીજા સુંદરસાથને માર મારીને ગરનાળાની પેલે પાર ધકેલી દીધા. કહ્યું કે જો હવે તમે ઔરંગાબાદમાં દેખાશો તો ફરીથી માર પડશે.

દજ્જાલનું જોર જોઈને સુંદરસાથે વિચાર કર્યો કે આ લોકો હવે રાજાને નહીં મળવા દે. તેથી તેમણે ભિખારીનો વેશ લઈને રેશમની એક થેલીમાં ભાગવતના પ્રશ્નો અને બીજી થેલીમાં પ્રસાદ મુકીને મંદિર આગળ બેસી ગયા. તેમણે વિચાર્યું કે રાજા મંદિરમાં આવશે ત્યારે તેને આ આપી દઈશું. ભાવસિંહ જ્યારે દર્શન કરવા આવ્યા

ત્યારે તેમને મોમિનોએ આ બંને થેલી આપી દીધી. ભાવસિંહે તે લોકોને બોલાવીને સ્વામીજીની ખબર પૂછી અને કહ્યું કે તમે લોકો શા માટે અહીં આવ્યા છો ?

તેઓ ભાગવત અને વેદાંતના પ્રશ્નો વાંચીને તેના પર ચર્ચા કરવા લાગ્યા. ત્યાંજ દજ્જાલ રામદાસ મહંત બેઠો હતો. ઈર્ષાવશ તેણે કહ્યું કે અરે આ તો બે કૃષ્ણની વાતો કરે છે, આવું તો કોઈ શાસ્ત્રોમાં નથી લખ્યું આ લોકોનું મોઢું પણ જોવા જેવું નથી. ત્યારે ભાવસિંહને ગુસ્સો આવ્યો. તેણે કહ્યું કે આ લોકો બરાબર કહી રહ્યા છે. એક તું જ દજ્જાલ બનીને મારા રસ્તામાં અવરોરૂપ બની રહ્યો છે.

રાજાએ કહ્યું કે આ લોકોને મારી હવેલી નજીક ઉતારો આપો. તે સાંભળીને રામદાસ પોતાની પોલ ખૂલી જવાની બીકે ફફડી ઉઠ્યો. તેણે કહ્યું કે મહારાજ, મને પણ આ લોકોની સેવા કરવાનો મોકો આપો. હું એમને મારા ઘેર લઈ જવા ઈચ્છું છું. ત્યારે મુકુંદદાસજીએ પોતાની સૂજી ગયેલી પીઠ રાજાને બતાવીને કહ્યું કે જુઓ, મહારાજ આમણે તો અમારી બહુ સારી સેવા કરી છે. રાજાએ ગુસ્સે થઈને કહ્યું કે રામદાસ મારે ત્યાં આવનારની તું આવી સેવા કરે છે ? જા, નીકળી જા મારા દેશમાંથી. ત્યારબાદ મુકુંદદાસજી તરફ જોઈને તેમણે દરબારમાં બેઠેલા અન્ય પંડિતોને કહ્યું કે આમના પ્રશ્નોના જવાબ આપો. પરંતુ, પંડિતો જવાબ ન આપી શક્યા તેથી રાજાએ કહ્યું કે જ્યાં સુધી તમે જવાબ નહીં આપો ત્યાં સુદી તમારા ખર્ચા-પાણી બંધ કરી દેવામાં આવશે. આવી શરત સાંભળીને પંડિતોએ ૮૦ પ્રશ્નો તૈયાર કર્યા. મુકુંદદાસજીએ બીજા જ દિવસે તેમના તમામ પ્રશ્નોના ઉત્તરો આપી દીધા પરંતુ, પંડિતો મુકુંદદાસજીના માત્ર ૨૩ પ્રશ્નોના ઉત્તર પણ આપી શક્યા નહીં. તે લોકો વિચાર કરીને મુકુંદદાસજીને મળ્યા અને કહ્યું કે જો સ્વામીજીએ એવું જ કહ્યું હોય કે પંડિતોની રોજી-રોટી છીનવી લો, તો પછી અમે બીજું શું કરી શકીએ ? તેમને હતાશ થયેલા જોઈને મુકુંદદાસજીએ કહ્યું કે એવું કશું જ નહીં થાય. હું રાજાને વાત કરીશ. બીજા દિવસે તેમણે રાજાને મળીને કહ્યું કે, મહારાજ આ તો બધી અખંડની લીલા છે. પંડિતો પાસે આનો ઉત્તર ક્યાંથી હોઈ શકે ? ત્યારે રાજાએ એ લોકોને અર્ધા દિવસના ખર્ચના પૈસા ગણી આપ્યા.

બીજા-ત્રીજા દિવસે જ ભાવસિંહે પહેચાન થઈ ગઈ તેમણે તારતમ લીધો અને મુકુંદદાસજીને કહ્યું કે તમે સવારી લઈને સ્વામીજીને લેવા જાઓ. મુકુંદદાસજી મંદસૌર ગયા અને શ્રીજીને સાથે લઈને ઔરંગાબાદ આવ્યા. રાજાએ આવીને ચરણોમાં પ્રણામ કર્યા તથા હવેલીમાં જ રહેવાની વ્યવસ્થા કરીને તન-મન-ધનથી સેવા કરવા લાગ્યા. આ જ સમયે રાસલીલાના કેટલાક કિરંતન ઉતર્યા. કુરાનની વાત નીકળતા જ તેના પર સૌ વિચાર કરવા લાગ્યા.



ભાવસિંહે શ્રીજીને કહ્યું કે મારા રાજ્યમાં જે ચાર મુસલમાન છે એમને તમે સમજાવો તો પછી હું ઔરંગઝેબ સાથે લડવા તૈયાર છું. શ્રીજીએ પ્રસન્ન થઈને કહ્યું કે, તે ચારેયને મારી પાસે મોકલી આપો હું એમને સમજાવીશ. તમે કુરાનની વાતો સમજીને ધર્મના કાર્ય માટે કમર કસીને તૈયાર થઈ જાવ. ભાવસિંહે શ્રીજીની આજ્ઞા માથે ચઢાવી અને ચર્ચા થવા લાગી.

ઉદેપુરમાં શ્રીજીની મુલાકાત એક ભટ્ટ ભવાની સાથે થઈ હતી. તે અહીં આવ્યા અને તેમણે શ્રીજીને ભેટ આપવા માટે બુધ્ધગીતા અને બુધ્ધસ્તોત્ર નામના બે નાના પુસ્તકો છેક દક્ષિણમાંથી ખરીદીને લાવ્યા હતા આ ગ્રંથમાં લખ્યું હતું કે કળિયુગમાં બુધ્ધ નિષ્કલંક અવતાર થશે જે સૌને જાગ્રત બુદ્ધિનું જ્ઞાન આપીને મોક્ષ પ્રદાન કરશે.

અહીં બંને ગ્રંથોની ચર્ચા થવા લાગી, અનેક લોકો સાંભળવા આવવા લાગ્યા. જેમ જેમ પહેચાન થઈ તે બધાએ તારતમ લઈ શ્રીજીના ચરણોમાં પ્રણામ કર્યા. આ સમયે પેલા ચાર મુસલમાનો પણ આવ્યા. જેમના નામ જહાન મુહમ્મદ, અવ્વલખાન, નૂર મહંમદ અને મુહબ્બ ખાં. આ ચારેય જણ એક એકથી ચઢિયાતા વિદ્વાન મુલ્લા હતા. તેમણે ઘણા મૌલવીઓને ભણાવીને વિદ્વાન બનાવ્યા હતા. એમાંના એકે શ્રીજીને પ્રશ્ન કર્યો કે કયામતના સમયે મડદા કેવી રીતે ઉઠશે ? ત્યારે શ્રીજીએ કુરાન ખોલીને તેમને સમજાવ્યું કે કયામતના નિશાનો બાતૂની અર્થમાં કહેવામાં આવ્યા છે તેથી તેને જાહેરી અર્થમાં લેવાના બદલે બાતૂની અર્થ લો. બાતૂની અર્થમાં જોઈએ તો કબરોમાંથી દાટેલા મડદા ઉભા થશે એમ માનવું જ ભૂલ ભરેલું છે. કબર અર્થાત આપણું શરીર અને મડદુ એટલે અંદર સુધ બનીને પડી રહેલી આત્મા. આ શરીરરૂપી કબરમાં જાગૃત બુદ્ધિ વિના આપણી આત્મા મડદા સમાન સુષુપ્ત અવસ્થામાં પડી છે જ્યારે તેને જાગૃત જ્ઞાન મળશે ત્યારે તે જાગીને ઉભી થશે. એને જ કબરમાંથી મડદા ઉભા થયા કહેવાય નહીં કે આપણે બનાવેલી કબરમાંથી દાટેલા મડદા ઉભા થાય. આત્માને પરમાત્માની પહેચાન થવી એ જ મડદાનું ઉભા થવું કહેવાય. રૂહો ખેલ જોવા માટે આ ત્રીજા બ્રહ્માંડમાં આવી ત્યારે ખુદાએ તેમને કયામતના સમયે આવવાનું વચન આપ્યું હતું તે પ્રમાણે એ ઈમામ મહેંદીના રૂપમાં આવી ગયા છે. હવે જે લોકો તેમના જાગ્રૃત બુદ્ધિના જ્ઞાનનો ફાયદો નથી લેતા તે લોકો વ્યર્થ ભટકતા જ રહી જાય છે. આ ઉપરાંત શ્રીજીએ તેમને વ્રજ-રાસની લીલા પણ સમજાવી ત્યારે ત્રીજા જ દિવસે જહાન મુહમંદને પહેચાન થઈ ગઈ. તેઓ રોજ ચર્ચા સાંભળવા આવવા લાગ્યા. અન્ય મુસલમાનો પણ આવવા લાગ્યા. ચર્ચા વખતે જહાન મહંમદને જોશ આવ્યો તો શ્રીજીએ તેને શાંત પાડ્યા.

ફતે મોહંમદે જ્યારે આ વાત સાંભળી ત્યારે તેણે ગુસ્સે થઈને કહ્યું કે કોણ છે આ વૈરાગીઓ ? મારી સાથે તેમની મુલાકાત કરાવો. તેણે હદીસોના ૪૦ પ્રશ્નો લખીને શ્રીજી પાસે મોકલાવ્યા તો જહાન મોહંમદ દ્વારા જ શ્રીજીએ તેના ઉત્તરો ફતે મોહંમદ પાસે મોકલાવી દીધા. તે જોઈને ફતેહ મોહંમદ તો આશ્ચર્યચકિત થઈ ગયો. છતાં તેણે હકીકત સામે આંખ આડા કાન કરીને કહ્યું કે હું શું કામ આગળ થાઉં ? જ્યારે બાદશાહ માની લેશે ત્યારે હું પણ માનીશ. એણે બધા મુસલમાનોને ભડકાવીને જહાન મોહંમદ સાથે ઝઘડવા લાગ્યો. શ્રીજીએ આ વાત સાંભળીને કહ્યું કે, આ દજ્જાલનું જોર છે. એમની વાતોમાં ન આવશો. કેટલાક મુસલમાને ભેગા મળીને શ્રીજી સાથે લડાઈ કરવાનું નક્કી કર્યું. રાત્રિના ૧૦-૧૨ વાગ્યે તેઓ શ્રીજીને ત્યાં આવ્યા અને જોયું તો મજલિસ બેઠેલી હતી. ચર્ચા ચાલુ જ હતી. મોમિનોની આગળ રહેલો પર કિતાબો પધરાવેલી હતી, અને બંને બાજુ પિત્તળના દિવા પ્રગટાવેલા હતા. આ બધુ જોઈને બહારથી જ તેઓ બૂમો પાડીને કહેવા લાગ્યા કે, માળા પહેરીને, ચાંલ્લો કરીને પાછા કુરાનનું પઠન કરો છો ? આવું કેવી રીતે શક્ય બને ? તે સાંભળીને શ્રીજીને જોશ આવ્યો. તેમણે કહ્યું કે અમે તો ખુદા પરવરદિગાર પૂર્ણ બ્રહ્મ પરમાત્મા અને રસૂલ મોહમંદ સાહેબના પ્રેમની વાતો કરી રહ્યા છીએ. તમને એને રોકવાનો હુકમ કોણે આપ્યો એ બતાવો ? જહાન મોહંમદે કહ્યું કે, એ હું તમારો ઉત્સાદ છું તમે બધા મારી પાસે તૈયાર થયેલા છો અને પાછા મારી જ સામે બુજરગી કરવા આવ્યો છો ? આ વખતે મિહીનખાં, ગાજી ખાન, અવ્વલખાન તથા જહાન મોહમંદ ને જબરાઈલનો જોશ આવ્યો.

આ બધુ દૃશ્ય જોઈને પેલા લોકો તો ગભરાઈને કહેવા લાગ્યા કે ચાલો ભાઈ, અહીં તો ગજબ થઈ ગયો. કુરાનમાં જેટલું લખ્યું છે, એનાથી પણ આગળની વાતો અહીં થઈ રહી છે. તેમણે શ્રીજીને કહ્યું કે ભગતજી અમે જઈએ છીએ. અમારા હૃદયમાં જે પટ હતું તે હવે સાફ થઈ ગયું છે. અમે તમને જે કાંઈ કહ્યું એ બદલ અમને માફ કરજો. તેઓ પાછા આવીને પોતાની જમાતમાં કહેવા લાગ્યા કે આ સાધુઓ તો મોટા જાદુગર છે. અમારાથી તો ત્યાં કંઈ થઈ શક્યું જ નહીં.

અહીં રાજા ભાવસિંહનું દેહાંત થતા જ તેના ખાસ માણસ ફતે મોહંમદ કે જે શ્રીજી સાથે વેર રાખતો હતો, તેણે તેના નોકરોને આજ્ઞા કરી કે જઈને પેલા સાધુઓને પકડી લાવો. શ્રીજી તો બાજુની હવેલીમાં જ રોકાયેલા હતા, છતાં પેલા નોકરો તેમને શોધી ન શક્યા. એજ વખતે જહાન મહંમદે શ્રીજીને બધી વાત કરીને ત્યાંથી નીકળી જવાની પ્રાર્થના કરી. શ્રીજી રાત્રે ને રાત્રે જ ત્યાંતી ચાલી નીકળ્યા. તેઓ સાતસો કોસ આગળ નીકળી ગયા અને અનેક પ્રયાસો છતાં સેના તેમને પકડી ન શકી.



રસ્તામાં શ્રીજીને ભીમસેન મળી ગયા. તેઓ શ્રીજીના દર્શન માટે જ ઔરંગાબાદ આવી રહ્યા હતા. શ્રીજીએ તેમની પાસે કુરાનના કેટલાક પ્રશ્નો લખાવીને તેની ત્રણ કોપીઓ તૈયાર કરાવી મલૂકચંદને કહ્યું કે તમે ઔરંગાબાદ જઈને એની એક કૉપી ફતુઅલ્લાને, બીજી કોપી હિદાતુલ્લા કાજીને અને ત્રીજી કોપી દિવાનને પહોંચાડી આવો. એમાં કયામતની બધી જ હકીકત લખેલી છે. તેમની સાથે વીરજીભાઈને પણ ઔરંગાબાદ મોકલ્યા.

### :: બુદ્ઢાનપુરની વિતક ::

બુઢાનપુર પહોંચીને શ્રીજીએ લાલદાસજી તથા નૂરમહંમદને પૌગામ લઈને દિલ્હી કાજી પાસે મોકલી આપ્યા. તેઓ કાજીને મળ્યા તો કાજીએ તેમને આવકાર આપીને પૂછ્યું કે, કયા કારણસર આવ્યા છો ? ત્યારે મોમિનોએ કહ્યું કે, અમારા હાદીએ ધર્મનો સંદેશ લઈને, અમને તમારી પાસે મોકલ્યા છે. તમે એનો જવાબ આપો. ત્યારે કાજીએ કહ્યું કે, અત્યારે તો હું બહાર જઈ રહ્યો છું તમે લોકો સવારે આવજો. સવારે એનો જવાબ આપીશ. મોમિનો બીજે દિવસે કાજી પાસે ગયા ત્યારે તેમની પાસે કાજી શેખ ઈસ્લામના કેટલાક મિત્રો પણ ત્યાં બેઠેલા હતા. તેમણે લાલદાસજી પાસેથી પ્રશ્નોનો કાગળ લઈને તેના પર વાદ-વિવાદ કરવા લાગ્યા. જ્યારે કશું જ ન સમજાયું ત્યારે કહેવા લાગ્યા કે આ તો ખોટુ લખેલું છે. તેમનો જવાબ સાંભળીને લાલદાસજીએ કહ્યું કે, તમે તો હદીસ અને કુરાનની વાતોને જ ખોટી દર્શાવો છો તો પછી અમે તમારી સાથે શી ચર્ચા કરીએ ? કેવી રીતે તમને કયામતની વાતો સમજાવીએ ? ત્યારે કાજી શેખ ઈસ્લામે કહ્યું કે હું કુરાનને ખોટુ નથી કહેતો પરંતુ આ તો ઓછુ ભણેલા-ગણેલા ઉમિયોએ લખવામાં ભૂલ કરી છે. એમ કહેવા માંગુ છું. લાલદાસજીએ કહ્યુ કે ભૂલ એમની નથી તમારી છે તમે એના જાહેરી અર્થ લેવાના બહાને બાતુની અર્થ જુઓ તો તમને હકીકત સમજાશે. કાજીનો મિત્ર કિતાબ હાથમાં લઈને બેઠા હતો. તેના દિલ પર શેતાન સવાર હોવાથી તેણે ગુસ્સે થઈને કહ્યું કે, તમે લોકોએ નવી કિતાબ બનાવી છે. જેમાંની દરેક વાત ખોટી છે. આ સાંભળીને લાલદાસજીને ખૂબ ગુસ્સો આવ્યો. તેમણે પોતાની કિતાબ હાથમાંથી ખેંચી લીધી તો કાજીએ કહ્યું કે હું તેને મારી પાસે રાખીશ. એમ કહીને લાલદાસજી પાસેથી કિતાબ લઈને તેમણે તેના મિત્રોને આથી અને લાલદાસજીને કહ્યું કે હવે તમે કહો, શું કહેવા ઈચ્છો છો ? લાલદાસજી સમજી ગયા કે આ લોકોની દાનત સારી નથી. આ લોકો અમને મારશે. અમારા કહેવાથી પણ એમને કંઈ સમજાય એવું લાગતું નથી, તેથી તેઓ ચૂપ રહ્યા. તેમનું મૌન જોઈને કાજીએ ગુસ્સે થઈને કહ્યું કે, બોલોને હવે તમારે શું કહેવુ છે ? લાલદાસજીએ દુઃખી થઈને કહ્યું કે હું તમને શું કહું

તમે તો ખૂબ સમજદાર છો મારે જે કહેવાનું હતું એ મે કહી દીધું. ત્યારે કાજીએ કહ્યું કે, ઈમામ મહેંદીને કોઈ શોધી શક્યું નથી. તમે શું એમનો દાવો લઈને આવી ગયા છો ? આટલું સાંભળતા તો લાલદાસજીએ ગુસ્સે થઈને કહ્યું કે બસ, બંધ કરો હવે, આવી વાત ફરી ન કરશો. હવે અમે તમને ઈમામ મહેંદીનો સંદેશો ફરી ક્યારેય નહીં આપીએ. અમે જઈએ છીએ. ત્યાંથી મોમિનો મુફતી અબ્દુલ રહેમાનના ઘરે ગયા. તેમણે કાજીના ઘરનું સઘળું વૃંતાત તેમને કહી સંભળાવ્યું અને કહ્યું કે હું અને તમે એકજ વતનથી આવ્યા છીએ તેથી તમને આ કહી રહ્યો છું. અમે તો રસૂલ ખુદાની પહેંચાન કરી લીધી હવે તમે પણ કરી લો. ત્યારે મુફતીએ જવાબ આવ્યો કે રસુલ સાહેબ તો કયામતના સમયે આવવાના છે. તમે તો અત્યારથી કયામત લઈ આવ્યા? એ સમય તો હજુ ઘણો દૂર છે. તમે તમારૂં પુસ્તક લઈ આવો હું બધી તારીખો મેળવીને તમને બતાવી દઈશ. ત્યારે લાલદાસજીએ કહ્યું કે તમે મોટી ભૂલ કરી રહ્યા છો ? તમે જેને વીતી ગયેલી વાતો કહો છો એ બધી તો વર્તમાનની, આજની વાતો છે. રસૂલ સાહેબ અને મોમિનો બંને આવી ગયા છે. હું તમને જાણ કરું છું પછી અમને દોષ ન આપતા આ પ્રમાણે ત્રણ દિવસ સુધી વાર્તાલાપ ચાલ્યો.

ત્યાં જ શ્રીજીની ચિટ્ઠી આવી કે તમે ત્યાંથી તરત જ આવી જાઓ. પાણી પીવા પણ ન રોકાશો. ચિટ્ઠી વાંચીને લાલદાસજી તથા નૂર મહંમદ ત્યાંથી પાછા આવ્યા. નારાયણદાસજી ચિટ્ઠી લઈને આવ્યા હતા. તેમણે આવીને શ્રીજીને સઘળી હકીકત સંભળાવી. શ્રીજીએ કહ્યું કે શ્રી રાજજી મહારાજની મોટી મહેરબાની કે તમે લોકો કાળના પંજામાંથી છટકીને આવી ગયા.

## :: આકોટની વિતક ::

બુઢાનપુરથી આકોટ આવીને શ્રીજી ચાર મહિના અહીં રોકાયા. બધા સુંદરસાથ વિચાર કરતા હતા ત્યારે શ્રીજીએ ઔરંગાબાદમાં રહેતા ફતે અલ્લાને પત્ર લખીને કયામતના નિશાનો દર્શાવવા જણાવ્યું. તેમણે કહ્યું કે જો તમારી સમજમાં આવે તો આનો જવાબ લખીને મોકલો. આ પ્રમાણે કાજી હિદાતુલ્લા અમાનતખાં દિવાન તથા બહાદૂરખાને પણ પત્ર મોકલી આપો.

બધા પત્રો રવાના થયા પરંતુ એકપણ જવાબ આવ્યો નહીં. આ વખતે અબ્બલખાન તેના ભાઈ પાસેથી ભાગીને શ્રીજીના શરણમાં આવી ગયો. તેને શ્રીજીની પૂર્ણ પહેચાન થઈ ગઈ હોવાથી તેણે શ્રીજીને કહ્યું કે હવે મારે માયામાં નથી રહેવું. આકોટના ચોધરીને પણ થોડી-ગણી પહેચાન થઈ અને તેણે દુનિયાદારીના શિરસ્તા પ્રમાણે શ્રીજીને પોતાના ગુરુ બનાવી લીધા. તેણે બે-ચાર



વખત શ્રીજીને પોતના ઘેર બોલાવીને ચર્ચા પણ કરાવી. ત્યાં જયારે કબીરની ચર્ચા થઈ રહી હતી ત્યારે એક બ્રાહ્મણ ચર્ચા સાંભળવા આવ્યો. ચર્ચા પૂરી થયા બાદ તેને પૂર્ણ પહેંચાન થઈ ગઈ. એ ચર્ચા અને વાણીના અમૃત રસમાં એટલો મગ્ન થઈ ગયો હતો કે તેને પોતાની આગળ-પાછળનું કંઈ જ ભાન ન રહ્યું. સુધ જ ખોઈ બેઠો હતો તેની નજર તો શ્રી રાજજી સાથે લાગેલી હતી એ ઘેર જાય અને તરત જ પાછો આવી જાય. આખો દિવસ આમ જ કર્યા કરતો. કોઈની સાથે કશી વાત પણ ન કરતો જો કોઈ પુછે તો તે કહેતો કે શ્રીજી બસ એક આપ જ છો આપના સિવાય અન્ય કોઈ નથી. એક દિવસ તે શ્રીજીની પાછળ-પાછળ નદી કિનારે જઈ પહોંચ્યો. ત્યાં શ્રીજી દાંતણ કરતા હતા તેને તો પોતાનું કંઈ ભાન રહ્યું જ નહોતું. બસ, રાજજી સિવાય એને કશું ગમતું જ નહોતું. એ તો શ્રીજી સામે જોવામાં ને જોવામાં પહેરેલા કપડે નદીમાં પડી ગયો. કેટલાક લોકોએ આ જોઈને એને બહાર કાઢ્યો અને કપડાં સૂકાઈ ગયા પછી તેને પહેરાવ્યા. જમવાનું પૂછયું તો ખબર પડી કે તેણે ત્રણ દિવસથી કશું જ નથી ખાધુ. ત્યારે શ્રીજીને લાગ્યું કે હવે આનું ધ્યાન બીજે વાળવુ પડશે. તેના ભાઈઓને બોલાવીને ટીંગાટોળી કરીને તેને ઘેર પહોંચાડ્યો. બસ એનો એટલો જ અંકુર હતો. એ વખતે ઉદેપુરના શુકદેવ નામના બ્રાહ્મણે પણ શ્રીજીની પહેચાન કરી અને તેમની સાથે આત્માનો નાતો જોડ્યો.

અહીંથી શ્રીજી કાપસ્તાની આવ્યા. ચર્ચા સાંભળ્યા બાદ દગડા, દત્તા અને અમરાજીભાઈ પોતાના કુટુંબ સહિત ઈમાન લાવ્યા. કાપસ્તાનીમાં પાંચ-દસ દિવસ રોકાઈને શ્રીજી એચલપુર આવ્યા. એક ખેડૂતે શ્રીજીની સેવા કરી અને કહ્યું કે આપ અહીં રોકાવ તો મને સેવાનો લાભ મળે. અમારા ખેતરમાં જુવારની ખેતી ખૂબ જ થઈ છે. ચાર દિવસ ત્યાં રોકાઈને રસ્તામાં આવતા અનેક ગામોમાં થઈને તેઓ દેવગઢ પહોંચ્યા. દેવગઢમાં પણ ચાર દિવસ રોકાઈને તેઓએ રામગઢ તરફ પ્રણામ કર્યું.

## :: રામગઢની વિતક ::

શ્રીજી બધા સુંદરસાથ સહિત ફકીરી વેશમાં જ રામનગર આવ્યા. સમદ નામના ઘોડા પર શ્રીજી સવાર થતા અને સુંદરસાથ તેમની પાછળ-પાછળ ચાલતા હતા. મોમિનો ભીખ માંગીને લાવતા અને ખૂબ પ્રેમથી શ્રીજીને ખવડાવતા. સામે શ્રીજી પણ એટલા જ પ્રેમથી બધાની ઝોળીનું ભોજન આરોગતા હતા. કેતકી નદીના કિનારે બધા સુંદરસાથ ભેગા મળીને રહેવા માટે એક લાંબુ અને પહોળુ અસ્તબલ (તંબુ, ઝૂંપડુ) બનાવ્યું. અહીં છતઈ આવ્યા અને શ્રીજીની પહેચાન કરી. ઘણા બધા સુંદરસાથ આવ્યા. આ વાત જયારે હરીસિંહે સાંભળી તો તે પણ દર્શન માટે આવ્યા. તેમની સાથે સુજાનસિંહ તેમજ સૂરતસિંહ પણ આવ્યા. તેઓ ચર્ચા સાંભળીને અત્યંત ખુશ થયા. તેમણે સુંદરસાથ સહિત શ્રીજીને પોતાના ઘેર આમંત્રીને

વિવિધ-જાતના પકવાન બનાવી જમાડ્યા.

તેઓ શ્રીજીને અટારી પર લઈ ગયા અને અરજી કરી કે શ્રીજી આ માયાથી હું ખૂબ કંટાળી ગયો છું.શ્રીજીએ તેમને આશીર્વાદ આવ્યા કે જાઓ તમારૂં તમામ કાર્ય પૂર્ણ થશે.

કિશોરસિંહ ઉપર ઉપરથી ઈમાન લાવ્યા. તેણે શ્રીજીને પોતાના નિવાસસ્થાને આમંત્રીને પ્રેમથી ભોજન કરાવ્યું. અહીં તેમની એક દાસી પણ દરરોજ દર્શન કરવા આવતી અને કંઈકને કંઈક ચઢાવવા માટે લાવતી હતી. તે પણ ઈમાન લાવી.

અહીં દજ્જાલે તેનું વિકરાળ રૂપ બતાવ્યું. રામનગરમાં મરઘી (પ્લેગ) નો રોગ થવાથી ઘણા બધા સુંદરસાથ ધામ જવા લાગ્યા. સમસ્યા એટલી બધી વકરી ગઈ કે, એક સુંદરસાથેને સ્મશાનઘાટ પર મૂકીને આવે ત્યાં તો બીજાની લાશ તૈયાર હોય ! આમ, મોમિનોને દુઃખી જોઈને શ્રીજીએ શ્રી રાજજી મહારાજને અરજ કરી ત્યારે શાંતિ થઈ.

અહીં તે સમયે ઔરંગઝેબે પુરદલખાનને હુકમ કર્યો કે, રામનગરમાં એક વૈરાગી રહે છે તે કોણ છે અને તેનો હેતું શું છે ? તેની તપાસ કરો. પુરદલખાને તેના સેનાપતિ શેખ ખિદરને આ તપાસ સોંપી શેખ ખિદર ગામ બહારથી જ બૂમો પાડવા લાગ્યો કે મને બાદશાહે વેરાગીને પકડવા મોકલ્યો છે. એ લોકોને પકડો અથવા યુદ્ધ માટે તૈયાર થઈ જાવ. રાજાએ આ વાત સાંભળીને કોટવાળને શ્રીજી પાસે સંદેશો લઈને મોકલ્યા. તેમને કહ્યું કે અમારા પર બાદશાહનો આવો હુકમ આવ્યો હોવાથી તમે ચાર દિવસ માટે બીજે ક્યાંક ચાલ્યા જાવ. ત્યારબાદ શ્રીજીએ કોટવાળને કહ્યું કે અમે બાદશાહ થી ડરતા નથી. આવવા દો એને હું તો ઈચ્છું જ છું કે બાદશાહ મારી પાસે આવે. કોટવાળે રાજાને જઈને શ્રીજીનો સંદેશો પહોંચાડ્યો તો રાજાએ ચિતિંત થઈને ફરીથી કોટવાળ પાસે કહેવડાવ્યુ કે જો બાદશાહ તમને પકડી જશે તો અમારી બદનામી થશે તેથી મહેરબાની કરીને આપ થોડાક દિવસ અન્ય સ્થળે ચાલ્યા જાવ. શ્રીજીએ કોટવાળને કહ્યું કે તમે રાજાને કહો કે તે અમારી ચિંતા ન કરે. અમે અમારો બચાવ સ્વયં કરી લઈશું. તમારે અમારી રક્ષા કરવાની જરૂર નથી. આ સાંભળીને રાજા આશ્ચર્ય થયું કે આ કેવા વૈરાગી છે જે બાદશાહથી પણ ડરતા નથી ? ત્યારબાદ રાજાએ સુવંશરાયને મોકલ્યા તો શ્રીજીએ એમને પણ આવો જ જવાબ આપ્યો. રાજાને ચિતિંત જોઈને સુવંશરાયે કહ્યું કે આપ શા માટે ચિંતિત થઈને વારંવાર તેમને સંદેશો મોકલો છો ? તમારી ફરજ હતી એમને ચેતવવાની તે તમે બજાવી હવે એમણે શું કરવું એ એમને નક્કી કરવાનું છે.



બીજા દિવસે શેખ ખિદર રાજા પાસે ગયો અને કહ્યું કેતમે વૈરાગીઓને પકડી લાવે, અમે તેમને સુલતાન પાસે લઈ જઈશું. જો તમે આમ કરવા તૈયાર ન હો તો પછી યુધ્ધ માટે તૈયાર થઈ જાવ. રાજાએ તેને જવાબ આપ્યો કે અમારી વૈરાગીઓ સાથે કોઈ સંબંધ નથી તમે તમારી રીતે એમને પકડીને લઈ જાવ. આ પ્રકારનો જવાબ સાંભીને શેર ખિદર પોતાની હવેલીમાં આવીને દિવાન ભિખારીદાસ સાથે ચર્ચા કરવા લાગ્યો કે હવે આ વૈરાગીઓને પકડવા કઈ રીતે ? ત્યારે ભિખારીદાસે કહ્યું કે પહેલા મને જવા દો હું તેમની માહિતી મેળવીને તેમને પકડી લઈશ. ભિખારીદાસજી શ્રીજી પાસે આવીને પ્રણામ કરી કહેવા લાગ્યા કે બાદશાહના હુકમથી હું તમને પકડવા આવ્યો છું. ત્યારે શ્રીજીએ કહ્યું કે હું તો એની જ રાહ જોઈ રહ્યો હતો કે બાદશાહ ક્યારે મને યાદ કરે અને ક્યારે કોઈ પકડી મને બાદશાહ સમક્ષ હાજર કરે. તમે મને જરૂર બાદશાહ પાસે લઈ જશો. પરંતુ, પહેલાં ચર્ચા તો સાંભળો. ચર્ચાનો પ્રારંભ થયો. ભાગવત અને કુરાનના બધા સંકેતો સમજાવીને મૂળ પરમધામ બતાવી દીધુ ત્યારે ભિખારીદાસજીને ઈમાન આવ્યો. તેમણે શ્રીજીના ચરણ પકડીને કહ્યું કે હવે આને હું કદાપિ નહીં છોડું. ત્રણ દિવસ અને ત્રણ રાત લગાતાર ચર્ચા થઈ. તેમને તારતમ જ્ઞાન આપ્યું અને પૂર્ણ પહેચાન કરાવી.

ભિખારીદાસે શેખ ખિદર પાસે જઈને કહ્યું કે મને ત્યાં અંતિમ સમયમાં આવનારા હાદિના દર્શન થયા. શેખ ખિદરે પૂછયું કે તમને કેવી રીતે પહેચાન થઈ તે સંભળાવો. ત્યારે ભિખારીદાસે પોતે સાંભળેલી બધી ચર્ચા તથા ભાગવત, કુરાનના સંકેતો પણ સંભળાવ્યા. તે સાંભળીને શેખને ઘણી નવાઈ લાગી. તેમની સાથે સૈયદ અબ્દુલ રહેમાન તથા રઘુનાથ પણ હતા. તેમને પણ ચર્ચા સંભળાવી અને કહ્યું કે ચાલો તમને હાદીના દર્શન કરાવું. શેખ તરત જ તૈયાર થઈ ગયો. પોતાની સેના સહિત શ્રીજીના દર્શન કરવા આવ્યો. તેણે આવીને શ્રીજીના ચરણોમાં પ્રણામ કર્યા. થોડીક પહેચાન થઈ. ચર્ચા શરૂ થઈ. કયામતના નિશાન અને સનંદો સાંભળી તો પૂર્ણ પહેચાન થઈ ગઈ. અહીં પણ દજ્જાલે એનું કામ શરૂ કર્યું. વેદડના કેટલાક સ્થાનિક મુસલામનોને થયું કે શેખ ખિદર વૈરાગીઓને પકડવા આવ્યો છે તો લાવો આપણે પણ તેમની મદદ કરીએ.

ત્યાં આવીને તેમણે જોયું તો ત્યાં બેઠેલા લોકોની સામે તફસીર કુરાન રેલ ઉપર પધરાવેલું હતું. એ જોઈને પેલા લોકો જોર-શોરથી બરાડવા લાગ્યા કે હિંદુઓને મહંમદની ચર્ચા કરવાનો અધિકાર નથી આ સાંભળીને ત્યાં બેઠેલા શેખ ખિદરને અત્યંત ગુસ્સો આવ્યો. તેણે કહ્યું કે અર્થ વગરની વાતો કરનારા આ લોકોને અહીંથી ધક્કા મારી બહાર કાઢી મુકો. આ સાંભળી તેઓ છોભીલા પડી ગયા અને તરત જ

પાછા વળી ગયા. શેખ ખિદર તેના સાથીઓ સહિત ઈમાન લાવ્યો અને વાસ્તવિકતાની પહેચાન કરીને પોતની હવેલીએ પાછો ફર્યો.

બીજે દિવસે તેણે રાજા પાસે જઈને કહ્યું કે, ધિક્કાર તમને ! તમારા શહેરમાં આટલા મોટા મહાત્મા રહે છે અને તમે હજુ સુધી એમના દર્શન કરવા પણ નથી ગયા ! હું તમને શું કહું ? ત્યારે રાજાએ કહ્યું કે, હજુ હમણાં તો તમે એ લોકોને પકડવાની વાતો કરતા હતા અને અત્યારે તમે જ આમ કહો છો ?

શેખે જવાબ આપ્યો કે મને તેમની હકીકત થોડી ખબર હતી હું તો બાદશાહના હુકમથી આવ્યો હતો. અહીં આવીને તેમને જોયા અને ચર્ચા સાંભળી ત્યારે તેમની પહેચાન થઈ. હવે તો હું એમનો ગુલામ છું. તેઓ જેમ કહેશે તેમ કરીશ.

કેટલાક લોકોએ રાજાને કહ્યું કે વૈરાગીઓ પાસે કોઈક જાદૂઈ ભભૂતી છે જે તેમની પાસે જાય એની ઉપર તે છાંટી દે છે. ત્યારે રાજાએ કહ્યું કે હું તો દૂરથી જ તેમના દર્શન કરીશ. બીજે દિવસે રાજાએ શ્રીજીને પોતાને ત્યાં નિમંત્રણ પાઠવીને બગીચામાં રહેવાની વ્યવસ્થા કરી, ત્યાં તેમણે દૂરથી જ આવીને દર્શન કર્યા. નજીક ન ગયા કારણકે તેમને ડર હતો કે ક્યાંક શ્રીજી પોતાના પર પેલી જાદૂઈ રાખ ન છાંટી દે. તેમનો આટલો જ અંકુર હોવાથી તેઓ વિશેષ કંઈ પામી શક્યા નહીં. હવે શેખે શ્રીજીને કહ્યું કે આપ આજ્ઞા કરો તે પ્રમાણે હું બાદશાહને લખીને જાણાવી દઉં. શ્રીજીએ જવાબ આપ્યો કે, તમે પોતે ખૂબ સમજદાર છો તમને મારે શું કહેવાનું ? તમે જે જોયું તે જણાવી દો.

શેખે તમામ હકીકત લખીને પુદરણખાન પાસે મોકલી આપી અને પોતે સાથિયો સહીત થોડાક દિવસ અહીં રોકાઈ ગયો. ભિખારીદાસ પોતાના કુટુંબ સહિત ઈમાન લાવ્યા.

ત્યારબાદ અહદી ગુલામ મહંમદ ધામોનીથી આવ્યો અને તેણે પણ શેખ ખિદરની જેમ જ રાજાને કહ્યું કે મને વૈરાગીઓ પકડી આપો અથવા લડવા માટે તૈયાર થઈ જાવ. રાજાએ વિચાર્યું કે આ શું ? વૈરાગીઓ માટે થઈને મારે વારે-ઘડીએ બાદશાહનો દબદબો સહન કરવાનો ? આ તો મોટી મુસીબત આવી પડી. તેણે પોતાના માણસો શ્રીજી પાસે મોકલીને કહ્યું કે તમે અહીંથી પ્રસ્થાન કરો હું બાદશાહની ગુલામી સહન નહીં કરી શકું આ સાંભળીને શ્રીજીને થયું કે હવે અહીં રહેવું યોગ્ય નથી આ જમીન જહેર જેવી થઈ ગઈ છે.

**: ગઢાનું વૃતાંત ::**

સંવત ૧૭૩૯ માગશર સુદ દશમના દિવસે શ્રીજી ત્યાંથી નીકળીને ગઢામાં ચૌદશના દિવસે આવ્યા. અહીં તેઓ એક બાગમાં ઉતર્યા હતા. અહીં અહદીના



મોકલેલા પાંચ માણસો તેમજ દેવકરણભાઈ આવ્યા. ચર્ચા સ[illegible]દાસને જાગ્રત માણસો તો રાત્રે ચર્ચા સાંભળીને સવાર થતા જ ભાગી ગયા. તેમણે કહ્યું [illegible] બહું મોટી ભૂલ થી કે અમે ખુદાના દોસ્તને પકડવા આવ્યા જો અમારા થી [illegible]હરીમાં આડુ-અવળું થઈ ગયું હો તો અમારી તો હાલત જ બગડી જાત !

ગઢામાં ભગવન્તરાયનો દિકરો હાકીમ વૈરાગીઓને લૂંટી લેવાનો ઈરાદો ધરાવતો હતો. ગંગારામ વાજપેયી જે બે-ચાર વખત શ્રીજીના દર્શન કરી ચૂક્યા હતા તેમને હાકીમના આ ઈરાદાની ગંધ આવી જતા તેમણે હાકીમને કહ્યું કે જો તું આમ કરીશ તો બદનામ થઈ જઈશ. આ કંઈ જેવા-તેવા વૈરાગી નથી કે મરવા-મારવા તૈયાર થઈ જાય. એવું તો વિચારીશ પણ નહીં. જો તેમણે આ વાતની જાણ થઈ ગઈ અને તેમનો શ્રાપ લાગી ગયો તો ગઢા બરબાદ થઈ જશે. અંતે તેમજ થયું.

ગઢાની વાત કરતા કરતા વચ્ચે રામનગરની વિતક યાદ આવી ગઈ અને લાલદાસજી ગામનગરની વિતકનું વર્ણન કરવા લાગ્યા. સૂરતસિંહ ચર્ચા સાંભળીને ઈમાન લાવ્યા. તેમણે તારતમ લીધો. તે વિચારવા લાગ્યા કે આ વાત કોને કરૂ ? આમ, વિચારીને તેઓ દિવાન દેવકરણ પાસે ગયા અને કહેવા લાગ્યા કે હું તમને એક વાત કહું ? મેં હાદીના દર્શન કર્યા છે ચાલો તમને પણ કરાવું. તેઓ કેતકી નદીના કિનારે રહે છે. દેવકરણ ત્યાં ગયા અને તેમના દર્શન કરીને ચરણોમાં જ માથું મૂકી દીધું. ચર્ચા સાંભળીને તેઓ અતિ પ્રસન્ન થયા. તેમણે કહ્યું કે આ વાત હું મહારાજ છત્રસાલને પણ કહીશ તેઓ જરૂર ઈમાન લાવશે.

**: સેવાનું વિતરણ ::**

રામનગરમાં જેને જે સેવા સોંપવામાં આવી હતી તેનું વર્ણન લાલદાસજી કરી રહ્યા છે. મોદીખાનની સેવા પતિરામ કરતા હતા. કેશવદાસ અને જયંતિભાઈ તેમની સાથે હતા. જયંતિભાઈ બધાને પાણી પિવડાવતા હતા. ગોકુલદાસ બજારમાંથી બધા સામાન લાવતા હતા. ગરીબદાસ બધી ખાદ્ય સામગ્રી રાખતા હતા. ખેમદાસ, ગંગારામ, સંતદાસ અને ગોવર્ધન આ બધા રસોઈમાં રહેતા હતા. ત્યારબાદ સૂરજમલ પણ તેમાં સામેલ થઈ ગયા. આ બાધાના આગેવાન વૃંદાવન નામના મોમિન હતા. બરાડના બધા સુંદરસાથ જંગલમાંથી લાકડા લાવવાનું કામ કરતા હતા. સંગીતમાં નિર્મલદાસ અને મુકુંદદાસ ખાસ સેવા આવતા હતા. શ્રી બાઈજી તેમજ ગોદાવરી ગાવામાં સાથે રહેતા હતા. બુઆબાઈ તથા હમોબાઈ સનંધો ગાતા હતા. લાલદાસ તથા મુકુંદદાસ આરતીની સેવા કરતા હતા. ઉત્તમદાસજી પખાવજ બનાવતા હતા. કલ્યાણભાઈ પણ પોતાની કળા બતાવીને સેવા કરતા હતા. ઘણા-બધા સુંદરસાથ ઉભા રહેતા હતા. છબીલદાસ શંખ વગાડતા હતા. આમ દરરોજ સાંજે આરતી કરવામાં આવતી હતી.

પાછા વળી ગયા. શેખ ખિદર તેના સાથીઓ સહિત ઈમાન લાવ્યો અને વાસ્તવિકતાની પહેચાન કરીને પોતની હવેલીએ પાછો ફર્યો.

બીજે દિવસે તેણે રાજા પાસે જઈને કહ્યું કે, ધિક્કાર તમને ! તમારા શહેરમાં આટલા મોટા મહાત્મા રહે છે અને તમે હજુ સુધી એમના દર્શન કરવા પણ નથી ગયા ! હું તમને શું કહું ? ત્યારે રાજાએ કહ્યું કે, હજુ હમણાં તો તમે એ લોકોને પકડવાની વાતો કરતા હતા અને અત્યારે તમે જ આમ કહો છો ?

શેખે જવાબ આપ્યો કે મને તેમની હકીકત થોડી ખબર હતી હું તો બાદશાહના હુકમથી આવ્યો હતો. અહીં આવીને તેમને જોયા અને ચર્ચા સાંભળી ત્યારે તેમની પહેચાન થઈ. હવે તો હું એમનો ગુલામ છું. તેઓ જેમ કહેશે તેમ કરીશ.

કેટલાક લોકોએ રાજાને કહ્યું કે વૈરાગીઓ પાસે કોઈક જાદૂઈ ભભૂતી છે જે તેમની પાસે જાય એની ઉપર તે છાંટી દે છે. ત્યારે રાજાએ કહ્યું કે હું તો દૂરથી જ તેમના દર્શન કરીશ. બીજે દિવસે રાજાએ શ્રીજીને પોતાને ત્યાં નિમંત્રણ પાઠવીને બગીચામાં રહેવાની વ્યવસ્થા કરી, ત્યાં તેમણે દૂરથી જ આવીને દર્શન કર્યા. નજીક ન ગયા કારણકે તેમને ડર હતો કે ક્યાંક શ્રીજી પોતાના પર પેલી જાદૂઈ રાખ ન છાંટી દે. તેમનો આટલો જ અંકુર હોવાથી તેઓ વિશેષ કંઈ પામી શક્યા નહીં. હવે શેખે શ્રીજીને કહ્યું કે આપ આજ્ઞા કરો તે પ્રમાણે હું બાદશાહને લખીને જાણાવી દઉં. શ્રીજીએ જવાબ આપ્યો કે, તમે પોતે ખૂબ સમજદાર છો તમને મારે શું કહેવાનું ? તમે જે જોયું તે જણાવી દો.

શેખે તમામ હકીકત લખીને પુદરણખાન પાસે મોકલી આપી અને પોતે સાથિયો સહીત થોડાક દિવસ અહીં રોકાઈ ગયો. ભિખારીદાસ પોતાના કુટુંબ સહિત ઈમાન લાવ્યા.

ત્યારબાદ અહદી ગુલામ મહંમદ ધામોનીથી આવ્યો અને તેણે પણ શેખ ખિદરની જેમ જ રાજાને કહ્યું કે મને વૈરાગીઓ પકડી આપો અથવા લડવા માટે તૈયાર થઈ જાવ. રાજાએ વિચાર્યું કે આ શું ? વૈરાગીઓ માટે થઈને મારે વારે-ઘડીએ બાદશાહનો દબદબો સહન કરવાનો ? આ તો મોટી મુસીબત આવી પડી. તેણે પોતાના માણસો શ્રીજી પાસે મોકલીને કહ્યું કે તમે અહીંથી પ્રસ્થાન કરો હું બાદશાહની ગુલામી સહન નહીં કરી શકું આ સાંભળીને શ્રીજીને થયું કે હવે અહીં રહેવું યોગ્ય નથી આ જમીન જહેર જેવી થઈ ગઈ છે.

## : ગઢાનું વૃતાંત ::

સંવત ૧૭૩૯ માગશર સુદ દશમના દિવસે શ્રીજી ત્યાંથી નીકળીને ગઢામાં ચૌદશના દિવસે આવ્યા. અહીં તેઓ એક બાગમાં ઉતર્યા હતા. અહીં અહદીના



મોકલેલા પાંચ માણસો તેમજ દેવકરણભાઈ આવ્યા. ચર્ચા શરૂ થઈ. અહદીના માણસો તો રાત્રે ચર્ચા સાંભળીને સવાર થતા જ ભાગી ગયા. તેમણે કહ્યું કે અમારાથી બહું મોટી ભૂલ થી કે અમે ખુદાના દોસ્તને પકડવા આવ્યા જો અમારા થી કંઈક આડુ-અવળું થઈ ગયું હો તો અમારી તો હાલત જ બગડી જાત !

ગઢામાં ભગવન્તરાયનો દિકરો હાકીમ વૈરાગીઓને લૂંટી લેવાનો ઈરાદો ધરાવતો હતો. ગંગારામ વાજપેયી જે બે-ચાર વખત શ્રીજીના દર્શન કરી ચૂક્યા હતા તેમને હાકીમના આ ઈરાદાની ગંધ આવી જતા તેમણે હાકીમને કહ્યું કે જો તું આમ કરીશ તો બદનામ થઈ જઈશ. આ કંઈ જેવા-તેવા વૈરાગી નથી કે મરવા-મારવા તૈયાર થઈ જાય. એવું તો વિચારીશ પણ નહીં. જો તેમણે આ વાતની જાણ થઈ ગઈ અને તેમનો શ્રાપ લાગી ગયો તો ગઢા બરબાદ થઈ જશે. અંતે તેમજ થયું.

ગઢાની વાત કરતા કરતા વચ્ચે રામનગરની વિતક યાદ આવી ગઈ અને લાલદાસજી ગામનગરની વિતકનું વર્ણન કરવા લાગ્યા. સૂરતસિંહ ચર્ચા સાંભળીને ઈમાન લાવ્યા. તેમણે તારતમ લીધો. તે વિચારવા લાગ્યા કે આ વાત કોને કરૂ ? આમ, વિચારીને તેઓ દિવાન દેવકરણ પાસે ગયા અને કહેવા લાગ્યા કે હું તમને એક વાત કહું ? મેં હાદીના દર્શન કર્યા છે ચાલો તમને પણ કરાવું. તેઓ કેતકી નદીના કિનારે રહે છે. દેવકરણ ત્યાં ગયા અને તેમના દર્શન કરીને ચરણોમાં જ માથું મૂકી દીધું. ચર્ચા સાંભળીને તેઓ અતિ પ્રસન્ન થયા. તેમણે કહ્યું કે આ વાત હું મહારાજ છત્રસાલને પણ કહીશ તેઓ જરૂર ઈમાન લાવશે.

## : સેવાનું વિતરણ ::

રામનગરમાં જેને જે સેવા સોંપવામાં આવી હતી તેનું વર્ણન લાલદાસજી કરી રહ્યા છે. મોદીખાનની સેવા પતિરામ કરતા હતા. કેશવદાસ અને જયંતિભાઈ તેમની સાથે હતા. જયંતિભાઈ બધાને પાણી પિવડાવતા હતા. ગોકુલદાસ બજારમાંથી બધા સામાન લાવતા હતા. ગરીબદાસ બધી ખાદ્ય સામગ્રી રાખતા હતા. ખેમદાસ, ગંગારામ, સંતદાસ અને ગોવર્ધન આ બધા રસોઈમાં રહેતા હતા. ત્યારબાદ સૂરજમલ પણ તેમાં સામેલ થઈ ગયા. આ બાધાના આગેવાન વૃંદાવન નામના મોમિન હતા. બરાડના બધા સુંદરસાથ જંગલમાંથી લાકડા લાવવાનું કામ કરતા હતા. સંગીતમાં નિર્મલદાસ અને મુકુંદદાસ ખાસ સેવા આવતા હતા. શ્રી બાઈજી તેમજ ગોદાવરી ગાવામાં સાથે રહેતા હતા. બુઆબાઈ તથા હમોબાઈ સનંધો ગાતા હતા. લાલદાસ તથા મુકુંદદાસ આરતીની સેવા કરતા હતા. ઉત્તમદાસજી પખાવજ બનાવતા હતા. કલ્યાણભાઈ પણ પોતાની કળા બતાવીને સેવા કરતા હતા. ઘણા-બધા સુંદરસાથ ઉભા રહેતા હતા. છબીલદાસ શંખ વગાડતા હતા. આમ દરરોજ સાંજે આરતી કરવામાં આવતી હતી.

કૌશલ્યાએ પોતાના ઘેર પધરામણી કરાવીને ૧૧ રસોઈ ઓચ્છવ કર્યા. બે રસોઈ ઉચ્છવ તિવારીએ પણ કર્યા. ઘાસીરામ, રામંજની, મકરન્દ, અમરા, દત્તા, દગડા તથા ઘણા-બધા સુંદરસાથે પોતાના ઘેર પધરામણી કરાવીને ઉચ્છવ રસોઈ કરી. આ પ્રમાણે ગઢામાં સ્વામીજીને એક મહિનોને તેર દિવસ થયા.

શ્રીજીએ મોમિનોને કહ્યું કે, ફરી એક વખત સુલતાન પાસે જાઓ. અહીં ધર્મા નામની વૃધ્ધા ચર્ચા સાંભળીને ઈમાન લાવી. તેને પૂર્ણ પહેચાન થઈ ગઈ. આ ઉપરાંત અંતરામ, ઘનશ્યામ, બરબાઈ તેમજ સદાનંદ સહિત અન્ય સુંદરસાથ પણ પહેચાન કરીને ઈમાન લાવ્યા. શ્રીજીએ લાલદાસજીને કહ્યું કે તમે સુલતાન પાસે જઈને કહો કે અમે ફરી એક વખત પૌગામ લઈને આવ્યા છીએ. પોષ સુદી પાંચમના દિવસે બીરજુ નામના માણસે આવીને કહ્યું કે રામનગરના રાજાએ તમારૂ તૈયાર કરેલું અસ્તબલ ખોદાવી નાખ્યું છે ત્યારે શ્રીજી અત્યંત દુઃખી થયા અને કહ્યું કે જેવી રીતે ગઢાને લાનત લાગી અને તે બરબાદ થઈ ગયું એમ આનું પણ આમ જ થશે.

અહીંથી જ્યારે દેવકરણ પાછા ઘેર જઈ રહ્યા હતા ત્યારે શ્રીજીએ તેમને પૂછયું કે તમે તમારૂ ઘર છોડીને અહીં કેવી રીતે આવી ગયા હતા ? ત્યારે દેવકરણે કહ્યું કે હું કોઈક વાતથી નારાજ થઈ ગયો હતો તેથી ઘેર નહોતો ગયો.

ત્યારે શ્રીજીએ જણાવ્યું કે તમે અહીં એટલા માટે રોકાઈ ગયા હતા કે જઈને મહારાજ છત્રસાલ પાસે અમારો સંદેશો પહોંચાડી શકો મેં ઘણા બધા રાજાઓ જોયા પરંતુ, કોઈનામાં અંકુર દેખાયો નહોતા. છત્રસાલમાં મને સાકુંડલની આતમ દેખાય છે તેથી હવે ધર્મનું કામ પણ તેમના દ્વારા જ થશે. શ્રીજીએ લાલદાસજીને કહ્યું કે કુરાનમાં જુઓ તો હવે કેવો હુકમ છે ? તેમણે કુરાન ખોલ્યું તો તેમાં સોળમા સિપારામાં મૂસા અનેહારૂનનો કિસ્સો લખેલો હતો. મૂસાએ ખુદાને અર્જ કરી કે જલ્દીથી જઈને ફેરુન બાદશાહનો મુકાબલો કેવી રીતે કરૂ. ત્યારે ખુદાએ ભાઈના રૂપમાં હારૂનને મોકલ્યો. આ કારણે ફેરુન બાદશાહે મૂસાને પરેશાન ન કર્યા. આ આયાત જોઈને શ્રીજીએ કહ્યું કે હવે આપણને એક એવો રાજા મળશે કે જેનામાં પરમધામની આતમ બેઠી હશે.

લાલદાસજીને રસ્તામાં ધર્મા ડોકરી મળ્યા. તો તેમણે કહ્યું કે દેવકરણે તમારો સંદેશો છત્રસાલ સુધી પહોંચાડી દીધો છે. લાલદાસજીએ આવીને શ્રીજીને કહ્યું કે આપણી વાત મહારાજ છત્રસાલ સુધી પહોંચી ગઈ છે. ત્યારે શ્રીજીએ એક પત્ર લખીને સંતદાસ તથા ધર્મદાસને દેવરણ પાસે મોકલીને કહ્યું કે તેમને અમારો તમામ સંદેશો સંભળાવજો. ત્યારબાદ અગરિયાથી તેમણે લાલદાસ, ઉત્તમદાસ, જીવનદાસ અને ગોવિંદદાસને પન્ના મોકલ્યા. ત્યારબાદ શ્રીજીએ અગરિયા થીને



બૂડા-બૂડી ગામમાં જઈ કમલાવતી, રતનબાઈ રાઘવદાસ તથા રેવાદાસને જાગ્રત કર્યા. રસ્તામાં ઘણા બધા સુંદરસાથ આવતા જતા હતા અગિયાર દિવસ બિલહરીમાં રોકાઈને તેમણે આગળ પ્રયાણ કર્યું. અહીં સુધી ગઢાની વિતક છે હવે આગળ પન્નાની વિતક જોઈએ.

**: મહારાજ છત્રસાલજી સાથે શ્રીજીનું મિલન ::**

સૌ પ્રથમ રામનગરમાં સૂરતસિંહે શ્રીજીની પહેચાન કરી. તેમણે આવીને દેવકરણને જણાવ્યું કે આખરી જમાનાના પૈંગમ્બર આવી ચૂક્યા છે તેથી દેવકરણ તેમના દર્શને ગયા અને ચર્ચા સાંભળીને ઈમાન લાવ્યા. દેવકરણે ખુશ થઈને વિચાર્યું કે મહારાજા છત્રસાલને આ ખુશ ખબર આપવા જોઈએ. આ સમયે ઔરંગઝેબને જગાડવામાં કોઈ એવા શક્તિશાળી રાજાની જરૂર હતી કે, જે તન-મન-ધનથી ધર્મ પર ન્યોછાવર થઈ ચૂક્યો હોય. મહારાજા છત્રસાલની અંદર સાકુંડલની વાસના જોતા જ શ્રીજીએ તેમની પાસે સંદેશો મોકલાવ્યો. દેવકરણે બલદિવાનજી સાથે લાલદાસજી તથા ઉત્તમદાસજીને મોકલીને શ્રીજીનો સંદેશો મહારાજા પાસે મોકલ્યો. બંને મોમિનો વાણી ગાવા લાગ્યા. લાલદાસજીએ ભાગવતના સાક્ષીરૂપ શ્લોક પણ સંભળાવ્યા જેથી મહારાજાએ શ્રીજીના દર્શનની ઈચ્છા વ્યક્ત કરી. તેમણે દેવકરણને આજ્ઞા કરી કે તમે શ્રીજીને અહીં બોલાવી લાવો. લાલદાસ તથા ઉત્તમદાસને પણ સાથે લેતા જજો. તેઓ આવીને શ્રીજીને અગરિયામાં મળ્યા. ત્યાંથી બધા પન્ના આવ્યા. તેમણે અમરાઈ ઘાટ પર પોતાનો ડેરો નાંખીને ઝંડાની સ્થાના કરી અહીં રહેલા કેટલાક ગોંડ લોકો દોડીને દર્શન કરવા આવ્યા અને કહ્યું કે તમે લોકો આ કિલકિલા નદીનું પાણી પીશો નહીં. તે ઝહેરીલું છે. આ સાંભળીને સુંદરસાથે શ્રીજીના ચરણનો એક અંગૂઠો ધોઈને તે ચરણામૃત નદીમાં નાખ્યું અને તે નદીના પાણીથી ન્હાવા - ધોવા લાગ્યા. કોઈને કશું જ થયું નહીં. આ જોઈને ગોંડ લોકો આશ્ચર્ય પામીને કહેવા લાગ્યા કે આ તો સાક્ષાત પરમાત્મા સાધુ રૂપે આવ્યા છે. એમની સેવા કરવાથી તો બધી મનોકામના પૂર્ણ થશે.

શ્રીજીએ છત્રસાલને સંદેશો મોકલાવ્યો કે, અમે પન્નામાં આવી ગયા છીએ તો મહારાજાએ જણાવ્યું કે, કોઈ કારણસર હું ત્યાં આવી શકુ તેમ નથી તેથી આપ જ અહીં પધારો. શ્રીજીએ બાઈજૂરાજ તેમજ અન્ય સાથને પન્નામાં જ રહેવાનો આદેશ આપ્યો અને થોડાક સુંદરસાથને સાથે લઈને તેઓ મઉં તરફ રવાના થયા.

મઉં આવીને મોમિનોએ તિંદુની દરવાજે તંબુ તાણ્યો. મહારાજાએ અહીં ભરવાડનો વેશ બદલીને શ્રીજીના દર્શન કર્યા. બીજી વખત તેઓ શિકારીના વેશમાં

દર્શન કરવા આવ્યા તેમણે બધાની વચ્ચે બેઠેલા શ્રીજીને પ્રણામ કરીને કહ્યું કે બાબા જૂ - રામ રામ. શ્રીજીએ તેમની સામે જોઈને કહ્યું કે બાબા અહીં નજીક આવીને બેસો. આટલા દૂર કેમ ઉભા છો ? ત્યારે મહારાજા થોડાક નજીક આવીને એકબાજુ બેસી ગયા. શ્રીજીએ તેમને વધારે નજીક બોલાવ્યા. મહારાજા એકદમ નજીક આવીને બેઠા ત્યારે શ્રીજીએ કહ્યું કે ભાગીને ક્યાં જશો. હવે તો તમે મારી જાળમાં ફસાઈ ગયા. આ સાંભળીને મહારાજાએ કહ્યું કે એમ મને કોઈ પોતાની જાળમાં ફંસાવી શકે નહીં. મને એમની નજીક ખેંચનાર તો એકમાત્ર બુધ્ધજી જ છે. બુધ્ધજી સિવાય મને પોતાની જાળમાં ખેંચનાર તો હજુ સુધી બ્રહ્માંડમાં કોઈ પેદા જ નથી થયો. જ્યારે હું બાર વર્ષનો હતો ત્યારે તેમણે આવીને મને બુધ્ધજીની છાપનો ધાતુને સિક્કો આપ્યો હતો. તરત જ શ્રીજી એ પોતે જે આસન પર બેઠા હતા તે ઉંચું કરીને એવી જ છાપના અનેક સિક્કા બતાવ્યા. આ જોઈને મહારાજા અતિ પ્રસન્ન થયા તેમણે સાષ્ટાંગ પ્રણામ કર્યા, મહેલમાં જઈને બધાને ખબર આપી કે હું જે સદ્‌ગુરૂની રાહ જોતો હતો તે હવે આવી ગયા છે. જેને દર્શન કરવા હોય તે જઈ શકે છે. તેમણે આ ખબર પોતાની રાણીને પણ આપી મઉંની રાણી દેવકુંવરી બ્રાહ્મણીના વેશમાં પોતાની દાસીઓ સાથે દર્શન કરવા આવી. ત્યારબાદ મહારાણીના અસલ રૂપમાં પણ તેમણ દર્શન કર્યા.

આ સમયે છત્રસાલ પર શેખ અફગને ચઢાઈ કરી. મહારાજા લડવાની પૂરી તૈયારી કરીને શ્રીજી પાસે આશીર્વાદ લેવા ગયા. શ્રીજીનો ચરણસ્પર્શ કર્યા તો શ્રીજીએ તેમના પર એક રૂમાલ રાખીને કહ્યું કે જાઓ તમારી ફતેહ થશે. મનોકામના પૂર્ણ થશે. સૈન્યનાં લોકો પરસ્પર વાતચીત કરતા હતા કે જો આ લડાઈમાં આમના આશીર્વાદથી આપણે જીતી જઈશું તો આજ આપણા પરવરદિગાર પરમાત્મા હશે. જ્યારે એ લોકો યુધ્ધ કરીને પાછા આવ્યા ત્યારે, તેઓએ સ્વીકાર કર્યો કે પરમાત્માની મહેર વિના વિજય મુશ્કેલ હતો. અસંભવિત જીતને સંભવિત બનાવનાર એકમાત્ર શ્રી રાજજી મહારાજ હતા. મહારાજાને હવે પૂર્ણ વિશ્વાસ બેઠો. તેમણે તારતમ લીધો. હવે શ્રીજી મઉંથી પન્ના પાછા આવ્યા. અહીં મજલી (વચોટ) રાણીને શ્રીજીની પહેચાન થવાથી તેમણે ખૂબ સેવા કરી. મહારાજા પણ પન્ના આવ્યા. રસોઈના સમયે મહારાજ પોતાની સેના સાથે શ્રીજી પાસે આવ્યા. આ સમયે શ્રી બાઈજૂ રાજે આવીને શ્રીજી આગળ જમવાની થાળી મૂકી મહારાજે પછી પોતાના ચાર માણસો સાથે પ્રસાદ ગ્રહણ કર્યો. મહારાજાના કેટલાક માણસો પણ શ્રીજી પર ઈમાન લાવ્યા. હિંમતસિંહ, પરબતસિંહ, શાહરૂપ, નારાયણદાસ, સકતસિંહ, અનૂપસિંહ, દૂરગમાન, જગતસિંહ વગેરે શ્રીજી પર પાક્કો ઈમાન લાવ્યા.



### : પન્નાની વિતક ::

સંવત ૧૭૪૦માં શ્રીજી પન્ના પધાર્યા. મહારાજાએ શ્રીજીની અતિશય સેવા કરી. આવી સેવા આજ સુધી ન તો કોઈએ કરી છે અને ન કોઈ કરી શકે. શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે બ્રહ્માંડમાં આજ સુધી કોઈ આવી સેવા કરી શક્યું નથી.

શ્રીજીને ચૌપડા મંદિરની હવેલીમાં બિરાજમાન કરવામાં આવ્યા. શ્રીજીને સુખપાલમાં બેસાડીને તેને મહારાજ તથા કુંવર પોતાના ખભા પર ઉંચકીને લાવ્યા. દરવાજા આગળ જેવું સુખપાલ નીચે ઉતાર્યું કે તરત મજલી રાણીએ આવીને પ્રેમથી પોતાની સાડીનો પાડવો કરીને આગળ પાથરી દીધી. જેથી શ્રીજીને નીચે જમીન પર પોતાના ચરણ ન મૂકવા પડે ! આ જોઈને મહારાજે સાડી હટાવીને પોતાની પાગ ઉતારીને ત્યાં પાથરી દીધી અને કહ્યું કે મને તો સેવા કરવાનો મોકો આપો. સેવામાં મારી આગળ શા માટે થાય છો ? જાણે સેવા કરવાની હોડ ન લાગી હોય ! શ્રીજીને અંદર પલંગ પાસે લઈ જતા પાગનો પાવડો ટૂંકો પડ્યો તો, રાણીએ ફરીથી પોતાની સાડી પાથરી દીધી. આમ શ્રીજીએ રાણીની સેવા કરવાની મહેચ્છા પૂર્ણ કરી. બંનેએ શ્રીજીને પ્રેમથી સિંહાસન પર પધરાવા અને તેમના ચરણોમાં પોતાની જાતને ન્યોછાવર કરી દીધી.

'એહી ટીકા એહી પાંવડા, એહી નિછાવર આયે,
શ્રી પ્રાણનાથ કે ચરણમેં છત્તા બલિ બલિ આયે'

શ્રી બાઈજૂરાજને શ્રીજી સાથે બેસાડીને મહારાજાએ શ્રી રાજજીના યુગલ સ્વરૂપની આરતી કરી બધા મોમિનોની સામે જ તેમણે શ્રીજીને સાક્ષાત અક્ષરાતીત તરીકે સંબોધીને કહ્યું કે હવે મેં તમારી પહેચાન કરી લીધી છે. તેથી મારી પાસે મારૂં કશું જ નથી રહ્યું. બધું જ આપને સમર્પિત છે.

શ્રીજીએ આ જોઈને કહ્યું કે મેં ઘણા રાજાઓ જોયા પરંતુ, બ્રહ્મસૃષ્ટિનો અંકુર અને તેની કરણી તો અહીં જ જોવા મળી. સાધુ સંતોએ પણ ગુરુશિષ્યના ધર્મની વાહ વાહ કરી છે, ત્યારે આ સાંભળીને મહારાજાએ ઉત્તર આપ્યો કે,

'પહિલે દાતા હમ ભયે, ગુરુ કો દીનોં સીસ,
પીછે દાતા ગુરુ ભયે, સબ કુછ કિયો બકસીસ'

ગુરુનાનકને કહ્યું છે કે :-

'બીતેગા ઉન્તાલીસા, દગેગા ચાલીસા,
તબ હોસી કોઈ મરદ મરદકા ચેલા,
નાનક ગુરુ દિખાવે સાં સચસચ દી બેલા'

બ્રહ્મસૃષ્ટિઓના સરતાજ શ્રી વિજયાભિનંદન બુધ્ધજીએ મહારાજા છત્રસાલને પોતાનું તમામ કાર્ય સોંપી દીધું. તેમણે મહારાજાને સિંહાપર પર બેસાડીને ચાંલ્લો કરી પન્નાના મહારાજા બનાવ્યા. તેમણે સાકુંડલની શોભા વધારી. ત્યારેથી મહારાજા છત્રસાલ છત્રપતિ કહેવાયા. મહારાજાએ ફરીથી શ્રીજી તમેજ બાઈજુરાજાના યુગલ સ્વરૂપને પધરાવીને તેમને પ્રેમથી આભૂષણ પહેરાવ્યા. પોતાનું તન-મન-ધન શ્રીજીના ચરણોમાં સોંપીને હાથ જોડીને એક તરફ ઉભા રહ્યા.

હવે દરરોજ બંગલાજી મંદિરમાં ચર્ચા થતી હતી. કુરાનનું પણ પઠન થતું હતું. શ્રીજીએ મહારાજાને હજુ કુરાનની વાત જણાવી ન હતી. એક દિવસ બંગલાજીમાં શ્રીજી સામે લાદાસજી કુરાન વાંચતા હતા, અને શ્રીજી તેનો અર્થ સમજાવતા હતા ત્યારે કેટલાક સુંદરસાથ પણ ત્યાં બેઠા હતા. તેમણે દૂરથી જોયું કે શ્રીજી આ લોકો સાથે એકાંતમાં કંઈક વાત કરી રહ્યા છે. તેમણે લાલદાસજીને બોલાવીને પૂછયું કે, તમે ગુપ્ત રીતે શેનું પઠન કરી રહ્યા છો ? ત્યારે લાલદાસજીએ કહ્યું કે આ વાત કોઈને કહેવાનો હુકમ નથી. શ્રીજીને પૂછીને તમને જણાવીશ. લાલદાસજીએ શ્રીજીને પૂછીને મહારાજાને અંદર બોલાવ્યા. તેમણે કહ્યું કે આ બધી કુરાનની વાતો છે જે આજ સુધી મેં તમારી સામે જાહેર નહોતી કરી હવે આજે તમને જણાવું છું. કુરાનમાં આપણી જ બધી વાતો છે. શ્રી દેવચંદ્રજીની તમારી તેમજ મારી બધી વાતો આમાં જણાવેલી છે. આ સાંભળીને છત્રસાલજીને ખૂબ ઉત્સાહ આવ્યો તેમણે પ્રસન્ન થઈને કહ્યું કે તો તો હું તેને આખી દુનિયામાં જાહેર કરીશ. શ્રીજીએ પ્રસન્ન થઈને મહારાજાને બડા કયામતનામાની કિતાબ ભેટ આપી. આ વાત સાંભળીને મહારાજાના પરિવારના કેટલાક લોકોએ મોઢું ચઢાવ્યું. તેમને થયું કે આ લોકો હિન્દુ થઈને કુરાન શા માટે પઠન કરે છે. એ વાત જાણવી પડશે.

બલદિવાને કાજી, મુલ્લા તથા પંડિતોને બોલાવીને જોર શોરથી ચર્ચા કરાવી એમાં એક અબ્દુલ રસૂલ નામનો આગેવાન કાજી ચર્ચા કરવા આવ્યો તો શ્રીજીએ તેને કુરાનનો એક સવાલ પૂછયો. તેમણે કહ્યું કે ગોળ-ગોળ ફેરવ્યા વગર સ્પષ્ટ અને એક જ ઉત્તર આપશો. મુલ્લાએ કહ્યું કે મને કુરાન, તફસીલ તથા બધી જ કિતાબો યાદ છે. કેટલાક લોકો મારી પાસેથી તાલીમ લઈને ગયા છે હું કુરાન વિરૂદ્ધની વાત કરીશ નહીં.

શ્રીજીએ તેને પૂછયું કે, આ દુનિયાની ઉત્પતિ કઈ રીતે થઈ. કુરાનમાં જે પેંગમ્બરનું વર્ણન કરવામાં આવ્યું છે તેનો સમજીને જવાબ આપો. ત્યારે કાજીએ કહ્યું કે કુરાન વાંચી-વાંચીને તો હું વૃદ્ધ થયો છું હું શા માટે ખોટો ઉત્તર આપુ ? જો હું કુરાન સિવાયની વાત કરૂ તો તમારી આગળ હું મારી હાર સ્વીકારી લઈશ. તેણે



કહ્યું કે કુરાનમાં પાંચ પ્રકારની પૈદાઈશ લખેલી છે. શ્રીજીએ તેની સામે કુરાન ખોલીને મુક્યું અને કહ્યું કે આમાં જુઓ. ત્રીજા સિપારા એટલે કે તિલકર વસૂલમાં લખવામાં આવ્યું છે પાંચ પૈદાઈશ કઈ-કઈ છે તે સમજાવો કાજીએ એનો કોઈ જવાબ ન સૂઝયો તે ચૂપ થઈ ગયો.

ત્યારે શ્રીજીએ તેનો જવાબ આપતા કહ્યું કે કુન-થઈજા કહેવાથી આમ ખલક જે જીવસૃષ્ટિ કહેવાય છે તે ઉત્પન્ન થઈ. એક હાથથી મહંમદ સાહેબ આવ્યા. બે હાથથી દેવચંદ્રજી તથા પ્રાણનાથજી તેમજ પરમધામની બ્રહ્મસૃષ્ટિઓ આવી અને ઈશ્વરી સૃષ્ટિ અક્ષરધામથી અવતરિત થઈ. આ પ્રમાણે પાંચ પ્રકારની પૈદાઈશ કુરાનમાં લખી છે.

શ્રીજીએ કાજીને કહ્યું કે આ બધામાં તમારી પૈદાઈશ ક્યા પ્રકારની છે તે સાચું જણાવો. આ સાંભળીને કાજી વિસામણમાં મુકાઈ ગયો. તે ગોળ ગોળ વાત કરવા લાગ્યો. બલદિવાને કહ્યું, મિયા હવે તો તમે બધુ ભૂલી ગયા છો, તેથી ઊંધુ-ઊંધુ બોલો છો. આ સાંભળીને કાજી શ્રીજીના ચરણોમાં પડ્યો. તેણે કહ્યું કે મેં આપની પહેચાન કરી લીધી છે. આપ આખરી જમાનાના ખાવંદ છો. મેં મારી હાર સ્વીકારી લીધી છે. બલદિવાને કહ્યું કે કુરાન પર હાથ રાખીને જણાવો કે સત્ય શું છે ? કાજીએ કુરાન માથે મુકીને કહ્યું કે હું સાચું જ કહું છું જૂઠુ કહું તો પરવરદિગાર મને મારી નાંખે. આ જ છેલ્લા સમયમાં આવનારા પરવદિગાર બુધ્ધ નિષ્કલંક અવતાર છે. મહંમદ સાહેબે કુરાનમાં કહ્યું હતું કે કયામત સમયે ઈમામ મહેંદી આવશે. તે સમય આવી પહોંચ્યો છે. ત્યારે બલદિવાનને વિશ્વાસ બેઠો કે આ વાત સાચી છે. શ્રીજી સ્વયં અક્ષરાતીત છે.

હવે બલદિવાને પંડિતો સાથે ચર્ચા કરવાના હેતુંથી સુંદરદાસ, વલ્લભદાસ તથા બદ્રીદાસ જેવા પંડિતોને બોલાવ્યા. તેમની સાથે ભાગવતના પ્રશ્નો પર ચર્ચા થઈ. જ્યારે બદ્રીદાસને મહારાજાએ પ્રશ્નો ધ્યાનથી સાંભળીને જવાબ આપવા કહ્યું ત્યારે તેમણે જણાવ્યું કે મહારાજા, આ પ્રશ્નોના ઉત્તર તો સ્વંય પરમાત્મા જ આપી શકે તેમ છે. શ્રીજીએ તરત જ બધા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપ્યા. બદ્રીદાસની નિખાલસતા જોઈને છત્રસાલ તેના પર ખૂબ પ્રસન્ન થયા આ સમયે ચર્ચામાં જે આનંદ આવ્યો તે ખરેખર અદ્ભૂત અને અવર્ણીય છે.

અડધી રાત્રે જ્યારે બદ્રીદાસ ઘેર ગયા ત્યારે, બાકીના પંડિતોએ તેમને પૂછયું કે ત્યાં કેવી ચર્ચા થઈ અને તમે તેનો કેવા પ્રત્યુત્તર વાળ્યો ? બદ્રીદાસ કહ્યું કે જે યથાર્થ હતું તે જ મેં કહ્યું છે. જૂઠુ તથા આડંબરને સ્પપ્ન સમાન ઉડાવી મુક્યું. આ સાંભળીને

પંડિતો નારાજ થઈને બોલ્યા કે શું તમે નથી જાણતા કે આજ-સુધી આપણે બધા આ જૂઠા જ્ઞાન દ્વારા જ જીતતા આવ્યા છીએ. તમને ધિક્કાર છે. તમે ત્યાં જ કેમ મૃત્યુ ન પામ્યા. તમે એમની વાતોને સાચી ઠરાવીને અમારો પરાજય કર્યો. તમને એટલોય વિચાર ન આવ્યો કે પછી અમારૂં શું થશે ? અમારી વાત કોણ માનશે ? અમારો નિર્વાહ કેવી રીતે ચાલશે ? તમે ફરીથી તેમની પાસે જાઓ અને તમારી વાત બદલીને તેમને પરાજીત કરો. અમે લોકો તમને પ્રશ્નાવલી તૈયાર કરી આપીશું અને તમારી સાથે જ ત્યાં આવીશું. પંડિતોએ સમજ્યા વિચાર્યા વિના જ પ્રશ્નો તૈયાર કરી દીધા.

સવારે તેમણે આવીને બલદિવાને કહ્યું કે મારે હજી કેટલાક પ્રશ્નો પૂછવા છે. બલદિવાને તેમની ભેટ મહારાજ સાથે કરાવી દીધી. છત્રસાલે કહ્યું કે રાત્રે તમે તમારો પરાજય સ્વીકારી લીધો એનું શું થયું ? આ બધા ઢંગધાડા વિનાના પ્રશ્નોના ઉત્તર તો હું પણ આપી શકુ એમ છું માત્ર વિવાદ વધારવા માટે આવા ઉલટા-સૂલટા પ્રશ્નો લઈને આવ્યો છો ? તેમને પંડિતો પર અતિશય ક્રોધ આવ્યો. તેમણે કહ્યું કે આજથી કોઈ આ લોકોને ગુરુ બનાવશો નહીં તથા તેમનો ચરણ સ્પર્શ પણ કરવો નહીં. કોઈએ તેમના હાથે પોતાની પાગ બંધાવવી નહીં કે તેમના આદર-સત્કાર માટે ઉભા પણ થવું નહીં. સુંદરદાસ, વલ્લભદાસ તેમજ બદ્રીનાથ કલિયુગી પંડિત છે. પોતાને ચૌદ વિદ્યામાં પારંગત પંડિત ગણાવે છે પરંતુ, જ્ઞાન તો લેશ માત્ર નથી. આમ, જૂઠા પંડિતોનો પરાજય અને ધર્મનો, સત્યનો વિજય થયો.

### : બુંદેલખંડ ભ્રમણ ::

અહીં બધાના મનમાં એક જાતની શંકા ઉત્પન્ન થઈ કે શ્રીજી સાથે આટલા બધા સુંદરસાથ છે તો તેમના ખર્ચા પાણી કેવી રીતે ચાલે છે ? શું શ્રીજી પાસે કોઈ દિવ્ય રસાયણ છે. ઠાકુર વંશજોના મનમાં જાગેલી આ શંકા સાથે મહારાજા સમંત ન હતા. એક દિવસ તેમણે શ્રીજીને આ વાત પૂછી લીધી. શ્રીજીએ જવાબ આપ્યો કે આ બધો ખર્ચ મેરતાના એક સુંદરસાથ પૂરો પાડે છે. ત્યારે મહારાજા અત્યંત દુઃખી થયા અને અફસોસ કરવા લાગ્યા કે અરેરે !!! હજુ સુધી હું બ્રહ્મસૃષ્ટિઓની જમાતમાં સામેલ થઈ શક્યો જ નથી કારણ કે હજુ સુધી સુંદરસાથની કે જાગણી માટેની કોઈ સેવા કરી જ નથી. આ વાત કોને કહેવી ? એમ વિચારતા વિચારતા દુઃખી થઈને સવારથી જ એક બંધ ઓરડામાં પુરાઈ રહ્યા. એમનું દુઃખ જોઈને રાણીને પણ તેમને ઉઠાડવાની હિંમત ન થઈ. તેમણે બલદિવાનને બોલાવીને મહારાજ ને જગાડવાનું કહ્યું. બલદિવાને આવીને મહારાજને પૂછ્યું કે આપ આટલા હતાશ કેમ છો ? મહારાજ મને જણાવો તો કંઈક ઉપાય નિકળે. મહારાજા એ કહ્યું



કે આપણા બધાના મનમાં શંકા હતી કે શ્રીજી પાસે અવશ્ય કોઈ દિવ્ય રસાયણ છે જેનાથી બધા સુંદરસાથનો ખર્ચો નીકળી છે પરંતુ, આજે તેમની સાથે સ્પષ્ટતા કરી ત્યારે ખબર પડી કે આ તો મેરતાના ઝાંઝનભાઈ ભંડારી સુંદરસાથ આ બધો ખર્ચ ભોગવે છે. ત્રણ વર્ષથી શ્રીજી આપણે ત્યાં છે પરંતુ, એ વાતનું ધ્યાન જ ન રહ્યું તેથી અત્યંત દુઃખ થાય છે. બલદિવાને કહ્યું કે આ કામ તો અત્યંત સરળ છે. એક રાજ્ય જીતી લઈને આપણી સીમા રાજ્યને વિસ્તૃત કરી દઈએ અને એમાંથી જે આવક થાય તે આપણે પ્રાણનાથજીની સેવામાં લગાવી દઈશું. મહારાજે બલદિવાનની વાતને લેખિતમાં સ્વીકૃતિ આપીને બધા સુંદરસાથની વચ્ચે શ્રીજીને પ્રાર્થના કરી કે બહારથી આવતા તેમજ અહીં રહેતા તમામ સુંદરસાથની સેવા કરવાની મને સ્વીકૃતિ આપો. હું મારા મનની શાંતિ માટે આ સેવા કરવા ઈચ્છું છું. મહારાજે પ્રાર્થના કરી કે શ્રીજી આપ અમારી સાથે સવાર થઈને બહાર આવવાની કૃપા કરો. અમે એક ક્ષેત્ર જીતીને અમારા રાજ્યમાં તેને ભેળવી, તેમાંથી સુંદરસાથની સેવા કરવાની ઈચ્છા ધરાવીએ છીએ. મને પૂર્ણ વિશ્વાસ છે કે જો આપ અમારી સાથે સવાર થઈને આવશો તો અમારી આશા અવશ્ય પૂર્ણ થશે. સંવત ૧૭૪૩માં શ્રીજીને હાથી પર બેસાડવામાં આવ્યા. તેમની સવારી આગળ ચાલતી હતી અને મહારાજા તથા તેમનું સૈન્ય સાવધાન થઈને પાછળ આવતું હતું. રાઠ, ખડોત અને જલાલપુરને જીતીને તેઓ કાલપી પહોંચ્યા. ત્યાં મુલ્લા, કાજી અને સૈયદને એક સ્થળે ભેગા કરીને કુરાન, હદીસોના અનેક પ્રસંગો પર ચર્ચા કરી. તે બધાએ પોતાના પરાજય સ્વીકારીને મજહર નામા એટલે કે પ્રમાણપત્ર લખી આપ્યું કે શ્રીજી સાહેબજી જ આખરી જમાનાના ખાવંદ છે. કુરાન તથા હદીસોમાં આ તમામ હકીકત પહેલેથી જ વર્ણવેલી હતી. આ મજહરનામું ઔરંગઝેબ પાસે મોકલવામાં આવ્યું. તેણે વાંચીને પોતાનું મસ્તક નમાવી દીધું. પરંતુ, તેનું અભિમાન દૂર ન થયુ. કુરાનમાં લખવામાં આવ્યું છે કે લોકો સાચી વાત પર વિશ્વાસ નથી કરતા. કારણકે તેમના કાનો પર મોહર લાગેલી હોય છે. તેથી તેઓ સત્ય જોવા છતાં તેનાથી આંડ આડા કાન કરતા હોય છે ચિઠ્ઠીમાં કયામતના સાત નિશાનો પણ લખાવમાં આવ્યા હતા.

### : કયામતના સાત નિશાનો ::

(૧) દાભતુલ અર્જ :- તે આકાશથી પાતાળ સુધી લાંબું પહોંળુ હશે અર્થાત સંસારમાં લોકોની પ્રવૃત્તિ જાનવર જેવી થઈ જશે જે હાલ થઈ ગઈ છે. આજકાલ માણસ બીજા માણસ સાથે જાનવર જેવો વ્યવહાર કરતો થઈ ગયો છે.

(૨) મગરબમાંથી સૂરજ ઉગવો :- પશ્ચિમમાંથી સૂરજ એટલે કે જ્ઞાનનો સૂર્ય ઉગવો. પશ્ચિમ દિશામાંથી શ્રીજી સાહેબ જ્ઞાન ફેલાવતા ફેલાવતા પન્ના સુધી આવ્યા.

(૩) દજ્જાલ આવશે :- ધર્મના દુશ્મનને જ દજ્જાલ કહેવામાં આવ્યો છે. જે લોકો ધાર્મિક લોકોને પરેશાન કરી તેના માર્ગમાં અવરોધ પદા કરે છે તે જ દજ્જાલ છે.

(૪) આજૂજ - માજૂજનું જાહેર થવું :- કુરાનમાં જણાવ્યા પ્રમાણે યાફિસના દિકરા આજૂજ, માજૂજ પ્રગટ થશે જે દુનિયાને ખાઈ જશે. સ્વામીજીએ જણાવ્યું કે આજૂજ એટલે દિવસ અને માજૂજ એટલે રાત જે એક ગજ લાંબી છે. માણસને દિવસે અનેક ચિંતાઓ સતાવતી હોવાથી આજૂજને સો ગજ લાંબો કહેવામાં આવ્યો છે. જ્યારે રાત્રે તે બધુ જ બાજુએ મૂકીને સૂઈ જાય છે તેથી માજૂજને એક ગજનો કહેવામાં આવ્યો છે. દિવસ-રાત વિતવાની સાથે મનુષ્યનું આયુષ્ય પણ ઘટતુ જાય છે.

(૫) ઈમામ મહેંદીનું જાહેર થવું :- જે સ્વામીજીના રૂપમાં પ્રગટ થઈ ચૂક્યા છે.

(૬) ઈમામ રુહઅલ્લાનું આવવું :- ધણી શ્રી દેવચંદ્રજીના રૂપમાં પ્રગટ થઈ ચૂક્યા છે.

(૭) અસરાફીલનું સૂર ફૂંકવું :- અક્ષરની બુદ્ધિ જે સ્વામીજીની અંદર આવી અને તેનાથી કુરાનના રહસ્યો ખુલ્યા. મોમિનો આ સાંભળીને ઈમાન લાવે છે.

શ્રીજી અહીંથી હાથી પર સવાર થઈને સેઉડે પહોંચ્યા જ્યાં બસંત સુરખી સાથે મુલાકાત થઈ. તેમણે શ્રીજીના ચરણોમાં પ્રણામ કર્યા. ત્યાંથી તેઓ ચિત્રકૂટ ગયા અને ત્યાં એક વર્ષ રોકાયા. અહીં કયામતના બધા બાતૂની ભેદો ખોલીને કયામતનામાં ગ્રંથ ઉતાર્યો. શ્રીજીએ વિચાર્યુ કે મહારાજાને આ વાત જાણવાથી ખૂબ આનંદ થયો.

બરાબર એજ સમયે ઓરછાના રાજાએ ખટોલા પર આક્રમણ કર્યું. તેને ફટકાર લાગી અને તે બરબાદ થઈ ગયો. તેના મૃત્યુ બાદ મીઠુ પીરજાદાએ ખરાબ દાનત કરી અને પાંચ હજાર અસવાર લઈને ચઢાઈ કરી. રસ્તામાં જ ચમારોએ એને લૂંટી લીધો. તે બરબાદ થઈ ગયા. પોતાનું કાળુ મોઢું લઈ પાછો ચાલ્યો ગયો. જે જે લોકોએ છત્રસાલના રાજ્ય તરફ બૂરી નજર કરી તેમને સજા મળી ગઈ. આવા લોકોને કુરાનમાં કાફર કહેવામાં આવ્યા છે. જેમના સિર પર શ્રી રાજનું છત્ર હોય તેનો વાળ પણ વાંકો થઈ શકતો નથી.

## : શ્રી પદ્‌માવતીપુરી ધામની વિતક ::

શ્રીજી જ્યારે રામનગરથી પન્ના આવ્યા ત્યારે ઔરંગઝેબના સુબેદાર પુરદલખાં એ શ્રીજી પાસે એક પત્ર મોકલીને જણાવ્યું હતું કે કયામત તો હજુ ઘણી દૂર છે તમે એને અત્યારે શા માટે બતાવી રહ્યા છો ? શ્રીજીએ એના જવાબમાં જણાવ્યું કે તમે કુરાન વાંચો છો ? એમાં કયામતની દરેક વાત લખેલી છે. તમે ફરીથી તે વાંચી જુઓ કયામતનો સમય આવી ગયો છે અને તેના સાત નિશાનો પણ જાહેર થઈ ચૂક્યા છે.

તમને કંઈ સમજણ ન પડવાથી તમે અજ્ઞાનતાની ગોદમાં સૂતા રહ્યા. એમાં



તમારો પણ શું વાંક આ તો નસીબની વાત છે. આ તો બધુ ઈમામ તથા મોમિનોનું કામ છે. હવે સમય પાકી ગયો છે તમને પણ બધુ સમજાશે. રામનગરમાં તમારા સેનાપતિ આવ્યા હતા એ બધુ સમજીને પોતાની આત્મા જાગૃત કરીને ચાલ્યા ગયા છતાં તમારી સમજમાં કંઈ જ આવ્યું ? પુરદલ ખાં એ શ્રીજીના પ્રત્યુત્તર તરફ કોઈ પ્રતિભાવ ન દર્શાવ્યો. અંકુર ન હોવાથી એ કરી પણ શું શકે ? લડતપુરમાં પણ તેની ત્રણ હજાર જેટલી ફોજને મહારાજાના માત્ર બાવીસ સૌનિકોએ ભગાવી મૂકી.

ત્યારબાદ ગૌર ફોજ લઈને આવ્યો તો એવી જોરદાર લડત આપી કે ફોજનું નામ-નિશાન સુધ્ધા ન રહ્યું. જેવી રીતે ફૈરુન બાદશાહની સેના નીલ નદીમાં ગરકાવ થઈ ગઈ હતી, બરાબર એવી જ રીતે ઔરંગઝેબે શ્રીજીના ફરમાન સામે ઢાંકપિછોડો કર્યો. અને તેની જે જે સેના આવતી ગઈ તે બધી નામશેષ થતી ગઈ. મીઠુ પીરજાદા લડવા આવ્યો તો રસ્તમાં જ ચમારો દ્વારા લુંટાઈ ગયો. ઓરછાના રાજાએ ખટોલા પર ચઢાઈ કરી તો શ્રીના હુકમથી તે જડમૂળથી ઉખડી ગયો. ત્યારબાદ જેતપુરના રાજાએ હિંમત કરી તો તે પણ બરબાદ થઈ ગયો. ઓરછાના રાજાનો (દૌઆ) એ ખટોલા પર ફરીથી ચઢાઈ કરી તો તેને પણ પરાજયનો સ્વાદ ચાખવો પડ્યો.

બાદશાહના હુકમથી રણમસ્તખાં સાતમી મજલ સુધી આવ્યો. ત્યારબાદ બાદશાહે તેને પરત બોલાવી લીધો. ઓરછાના પંડિતો ચઢાઈ કરીને લડવા આવ્યા તો તેમને ઓરછાના લોકોએ જ મારીને અધમુઆ કરી નાંખ્યા. રાણા પ્રતાપસિંહે ખરાબ નજર કરી તો એ પણ બરબાર થઈ ગયો. જેણે - જેણે લડાઈ કરી તે બધાને તે વખતે સજા મળી ગઈ.

'દજ્જાલની છાતી કહી દૂધ પીવત' એટલે કે જે લોકો ધર્મના દુશ્મન હોય છે તે લોકો જ દજ્જાલની મદદ કરે છે અને હાથે કરીને પરેશાની વહોરે છે. તેમને શું ખબર કે મોમિનો પર સદા શ્રી રાજજી મહેરબાન છે. તેમને કોઈ પરેશાન કરી શકતું નથી. એ તો એક જગ્યાએ બેસીને ધણીની ચર્ચા કરતા રહે છે. ફરિશ્તા તેમની ચોકી કરે છે. શ્રી રાજજીએ આવા મોમિનોને જ પોતાની પૂર્ણ પહેચાન બતાવી છે. આ લોકો જ સુન્નત જમાત કહેવાય છે. આમ, કયામતના સાતેય નિશાન જાહેર થઈ ગયા. શ્રીજીએ આખી દુનિયાનો વિરોધ દૂર કરીને એક ધર્મની સ્થાના કરી રુહો જે પરમધામથી ઉતરી છે, તે જ મુલમિલાવવાના વારિસ છે. તેમની પાસેથી જ અક્ષરાતીતનું જ્ઞાન સાંભળવા મળે છે. દુનિયાના લોકો એટલે કે જીવસૃષ્ટિ માટે ભિસ્તો કાયમ કરવામાં આવી છે. આ બ્રહ્મસૃષ્ટિઓની મહિમા અવર્ણનિય છે તેમની લીલા અપરંપાર છે.

## -: અષ્ટ પ્રહરની સેવા :-

મંગલાચરણમાં લાલદાસજીએ પહેલાં મહાકારણ વિશે થોડીક ચર્ચા કરી છે. શ્રી રાજજી મહારાજે વિચાર્યું કે મારી બધી રૂહોને મારા ઈશ્કની સાહેબીની પૂર્ણ પહેચાન કરાવીને આ જૂઠા સંસારનો ખેલ બતાવું. તેથી ધણીની ઈચ્છા મુજબ જ ઈશ્ક-રબ્દ થયો અને સખીઓએ અક્ષરનો જૂઠો ખેલ જોવાની જીદ પકડી. શ્રી રાજજી મહારાજે તેમને ખૂબ સમજાવ્યા કે આ ખેલ જોવા જેવો નથી ત્યાં તો દુઃખ જ દુઃખ છે. ત્રણ વખત ના પાડી છતાં સખીઓ ન માની. સૌ પ્રથમ તેઓ વ્રજમાં અને ત્યારબાદ રાસમાં આવ્યા. સંયોગ અને વિયોગ જોયા બાદ શ્રી રાજજી મહારાજની પૂર્ણ પહેચાન કરવા માટે તેઓ આ જાગણીના ત્રીજા બ્રહ્માંડમાં આવ્યા. જમ્બુદ્વીપમાં શ્રેષ્ઠ એવા ભરતખંડના બુંદેલખંડમાં બધા મોમિનો એકઠા થયા. જેમાં છત્રસાલની ભૂમિકા ઘણી જ મહત્વની છે. તે બધાના સરતાજ શ્રીજી સાહેબજી હુકમ સ્વરૂપ મહંમદ સાહેબ છે જે પોતાની અંગનાઓને અનહદ ચાહે છે. શ્રીજી સાહેબજીને જ હકી સ્વરૂપ સૂરત કહેવામાં આવ્યા છે. બેહદભૂમિના મૂલમિલાવવાની ચર્ચા આ હદના બ્રહ્માંડમાં મર્યાદિત શબ્દો દ્વારા શી રીતે કરી શકાય ? જે મોમિનો શ્રીજીની સેવામાં હાજર હતા તેમને સાગર સમાન અગણિત આનંદ મળ્યો છે. આ જૂઠી જીભથી તો એક પળની સેવાના સુખનું વર્ણન પણ થઈ શકે તેમ નથી. પરંતુ, શ્રીજીના હુકમ અને તેમની મહેરથી જ લાલદાસજી આ વર્ણન કરી શક્યા છે. અહીં બેઠા-બેઠા આપણે સૌ પરમધામની લજ્જત લઈ રહ્યા છીએ એ પણ ધણીની મહેર, ધણીનો લાડ જ છે ને !

'ઈતહી બેઠે ઘર જાગેં ધામ
પૂરણ મનોરથ હુએ સબ કામ'

સંવત ૧૭૩૫માં વિજ્યાભિનંદનના શાકાનો પ્રાંરભ થયો. તેના પાંચ વર્ષ પછી શ્રીજીએ પન્નાજીમાં પદાર્પણ કર્યું, અને તેમાં સાકુંડલની વાસના મહારાજા છત્રસાલ બ્રહ્મસૃષ્ટિઓની જમાતમાં ભળી ગયા.

અહીં ધણીની ત્રણ સૂરતોનું વર્ણન કરવમાં આવ્યું છે.

(૧) બસરી સૂરત :- હુકમ સ્વરૂપ મહંમદ સાહેબની નેવું હજાર હરફોમાં શ્રી રાજજી સાથે પરમધામમાં વાતો થઈ.

(૨) મલકી સૂરત :- શ્રી દેવચંદ્રજી મહારાજ

(૩) હકી સૂરત :- શ્રી પ્રાણનાથજી



આ ત્રણેય સૂરતોએ મળીને પરમધામનું સુખ આપ્યું. કુરાનમાં દર્શાવ્યા પ્રમાણે હજાર વર્ષ પહેલાં બસરી સૂરત હુકમ સ્વરૂપ મહંમદ સાહેબ આવ્યા. બીજી સૂરત મલકીમાં સદ્‌ગુરૂ શ્રી દેવચંદ્રજી (શ્યામા, મહારાણી) પોતાની જમાત સાથે પરમધાથી દસમી સદીમાં આવ્યા અને હકી સૂરતમાં પ્રાણનાથજી સ્વરૂપ શ્રીજી સાહેબજી આવ્યા. ત્રણે સૂરતોનું કામ અલગ-અલગ છે તેની બરાબરી અન્ય કોઈ કરી શકે તેમ નથી.

બસરી સૂરત પર હુકમ તથા જોશ આવ્યો. પરંતુ, તે સમયે કોઈ બ્રહ્મસૃષ્ટિ ઊતરી ન હતી. શ્રી રાજજી સાથે મેયરાજ થયા (દર્શન) તે દરમિયાન નેવું હજાર (શબ્દો) હરફોમાં તેમની સાથે વાતો થઈ. જેટલું યોગ્ય લાગ્યુ, એટલું જાહેર કર્યું. મલકી સૂરતે તારતમરૂપી કુંજી દ્વારા પરમધામનું વર્ણન કર્યું. હક સ્વરૂપ પ્રાણનાથજીમાં જાગ્રતબુધ તેમજ ધણીનો હુકમ તથા જોશ આવ્યા જેના દ્વારા આપને કુલસ્વરૂપની વાણીનો અણમોલ ખજાનો જ્ઞાનરૂપે મળ્યો.

દુનિયાની પેદાશ મોહ દ્વારા થઈ હોવાથી તે ચોથા આસમાન સુધી પહોંચી શકતી નથી. કુરાનમાં ચાર આસમાનનું વર્ણન છે. લાહૂત, જબરૂત, મલકૂત, નાસૂત. ચોથુ આસમાન લાહૂત છે. જીવસૃષ્ટિની પહોંચ મલકૂત (વૈકુંઠ) સુધી જ છે. કુરાનમાં ત્રણ પ્રકારની સૃષ્ટિ છે આમ, ખાસ અને ખાસલખાસ હિંદુ શાસ્ત્રમાં તેને જીવ, ઈશ્વરી અને બ્રહ્મસૃષ્ટિ કહેવમાં આવે છે.

એક વખત મહંમદ સાહેબને મેયરાજ (દર્શન) થયા. તેઓ ત્રણ આસમાન પાર કરીને અક્ષરધામ સુધી પહોંચ્યા. ત્યાંથી ઈશ્કના સિંહાસનમાં બેસીને તેઓ પરમધામ પહોંચ્યા. ત્યાં તેમણે જોયું તો હકી સૂરત શ્રી રાજજી મહારાજ (અલ્લાહ તાલા) બાર બજાર બ્રહ્મસૃષ્ટિઓથી ઘેરાઈને બેઠા હતા. પરમધામાં હૌજ કોસર તળાવ, જમુનાજી, જાનવરો, બાગ-બગીચા વગેરે જોયુ. રાજજી સાથે ૯૦ હજાર હરફોમાં વાતચીત થઈ. તેમણે આવીને ત્રીસ હજાર જાહેર કર્યા. જ્યારે બાકીના કયામત સમયે જાહેર કરવાનો હુકમ હતો જે ઈમામ મહેંદી સ્વરૂપ શ્રી પ્રાણનાથજીએ જાહેર કર્યા. તેમણે જણાવ્યું કે આપણે પહેલાં વ્રજ અને રાસમાં ગયા અને ત્યારબાદ આ ત્રીજા બ્રહ્માંડમાં આવ્યા છીએ. હવે બધી સખીઓને જગાવીને પરમધામ જવાનું છે.

મોમિનોની સેવાની સુવાસ શ્રી રાજજી મહારાજ સુધી પહોંચ છે. સેવાથી વિશેષ અન્ય કોઈ બંદગી નથી. જે લોકો આ સેવા કરનારા મોમિનોની સોબત કરે છે. હકની વાતો સાંભળે છે અને તેના દર્શન કરે છે, તેની પ્રશંસા શબ્દો દ્વારા થઈ શકે તેમ નથી. આ બધી વાતો શબ્દાતીત છે. શુકદેવ મુનિએ શાસ્ત્રોમાં બ્રહ્મમુનિઓનું વર્ણન કર્યું છે. સ્વયં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પણ આ બ્રહ્મ

અંગનાઓની ચરણરજ મેળવવાની ઈચ્છા રાખે છે. તો એનાથી વિશેષ એમની શોભા ક્યા શબ્દોમાં વર્ણવી શકાય ?

પરમધામ-અર્શની વાતોનો પાર આવે તેમ નથી પરમધામની અંદર જ અક્ષરધામ આવેલું છે ત્યાં બ્રહ્મસ્વરૂપ અક્ષરબ્રહ્મ એક પળમાં સેંકડો બ્રહ્માંડ બનાવવાની તેમજ મિટાવવાની લીલા કરે છે. વેદ-શાસ્ત્રોમાં લખ્યું છે કે આવા અક્ષરબ્રહ્મ પણ બ્રહ્મ અંગનાઓના દર્શન ઈચ્છે છે. કુરાનમાં જણાવ્યા મુજબ આ બધી વાતો કયામતના સમયે જાહેર થશે. નૂરજલાલ અક્ષરબ્રહ્મ નૂરજમાલ અક્ષરાતીતના દર્શને દરરોજ આવે છે. અહીંયા જબરાઈલ ફરિશ્તો રહે છે જે પરમધામ જઈ શકતો નથી. બ્રહ્મઅંગનાઓને કુરાનમાં ખુદાના દોસ્ત, ઔલિયા લિલ્લા કહેવામાં આવી છે. તેમના આવવાથી સમગ્ર સંસારનો વિરોધ દૂર થઈ ગયો, કળિયુગરૂપી દજ્જાલ પણ તેમનાથી ડરે છે. કુરાન-પુરાણની બધી સાક્ષીઓ સત્ય ઠરી અને સંસારને જ્ઞાન થવાથી મોમિનો ઘણા ખુશ થયા.

અખંડ તારતમ જ્ઞાન દ્વારા સૌ પ્રથમ બ્રહ્મસૃષ્ટિ, ત્યારબાદ ઈશ્વરસૃષ્ટિ અને છેલ્લે જીવસૃષ્ટિ જાગી તેમના માટે બહિસ્તોના દ્વાર ખુલી જશે.

**: પ્રથમ પ્રહરની સેવા ::**

(એક પ્રહર ત્રણ કલાકનો ગણાય છે. સવારના ૬ થી પ્રથમ પ્રહર શરૂ થાય, જે નવ વાગ્યા સુધી ચાલે)

શ્રી લાલદાસજી જણાવે છે કે પન્નાજીમાં શ્રીજી સાથે જે સુંદરસાથ આવ્યા હતા તે બધા મંદિરની ચારેબાજુ રહેવા લાગ્યા અને આઠેય પ્રહર શ્રીજીની સેવા કરવા લાગ્યા. સુંદરસાથનું પ્રમાણ વિશેષ હોવાથી શ્રીજીએ તેમને સેવા વહેંચી આપી હતી. કોઈને પ્રથમ પ્રહરની તો કોઈને બીજા પ્રહરની. પ્રથમ પ્રહર ૬ થી ૯માં જેણે સેવા કરી તેનું ટૂંકમાં વર્ણન કરવામાં આવ્યું છે.

**: સેજનું વર્ણન ::**

ખૂબ સુંદર નૂરમયી સેજની શોભા છે. લાલરંગના પલંગમાં પાંચ રંગની પાતળી પટ્ટીઓ વણવામાં આવી છે. જેમાં પાતળી ચાદર પાથરીને માથાના ભાગે મુલાયમ ઓશિકા મૂકવામાં આવ્યા છે. ચારે પાયા ઉપર ચાદર બાંધી છે જેમાં ફૂકમ લટકી રહ્યા છે. ઓઢવા માટે ચાદર તેમજ રજાઈ પણ મૂકવામાં આવી છે.

ચારેબાજુ લાલ ડંડા લાગેલા છે. જેમાં પડદા તથા ઝાલર લટકે છે. આ સેવા પ્રેમદાસ તથા દ્વારકાદાસ કરે છે. પલંગ પાથરવાની તેમજ ઉપાડવાની સેવા નારાયણ તથા હરનંદન કરતા હતા. કોઈક-કોઈક દિવસ નાથાભાઈ પણ સેવા કરતા હતા.



મથુરા, ગંગાદાસ, પરમાનંદ, શ્યામાજી આ બધા સેજની સેવામાં હાજર રહેતા હતા. માણેકબાઈ તો બધી સેવામાં સામેલ રહેતી. સવારે પાણી પાવાની સેવા જમુનાબાઈ કરતા હતા. પાછળથી તે સેવા તેમના પુત્ર છબીલા કરતો હતો. શ્રીજીએ ખુશ થઈને તેને આ સેવા સોંપી હતી. પગ દબાવવાની સેવા અગરદાસ ગુલજી કરતા હતા. ક્યારેક માલજીભાઈ પણ આ સેવા માટે હાજર થઈ જતા. રામબાઈ અને ખેમદાસ અન્ય સેવા કરતા હતા. ઠંડીના દિવસોમાં બિહારીદાસ સવારથી અંગીઠી (નાની સગડી) તપાવીને લાવતા અને શ્રીજી સેજ પરથી ઉઠે ત્યારે તેમને તપાવતા હતા. આ સેવા અત્યંત મહત્વની છે. રતનબાઈ ગરમ પાણીમાં રૂમાલ બોળીને શ્રીજીની આંખો સાફ કરી આપતા હતા.

શ્રીજી જ્યારે ઊઠીને જતા ત્યારે ધનજીભાઈ, તારાબાઈ, કન્નડ અને ગંગારામ 'ત્રીજી ભોમ કી જો પડસાલ ઠૌર બડે દરવાજે વિશાલ' ગાયા કરતા હતા. તેને આમ વાણી ગાઈને શ્રીજીને પ્રસન્ન કરતા હતા કપડાં પહેરાવવાની સેવા રામચન્દ્ર, નંદરામ તથા વલ્લભદાસ કરતા હતા. બિહારીદાસ સવારે તેમજ રાત્રે અંગીઠી ભરીને શ્રીજી સામે મૂકતા હતા. શ્રીજી પહેલાં ધોતીનો કાછો (ચરના) અને પછી ગોટા કનરૂપી પહેરતા હતા. મોજા પહેરાવવાની સેવા પ્રથમ રામદાસે અને પછી વલ્લભદાસે કરી. પ્રેમદાસ નંદદાસ વસ્ત્ર પહેરાવવાની સેવા કરતા હતા. જરી બુટીવાળો કુર્તો પહેરાવી તેની ઉપર પટુકો નાંખતા હતા લાલદાસ તેમજ લાલબાઈ કસ બાંધતી હતી. મકરન્દદાસ પણ તેમાં સામેલ હતા. જો સિનગાર સમયે મહારાજા છત્રસાલ ત્યાં આવી જતા તો તેઓ પણ આ સેવામાં લાગી જતા. વલ્લભદાસ, જીવીબાઈ તથા પ્રેમબાઈ સેતખાનું (બાથરૂમ) હરવંશને ત્યાં હતું. શ્રીજી સવારે ત્યાં ન્હાવા માટે જતા ત્યારે લાલબાઈ પાવડો પાથરવાની સેવા કરતા. હરવંશ પછી ઘનશ્યામે પણ પોતાને ત્યાં સેતખાનુ (બાથરૂમ) બનાવી લીધું હતું. શ્રીજીની પાવડી (પગમાં પહેરવાના લાકડાનાં પગરખાં) નારાયણદાસ રાખતા હતા. ત્યારબાદ વલ્લભદાસે આ સેવા કરી. પાવડો પાથરવાની સેવા બકાઈ, કિસની કરતા હતા. પાણી પાવા માટે પાણી ભરવાની સેવા શિવરામ લોટા કરતા હતા. લાલબાઈ તથા દયાલી ડબ્બા તથા રૂમાલ રાખવાની સેવા કરતા હતા.

અહીં એક પલાશના વૃક્ષ નીચે હરવંશ દેવકી રહેતા હતા. શ્રીજી સાથે જે મોમિનો અહીં આવે તેની તેઓ સેવા કરતા હતા. ડોલ ભરીને ગરમ પાણી કરી આપી, દાતણ વગેરે આપતા હતા. થોડાક દિવસ ગુલ મહંમદ દોલતખાને પણ આ સેવા કરી શેખબદલભાઈ સૂરજમુખી લઈને ઉભા રહેતા જેથી તડકો ન લાગે. મોરછલની સેવા અમોલ, પ્રભાવતી, કેશવ તથા શંકર બંને હાથ માટે કરતા હતા.

નંદરામ શ્રીજી સાથે રહેતા હતા. વલ્લભ શ્રીજીને માથે છત્ર રાખીને ચાલતા હતા. શ્રીજી હરવંશના ઘરેથી આવીને માણેકના ત્યાં આવી ગાદી પર બેસતા હતા. આ સમયે ધનબાઈ તથા ઘનશ્યામ પાવડો પાથરતા હતા. શ્રીજી ક્યારેક પલંગ પર બેઠા-બેઠા દાતણ કરતા તે વખતે નારાયણ અને કેશવ બંને બાજુ રૂમાલ લઈને ઉભા રહેતા. છબીલદાસ સોનાથી મઢેલું દાતણ તેમજ ઝારી ભરીને હૂંફાળુ પાણી લઈને આવતા. આ વખતે નંદરામ હાથમાં ઝારી ભરીને બેસતા અને શ્રીજીના હાથ ધોવડાવતા હતા. તેમાંથી વધેલું પાણી શંકરભાઈ બધા સુંદરસાથને ચરણામૃત રૂપે વહેંચી દેતા.

નૂરમહંમદ ફૂલમા (સોપારી, લવિંગ અને ઈલાયચી)નો મુખવાસ તૈયાર કરીને ડબ્બી ભરી લાવતા. તેમણે આ સેવા ગુલમહંમદને આપી હતી. રૂપાબાઈને હરડેની સેવા આપી હતી. શ્રીજી રોજ હરડે લેતા હતા. આ સેવામાં છબીલદાસ પણ સામેલ હતા. ચીરા એટલે કે પાઘડી બાંધવાની સેવા મુકુંદદાસજી કરતા હતા. તેઓ તેમાં તુર્રા તથા કલગી પણ લગાવતા હતા. એ વખતે અરીસો લઈને ઉભા રહેવાની સેવા અગરદાસ કરતા હતા. સીતારામ, ગુલ મહંમદ તથા બંસી પણ તેમાં હાજર રહેતા હતા. ઉધ્ધવદાસજી તથા છબીલદાસ તિલક લગાવતા હતા. પાગ ઉપર જે ચંદ્રિકા લટકતી હતી તેમાં મોતીની માલા પણ લટકતી હતી. ઉકાભાઈ પોતાના હાથે કલંગી બનાવી લાવતા. રામદાસ તથા ધર્માબાઈ ફૂલોના હાર બનાવીને લાવતા ત્યારે લલિતાબાઈ શ્રીજી સાહેબજી મહેરબાન બોલતા આવતા જતા જરૂર પડે તો તરત આપી શકાય તે હેતુથી મયારામ પોતાની પાસેની ઝોળીમાં ફકીરીનો સામાન રાખતા હતા. પેબંદની ગોદડી શ્રીજીને ઓઢાડતા હતા. કપૂરની સુમરની હાથમાં આપતા હતા. માળા ચંદનની ચિપ્પી શેલી મુત્તકા બધુ હાથમાં આપતા હતા માયારામ તેમની ઝોળીમાં અનેક પ્રકારની વસ્તુઓ જેવીકે, સોય, અજવાઈન, સૂંઠ, લીડી, પીપર, વગેરે જેવા સુંગધી મસાલા રાખતા હતા જ્યારે જેની જરૂ પડે તે શ્રીજી પાસે હાજર કરી દેતા.

મહારાજા છત્રસાલ સિનગાર કરવા આવે ત્યારે તેઓ ફરીથી સિનગાર કરાવતા. બાઈજૂરાજ આભૂષણ લાવતા તેમની સાથે ગોદાવરી તથા રૂકમણી પણ રહેતી. ચાંદીની રકાબી ભરની આભૂષણ આવતા અને છત્રસાલ શ્રીજીને પહેરાવતા, બે મોતીની માળા સોનાની વીંટી, ભરાવદાર સોનાની બે ચેન, ચંપકલીનો હાર, નવસરીનો હાર તેના પર કંઠી તથા મોતી લટકતા હોય એવી મોતની માળાઓ. શ્રીજીના ગળામાં શોભાયમાન રહેતી હતી. આભૂષણ પહેરાવ્યા બાદ બાઈજૂરાજ પોતાના મંદિરમાં જઈને રાજભોગની તૈયારી કરતા. આઈજી બાલભોગ લગાવતા



હતા. રતનબાઈ મગ લાવતા બધા કંઈકને કંઈક લાવીને શ્રીજીને આરોગાવતા. છબીલદાસ કટોરો ભરીને જળ લાવતા. આ સમયે જો કોઈ પ્રશ્ન પૂછે તો શ્રીજી અત્યંત પ્રેમથી તેનો જવાબ આપતા. શ્રીજી માણેકબાઈના ઘર નિસ્તાર માટે જતા હતા. શ્રીજી સુંદરસાથ સાથે વિનોદ પણ કરતા. આ સમયે વલ્લભદાસ પાંવડીની તેમજ માથે છત્ર રાખાવની સેવા કરતા હતા.

પિયુજી પલંગ પરથી ઉભા થાય ત્યારે એકબાજુ ધનબાઈએ તથા બીજીબાજુ લાલદાસે તેમનો હાથ પકડવાની સેવા કરી. ગંગાદાસ તથા મકરંદ પણ સાથે રહેતા હતા. ક્યારેક છત્રસાલ તેમજ લાલદાસને બદલે લાલબાઈ પણ હાથ પકડવાની સેવા કરતા હતા. ક્યારેક રાજજીને રિઝવવા કે વિનોદ કરતા લાલબાઈ વચ્ચે આવીને ઉભા રહી જતા હતા. શ્રીજી લટકે-મટકે લટકતી ચાલ ચાલતા હતા. આ સમયે શંકરદાસ તથા અન્ય સુંદરસાથ વાણી ગાતા-ગાતા ચાલતા હતા. માણેકબેન તેમના ઘેર પાથરણા પાથરી તૈયાર રાખતા હતા. ચારે બાજુ ચંદ્રવા, તખત ગાદી-તકિયા મુકીને સુઆ બેન તેમને અંદર લાવતા હતા. તેમની બાજુમાં ગંગાદાસના ઘરે પણ આ રીતે પાથરણા પાથરેલા રહેતા. શ્રીજી ત્યાં પણ જતા હતા. મોદી બડા મૂલચંદ શ્રીજી સાથે ચાલતા - ચાલતા ધામધણીની જય બોલાવતા હતા. ગૌરબાઈ હાથ પકડીને ઉઠાડવાની સેવમાં રહેતા. એકબાજુ નંદરામ તેમજ બીજીબાજુ શંકર મોરછલ લઈને ઉભા રહેતા. દડાવદાર મોરછલ વલ્લભદાસના હાથમાં રહેતું. તેમની સાથે મહંમદખાન પણ પ્રેમથી સેવા કરતા ત્યાંથી પાછા ફરીથી શ્રીજી પલંગ પર વિરાજતા. મુરલીધર તેમની સામે બેસીને ધ્યાનથી ચર્ચા સાંભળતા હતા. હવે ચર્ચાનો સમય થયો પ્રથમ પ્રહર પૂરો થયો.

### : દ્વિતીય પ્રહરની સેવા :: (૯ થી ૧૨)

બીજા પ્રહરના સુંદરસાથની સેવાનું વર્ણન પણ કરવામાં આવ્યું છે. પલંગની બંને બાજુ લાલદાસજી તથા કેશવદાસજી બેસીને કુરાન-હદસોનું પઠન કરતા હતા. શ્રીજી તેના અર્થ સમજાવીને પરમધામની નિશાનીઓ સ્પષ્ટ કરતા હતા. બધા મોમિનોં એનો અમીરસ લૂંટતા હતા. શ્રીજી જયંતિકાકાને બોલાવીને બંને બાજુ રેલો પધરાવી તેના પર કુરાન-પુરાણ પધરાવતા હતા. તેમની પાસે પૈસાની થેલી પણ રહેતી. કિતાબખાનાનો બધો સામાન તેઓ સંદૂકમાં રાખતા હતા. જ્યારે જે વસ્તુની જરૂર પડે ત્યારે જયંતિકાકા આપતા હતા. વાગજીભાઈ શ્રીજીના હાથની નીચે ટેકો રાખવા માટે જંગોટા લાવતા હતા. વનમાળીદાસના લાવેલા પંજા વડે શ્રીજી ખંજવાળતા હતા. દુંદરાયભાઈ શ્રીજી સામે બેસીને તફસીર હુસેની

સંભળાવતા હતા. તેઓ કયામતની ખાસ વાતો સુંદરસાથને લખી મોકલતા હતા. કોઈક દિવસ ગોવિંદરાય તથા ટેકચંદ્ર દેવચંદ્રજીની વિતક વાંચતા. બદ્રીદાસે એક વર્ષ સુધી ડાયરી લખી તેઓ આ સિવાય અન્ય સેવા પણ કરતા હતા. પોહકર બદ્રી પણ સેવામાં ઉપસ્થિત રહેતા હતા. દેવીદાસ તેમજ અન્ય સુંદરસાથ વાણી લખીને શ્રીજીને સંભળાવતા હતા. મથુરદાસ, તિમિરદાસ તથા પરશુરામ એ બધા જ વાણી લખતા હતા. પદમિયાં તથા બિરિયા સૂરતસિંહ મકનીયા એ બધા વાણી અંતર્ગત સનંધ લખતા હતા. હિરામલ પણ લખતા. મોહના વાણી લખીને શ્રીજીને સંભળાવતી હતી ભવન અડિગ બેસીને તે સાંભળતા હતા. હરિદાસ વાણી લખીને તેને પોતાના ઘરમાં રાખતા હતા. ગોવિંદભાઈ પણ લખતા હતા. છત્રસાલ ધ્યાનથી ચર્ચા સાંભળતા. શ્રીજી કુરાન-પુરાણની સાક્ષી આપીને મીઠી જુબાન દ્વારા ચર્ચા કરતા. મુરલીધર નજરથી નજર મિલાવીને ચર્ચા સાંભળતા. શ્રીજી ચર્ચામાં ભાગવતના ચાલીસ પ્રશ્નો પણ ખોલતા હતા. સુંદરસાથ ધ્યાનથી સાંભળતા અને જેમાં ચૌદ લોકના બ્રહ્માંડથી આગળ અક્ષરધામ છે તેની કિરંતન સંભળાવીને ચર્ચા કરતા વ્રજનૈન તથા ચંચલ ખૂબ ધ્યાનથી ચર્ચા સાંભળતા હતા.

શ્રીજી દરરોજ જુગલ સ્વરૂપનું વર્ણન મધુરી વાણીથી સંભળાવતા હતા. નિજધામનું વર્ણન શ્રીજી સિવાય કોઈ સમજાવી શકતું ન હતું. અને મોમિનો સિવાય કોઈ તેને સમજી શકતું ન હતું. શ્રીજી પરમધામના સુખ તથા ખેલના દુઃખ સમજાવતા અને કહેતા કે તમે આ બ્રહ્માંડના નથી, તમે તો વ્રજ અને રાસમાં આવ્યા હતા ત્યાં ઈચ્છા પૂરી ન થવાથી આ ત્રીજા બ્રહ્માંડમાં આવ્યા છો. અહીં મારી ત્રણેય સૂરત પણ આવી છે. પહેલી બસરી મહંમદ સાહેબના રૂપમાં આવીને કુરાન લાવી. બીજી મલકી દેવચંદ્રજીની સૂરત દ્વારા તારતમ આવ્યો અને ત્રીજી હકી સૂરત દ્વારા ઈમામ સ્વરૂપ પ્રાણનાથજી આવ્યા. આ પ્રકારે પાંચ દિવસ પરમાત્માના બતાવ્યા. પહેલો વ્રજનો, બીજો રાસનો, ત્રીજો મહંમદ સાહેબનો, ચોથો દેવચંદ્રજીનો અને પાંચમો શ્રી પ્રાણનાથજીનો. કુરાનમાં અગિયારમી સદીમાં કયામત આવવાનો ઉલ્લેખ છે. તે સમય આવી ગયો છે. મક્કા મદીનાથી આવેલા વસીયતનાનામાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે અહીંથી બધી જ સફકત, બરકત હિંદુસ્તાન જતી રહી છે. કુરાનમાં એ વાતનો પણ ઉલ્લેખ છે કે ઈસા રુહઅલ્લા તેમજ ઈમામ દજ્જાલ સાથે ચાલીસ વર્ષ સુધી લડશે. આ ૪૦ વર્ષ ઈશાની બાદશાહીના વર્ષ છે.

શ્રીજી રાત-દિવસ ચર્ચા કરતા જેમાં પરમધામનું વર્ણન કરવમાં આવતું. ચાલુ ચર્ચામાં કોઈની હિંમત નહોતી કે, કોઈ વચ્ચે બોલી શકે. જેમાં અંકુર હોય તેજ એને સમજી શકતા હતા. દજ્જાલ માથુ કૂટતો રહેતો. હવે ભોજનનો સમય થઈ ગયો છે.





આરોગતા પહેલાં બધા ઝીલણા કરે છે. હનુમંતબાઈ થાળ લાવવા માટે અરજી કરે છે. તો શ્રીજી તેમને અનુમતિ આપે છે. તેમણે ખુશ થઈને બાઈજુરાજ ને આ સૂચના આપી. અરજીની સેવામાં પ્રથમ કમલાવન્તી ત્યારબાદ લાડબાઈ અને પછી હનુમંતબાઈ રહેતી હતી. શ્રીજીએ કહ્યું કે પહેલાં તેલ, ધોતી, ટોવેલ વગેરે લાવો. સ્નાન કર્યા બાદ ભોજન કરીશું. ત્યાં સુધી ચર્ચા કરવા દો. છતાં બાઈજુરાજે અરજી કરી જયંતિકાકાએ શ્રીજીના કાનમાં કંઈક કહ્યું તો શ્રીજી ઉઠીને ચોકી પર સ્નાન કરવા બેસી ગયા. ગંગારામ તથા ગોદાવરી કટોરા ભરીને તેલ લગાડવા માટે લઈ આવ્યા. અગરદાસ અને ગુલજીએ તેલ લગાવ્યું. વંસી તથા સીતારામ પણ તેમાં સામેલ છે. ગંગારામે વધેલું તેલ સૌને વહેંચી દીધું. લાલદાસજી ધોતી પોતી તથા પિતામ્બર લાવ્યા. માણેકબેન ગરમપાણી લાવ્યા. ગંગારામ અને ભગવાનભાઈએ તેમાં થોડુંક ઠંડુ ઉમેરીને તેને હૂંફાળું કર્યું. ન્હાતી વખતે ‘ઝીલણ રંગ સુહામણા’ એ કન્નડ ગંગારામ ગાતા હતા તારાબાઈ તથા અન્ય સુંદરસાથ તે ઝીલતા હતા. માનબાઈ ચોકી લાવ્યા. રતનબાઈ પટા લાવ્યા. ચંદનની પાંવડી રામબાઈ લાવ્યા. ચાદરનો પાંવડો રામબાઈએ બિછાવ્યો. ઉપર ચંદરવાની સેવા રતનબાઈએ કરી, માણેકબેને ચોકી પર ચાદર પાથરી માણેકબેન જળ ભરેલા લોટાથી સ્નાન કરાવતા હતા. લાલદાસજી પણ હર્ષથી તેમાં જોડાઈ જતાં. છબીલદાસ તથા વૃંદાવન શરીર લૂછતા. જ્યારે મહારાજા છત્રપાલ આવી પહોંચતા તો તે પણ શરીર લૂછવાની સેવા કરતા.

લાલબાઈ રૂમાલ લાવી. બાઈજૂરાજે શરીર લુછયું. પ્રેમદાસ પણ તેમાં હાજર રહેતા. શ્રીજી લલિતાબેન પર લોટો ભરીને પાણી નાંખી દેતા. તેમના કપડાં ભીંજાઈ જતા જોઈને બધા મોમિનો હસવા લાગતા. શ્રીજી તેમને ખૂબ હસાવતા. શોભાદાસ ઝીલણા વખતનું જે જળ પડ્યું હોય તેમાં આળોટીને તેનો આનંદ લેતા.

કેશવદાસ વાણી સંભળાવતા તથા લાલદાસ કુરાનની ખાયાતો સંભળાવતા. લાલદાસ તથા પ્રેમદાસ પિતાંબર પહેરાવતા. મહારાજ પીછોરી ઓઢાડતા. દિપાબાઈ રેશમી પાંવડો પાથરે છે. જેના પર શ્રીજી ચાલે છે.

ખેમદાસ તથા સીતારામ પતરાળા બનાવે છે. જ્યારે થાળ આવે છે ત્યારે ચાર જણા ચંદરવો પકડીને લાવે છે. આ સેવા ધનબાઈની છે. આસબાઈ ચાંદીનો થાળ લાવી બાઈજૂરાજ એ તેને રૂમાલથી લૂછીને મુક્યો. તેમાં દસ વાડકી મુકી, બાઈજી થાળ લઈને ચાલ્યા તો તેમની સાથે તુલસી, રાધા અને રૂકમણી પણ ચાલ્યા. કરનભાઈએ તેમની આગળ પાંવડો બિછાવ્યો. બિહારીદાસે ગાદી-તકિયા મૂક્યા.

એકબાજુ ધનબાઈ અને બીજી બાજુ લાલબાઈ બેઠા. લલિતાએ આવીને ધામધણીની જય બોલાવી મુકુંદદાસજી ગાવા લાગ્યા. માનબાઈએ આગળ ચોકી મૂકીને તેના પર ઝાલરવાળો રૂમાલ પાથર્યો. બાઈજુરાજ તેના પર થાળી મૂકીને આગળ બેસી ગયા. તેમની બાજુમાં આઈજી પણ બેઠા.

માણેકબેને ચિલમચીમાંથી પાણી આપ્યું. બાઈજૂરાજે શ્રીજીના હાથ ધોવડાવ્યા. લાલબાઈએ હાથ લૂછવા રૂમાલ આપ્યો. બધા સુંદરસાથ પોતાના ઘેરથી પણ ભોજન લાવતા હતા. જયંતિકાકા તેમની સેવા કરતા. સૂરજમલ રસોઈના સમયે બંને ટાઈમ હાજર રહીને સુંદરસાથની સેવા કરતા. ભરત ભરેલો રૂમાલ માણેકબેન માથા પર બાંધ્યો. શ્રીજી આ સમયે મીઠી ચર્ચા કરતા.

આરોગતી વખતે કસીદા વર્કવાળો રૂમાલ લાલબાઈ ઓઢાડતા. મથુરી ગુલાબજળમાં રૂમાલ બોળીને બિંદી તથા તિલકની વચ્ચે લગાવતી હતી. શ્રીજી તેમને ખૂબ આશીર્વાદ આપતા. મથુરી તથા હિમૌતી પોત-પોતાના નંબર પ્રમાણે થાળી લાવતી હતી.  તેઓ બાજુમાં બેસી રહેતા જેથી જો શ્રીજી કંઈક માંગે તો બાઈજુરાજ તેમની પાસે મંગાવતા ? આરોગતા સમયે જો કોઈ ચોપાઈ ઉતરે તો તે લખવા માટે લાલદાસ તથા કેશવદાસ બંને બાજુ બેસતા આ સમયે ગોકુળદાસ હદીસોનું પ્રમાણ આપતા હતા.

શ્રીજી આરોગી લે પછી પ્રથમ સ્ત્રીઓને પ્રસાદ આપવામાં આવતો હતો. તે વહેંચવાનું કામ રાજારામભાઈ કરતા. રતનબાઈ મગ લાવતા તો પૂરબાઈ પણ કંઈક લાવતા. આ પ્રમાણે દરેક મોમિન કંઈક ને કંઈક પ્રેમથી લઈ આવતા.

સુઆબાઈ, સીતાબાઈ તથા પ્રેમબાઈ હાથ લૂછવા રૂમાલ લાવતા. બિહારીદાસ રૂમાલ આપતા તથા વલ્લભદાસ છત્ર લઈને ઉભા રહેતા. ધર્માભાઈ રોટલી લાવીને પ્રેમથી શ્રીજીને ખવડાવતા, ખડગો હનુમંત ભંડારણ પણ બાઈજુ પાસે બેસતી જેથી કશી જોઈતી કરતી વસ્તુ લેવા તરત ઉભા થઈ શકાય. અડધુ જમવાનું થાય ત્યારે છબીલદાસ પીવાનું પાણી આપતા. વલ્લભદાસ તથા શંકર પીઠદાની રાખતા. શંકરદાસ તથા રાઘવજી પાનબીડી હાજર કરતા. બધા મોમિનોને તે વહેંચતા, મુરલીધર મોરછલની સેવા કરતા.

સખીદાસ ત્યાં ઉભા રહેતા. તે સમયે મયારામ ચિપ્પીમાં ચણા લાવતા. શ્રીજી મુઠ્ઠીમાં લઈને તે ખાતા. બાઈજૂરાજ દૂધ, દહીં તથા શિખંડ જમાડે છે. પ્રસાદ વહેંચવાની સેવા લાલબાઈ કરે છે. પ્રસાદ આરોગીને રામબાઈ તથા હરબાઈ રૂમાલ લાવે છે.



ગીગાભાઈ તથા માણેકબેન સોપારી લાવે છે. આ સેવા પહેલાં છબીલદાસ કરતા હતા. પ્રહલાદ તથા કલ્પના પાન લાવે છે. બાઈજૂરાજ તેને લૂછીને તેમાં કાથા, ચૂનો, જાવંત્રી, જાયફળ તથા લવિંગ લગાવીને બીડા તૈયાર કરે છે. મુકુંદરાય કપૂરદાનીની સેવા કરે છે.

છત્રસાલજી પોતાના હાથે શ્રીજીને બીડા આરોગાવે છે. શ્રીજી પ્રસન્ન થઈને કહે છે કે આના સમાન કોઈ સેવા નથી. પહેલા ગીરધર મોતી પાન-બીડાની સેવા કરતા હતા. વેણીદાસ કસ્તુરી રાખતા જે શ્રીજી બીડાની સાથે જ આરોગતા હતા. ભોજન બાદ સૂવાની સેજ તૈયાર કરનાર સુંદરસાથ આવી પહોંચતા.

શ્રીજી ભોજન બાદની નિત્યક્રિયા માટે માણેકબેનને ત્યાં જતા. તે વખતે પાંવડો બિછાવવાની સેવા કરનારા મોમિનો હાજર રહેતા. છબીલદાસ હાથ પકડીને ચાલતા. ગંગાદાસ આશા પણ ત્યાં હાજર રહેતા. સૂતી વખતે છત્રસાલજી હાથ પકડીને સૂવાડતા. દ્વારકાદાસ તથા પ્રેમદાસે સેજ તૈયાર કરી ચાલતા -ચાલતા બધા સુંદરસાથ વાણી ગાતા હતા. રાજજી સેજ પર પધાર્યા તો બધા સુંદરસાથ તેમને ઘેરીને બેસી ગયો. શ્રીજી ક્યારેક વ્રજની ક્યારેક રાસની ચર્ચા કરીને સાથને આનંદ કરાવતા હતા. બધા ચરણોમાં પ્રણામ કરીને પોત-પોતાને ઘેર જતા. આમ બીજો પ્રહર પૂરો થયો.

**: ત્રીજા પ્રહરની સેવા ::**

ત્રીજા પ્રહરમાં પ્રેમદાસજી અંગોછા ચરણા પહેરાવે છે. નંદરામ તેમની ઝોળીમાં ગોટા કનઢપી લઈને ઉભા રહે છે. વીરોબાઈ પણ સેવામાં હાજર રહેતી. સૂવાના સમયે જીજીબાઈ આવીને શ્રીજીને ટપલી મારવાનું કરતા. રાધાબાઈ આવીને માથું ખંજવાળવાનું કરતા. ગુલજી તથા અગરદાસ પગ દબાવવાની સેવા કરતા. મયારામ વાણી સંભળાવતા. જગન્નાથજી તંબૂરો વગાડીને વાણી સંભળાવતા. ગજપતરાય મોટે મોટેથી સાખી સંભળાવતા. ચંદ્રાવલીબાઈ પંજાબના ગીતો ગાઈને શ્રીજીને રિઝાવતા. નંદુ પણ તંબૂરી વગાડીને ગાતા.  બદલેભાઈ પણ ગાતા. પોતાની મંડળી સાથે શંભુ તથા સંતદાસ પણ ગાતા. બખ્તાવર અમૃતકુંડલી તથા સંપત જેવો અન્ય સાથ પણ પ્રેમથી વાણી ગાયન કરતો. આમ ચોવીસ કલાકમાં ચૌદ વખત સુંદરસાથ ક્રમશઃ વાણી સાંભળતા. મહંમદ સાહેબ મેયરાજ સમયે શ્રી રાજજી સાથે ૯૦ હજાર હરફમાં વાતો કરી તેમાંથી ત્રીસ હજાર તેમણે જાહેર કરી. ત્રીસ હજાર કુરાનમાં લખતા તેમજ બાકીના ત્રીસ હજાર આખરી સમયે જાહેર થવાના હતા જે શ્રીજીએ હાજર કરી દીધા.

આ વાણી ગાયનથી શ્રી રાજજી મહારાજના દર્શન થાય છે. આ વાણી સમયે સમયે મોમિનો ગાય છે.

હવે જે ચૌદ મંડળી ક્રમશઃ વાણી ગાયન કરે છે તેના નામ જણાવવામાં આવ્યા છે.

(૧) બદલેભાઈની સાથે શંભુ, થાનુ, સંતદાસ, બખ્તાવર, અમૃત,કુંડલી ગાય છે.

(૨) મનાબાઈ, રતની, અસાઈ ભાગોં તથા ધનબાઈ ગાય છે.

(૩) દયાલી, ખિમૌતી, દમોતી જસિયા ભાઈ

(૪) લછો અસાઈ, મના તથા અન્ય સુંદરસાથ હાજર રહે છે.

(૫) જહુરાગોરી, પ્રમેબાઈ, ખેમબાઈ તથા ગુલો આ બધા નિયમપૂર્વક ગાય છે દરેક વખતે ચન્દ્રાવલી નૃત્ય કરીને સાથ આપે છે.

(૬) જીજીની સાથે અગરી, બડી જીજી તથા મયુરી ગાય છે.

(૭) કરમેતીબાઈની સાથે હરખો, ગોરબાઈ, લાલો, રતો, લડૈતી આ બધા જોરથી ગાય છે.

(૯) હરકુંવરની સાથે પાખડી સૂજા, કાસી એ બધા ગાય છે.

(૧૦) ભાગીરથી સાથે મહોન બડૈતીબાઈ, લથોબાઈ, સુવા, પટેલ, જયંતિકાકા, સન્તા, લાલી, લાલો એ બધા ખુશ થઈને ગાય છે.

(૧૧) ભાણી સાથે હિમોતી ગામા તથા રામબાઈ ગાય છે. શ્રીજી તેની પ્રસંસા કરે છે.

(૧૨) ખરગો તથા ખિમૌતી શ્રીજીને કુરાનની કલમો સંભળાવે છે. શ્રીજી ખુશ થઈને કહે છે કે ભાઈ, તેમને આગળ બેસવાની જગ્યા આપો.

(૧૩) ખેમબાઈની સાથે સાહો, હંસો, જાદી તથા કરમાબાઈ એ બધા ગાય છે.

(૧૪) ગુલ્લો ની સાથે જાના, માનવંતી, દેવંતી, મનિયાં ગોરબાઈ ગાય છે.

આ ચૌદ મંડળી સિવાય પણ અન્ય કેટલાક સુંદરસાથ બપોરની મંડલીમાં ગાવા માટે સામેલ થઈ જતા. સંધ્યા સમયે શિવરામભાઈ આવી જતા. સદાનંદ શિવરામ અમૃત કુંડલી, બખ્તાવર, સંધ્યા સમયે ગાતા ત્યારે બપોરે વનમાળીની સાથે સંતા, પ્રેમ, જીજલી તથા રામબાઈ જે સૂરત થી આવ્યા હતા તેઓ પણ વાણી ગાયનમાં જોડાઈ જતા.

આમ, પોતાના વારા પ્રમાણે દરેક મંડલી આઠે પ્રહર વાણી ગાયન કરતી અન્ય લોકો પણ તે સાંભળતા પરંતુ અંકુર વિના કશું સમજમાં ન આવતું. આમ ત્રીજો પ્રહર પુરા થયો.



## : ચોથો પ્રહરની સેવા ::

ત્રીજા પ્રહરમાં આરામ કર્યા બાદ શ્રીજી ચોથા પ્રહરમાં ઊઠે છે ત્યારે છબીલદાસ તેમના માટે પીવાનું પાણી લાવે છે શ્રીજી કોગળા કરે છે ત્યારે પીકદાની આપવાની સેવા શંકર તથા સંતદાસ કરે છે. શંકર મોરછલની સેવા પણ કરે છે. કેશવદાસ સોનાથી મઢેલા મોરછલથી સેવા કરે છે. વલ્લભદાસ બિહારીદાસ તથા ગંગાદાસ સેવામાં હંમેશા હાજર રહે છે.

શ્રૃંગાર સેવામાં લાલદાસ, મકરંદદાસ તથા પ્રેમદાસ શ્રીજીને રાજસી કુર્તો પહેરાવીને કસ બાંધે છે. નંદરામ મસ્તક પર ગોટો મૂકે છે અને મકુન્દદાસ તેના પર સુંદર પેચ તૈયાર કરે છે. દૂતા તેમને સોનાનું એક પ્રકારનું ઘરેણું પહેરાવે છે. રામચંદ્ર તથા નંદરામ કમર પર પટુકા બાંધે છે. કુર્તા પર પિછૌરી ઓઢાડવામાં આવે છે. બિહારીદાસ મખમલના તકિયા લાવે છે. તો તેમની સાથે મેઘા, સુકાલી, ગોવિંદદાસ તથા બસંભર પણ તકિયાની સેવા કરે છે. વનમાળીદાસે એક તખત બનાવ્યું હતુ જેની જવાબદારી બિહારીદાસના માથે રહેતી હતી. તેઓ તેમાં ગાદી-તકીયા મૂકીને સજાવતા હતા. વનમાળીદાસ ગાવાની સેવામાં રહેતા હતા. આ લોકો જ બાકીના ગાદી-તકીયા તથા ખુરશીની સેવામાં રહેતા હતા. શ્રીજી નિત્યક્રમ માટે ઘનશ્યામના ઘેર જતા ત્યારે લાલબાઈ તથા કિશના પાંવડો બિછાવવાની સેવા કરતા હતા. માણેકબાઈ ગંગાદાસ તથા શોભાદાસ ત્રણેય મળીને ચંદરવાની સેવા કરતા. લચ્છીરામ શ્રીજીને હાથ પકડીને લાવતા, પછા વળતી વખતે લાલદાસજી હાથ પકડતા અને પ્રેમદાસ વાળ કાપવાનો તેમજ સેવિંગ કરવાનો સામાન સાથે લઈ ચાલતા હતા.

શ્રીજી આવીને ગાદી પર વિરાજમાન થાય છે. તેમની બંને તરફ તકિયા અને નીચે ચરણ પર પાંવડો રાખીને બિહારીદાસ ખુરશીમાં બેસે છે. છબિલદાસ ચરણ પખાળવા સ્વચ્છ પાણી લાવે છે. મકુંદદાસ તેમજ પ્રેમદાસ ચરણ પખાળે છે. અને કેશવદાસ રૂમાલથી તે લૂંછે છે. નારાયણ પણ લૂંછવાની સેવા કરે છે. નંદરામજીની ચિલમચીમાંથી વધેલું જળ શંકર પ્રસાદ તરીકે વહેંચી દે છે. હાથ પખાળતી વખતે છબીલદાસ જળ નાંખે છે. પ્રેમદાસ તથા નિર્મળદાસ તે રૂમાલથી લૂછે છે. છબીલદાસજી અમલ કરવા લાગે છે. ફોફલ તથા સોપારી વગેરે માણેક લાવે છે. ખુરશીની ચારેબાજુ અનેક સ્ત્રીઓ સેવા માટે ઉભી રહે છે. શંકર તથા મથુરા ગાય છે અને ગંગાદાસ તથા બિહારી ઝીલે છે. શ્રીજી વખત પર બેસે ત્યારે ઓકાભાઈ કલંગી હાજર કરે છે. વલ્લભદાસ છત્ર પકડે છે. લાલદાસ હાથ પકડીને ઉઠાડે છે. માણેક બધી સેવામાં હાજર રહે છે. તખતનો સોના-રૂપાનો બધો સામાન બુધ્ધસેન

રાખે છે. જ્યારે જેની જરૂર પડે તે આપે છે. કેટલાક સુંદરસાથ વાણી લખનાર મોમિનોને શાહી ભરેલો કૂંજો આપવાની સેવા કરતા હતા.

ચાર ઘડી દિવસ બાકી રહ્યો અને ચર્ચાનો સમય થયો ત્યારે શ્રીજીએ ધામનું વર્ણન સંભાવ્યું બંગલાજીમાં બંને બાજુ સુંદરસાથ બેઠા છે. છત્રસાલજી આવે તો તે પણ સેવામાં જોડાઈ જતા ધામ વર્ણનનો સમય થાય ત્યારે ગોકુળદાસ આવીને પ્રાર્થના કરતા કે શ્રીજી અમને આ ખેલમાંથી બહાર કાઢો. માયાનો ખેલ જોઈને અમારી બધી ઈચ્છાઓ પૂર્ણ થઈ ગઈ છે. હવે નિજધામ લઈ ચાલો. બધા સુંદરસાથ પ્રસન્ન થઈ જાય છે. દરબાર હાલ બંગલાજીમાં મુરલીધર ઢાલ-તલવાર લઈને ઉભા રહે છે કયારેક ભિખારીદાસ તથા ગિરધર તો ક્યારેક લાલદાસ અને સંતદાસ પણ આ સેવા કરતા હતા. સૂરતસિંહ તીરકમાન અને ઘનશ્યામભાઈ બરછી લઈને ઊભા રહેતા.

બાઈજૂરાજ આભૂષણ ભરેલી થાળી મકરન્દભાઈ સાથે મોકલી આપે છે. ચાંદીના થાળમાં બધા ઘરેણાં મૂકેલા છે. છત્રસાલજી હિરા-માણેકથી જડેલી કંઠી, માળા તથા બધી વીંટી પહેરાવે છે. આમ, ચોથો પ્રહર પૂરો થાય છે.

**: પાંચમા પ્રહરની સેવા ::**

તખત પર બેસીને શ્રીજી ધામનું વર્ણન કરી રહ્યા છે. ત્યારે લચ્છો આવીને કહે છે કે આજે ક્યા ઘાટનું વર્ણન કરશો ? શ્રીજી કહે છે આજે પાટઘાટ જઈશું. બિહારીદાસની ગાદી-તકિયાની સેવા ચાલે છે. માણેક તથા કરમેતી સાંજે દિવા કરવાની સેવા કરે છે. બાઈજૂરાજ સુખપાલમાં બેસીને આવે છે અને આરોગવા માટે કહે છે. મથુરી તથા હિંમત થાળ લાવે છે. મહારાજ તથા બાઈજૂ રાજ થાળ આરોગવા માટે બેસે છે. માણેકે હાથ લૂછવા રૂમાલ આપ્યો. એક રૂમાલ પોતાના માટે બાંધીને શ્રીજીને જમાડવા લાગી. બધી સખીયો સેવામાં છે. બાઈજૂ રાજ મીઠી-મીઠી વાતો કરે છે. અને શ્રીજી તેમને ઉત્તરો આપે છે. છબીલદાસ સોનાના કટોરામાં જળ લાવે છે અન્ય સુંદરસાથ પણ ઘેરથી કંઈકનું કંઈક લાવે છે. આરોગી લીધા બાદ મહારાજ તેમને અચવન કરાવે છે. સખીયો થાળ લઈ જાય છે. માણેકબેન કડુ કડિયાતુનો રસ લાવે છે. પાનનો મસાલો કલ્યાબાઈ લાવે છે. બાઈજૂરાજ પાન બનાવીને શ્રીજીને આપે છે. મહારાજ પાન બીડા આરોગાવવાની સેવા કરે છે.

શંભુ, ઓકાભાઈ તથા જસિયા કલંગી લાવે છે. શ્રીજી તેના પર હાથ મુકીને સ્વીકારે છે અને મહારાજ પોતાના હાથે કલંગી તૈયાર કરે છે મકુંદદાસ ભુર્રા કલંગી લાવે છે. મહારાજના ઘેરથી પણ કલંગી તથા હાર આવે છે.આઈજી મોરછલ કરે છે. મહારાજ પણ મોરછલ લઈને ઉભા છે. શેખબદલ અને લાલખાન બંને બાજુ ચંવરની સેવા કરે છે.



આ સમયે લાલદાસ તથા કેશવદાસ કુરાન-હદીસોનું પઠન કરવાની ઈચ્છા વ્યક્ત કરે છે. મનાભાઈ આવીને પૂછે છે કે શ્રી રાજ શ્યામાજીએ કેવા વસ્ત્રો પહેર્યા છે ? જ્યારે આપે વસ્ત્રોનું વર્ણન કર્યું ત્યારે હું હાજર ન હોવાથી સાંભળી શકી નથી. ત્યારે શ્રીજી જણાવે છે કે ઠકુરાણીજીના વસ્ત્રોની શોભા અનુપમ છે. તેમની સાડી સેંદુરિયા રંગની છે. શ્યામરંગની કંચૂકી તથા નીલી લાહીનો ચરણિયો છે. શ્રી રાજજીની પાગ પણ સેંદુરી રંગની છે. જામાનો રંગ સફેદ છે. આસમાની રંગની પિછૌરી તથા નીલો-પીલો પટુકો કમર પર બાંધેલો છે. કેસરીયા રંગની ઈજાર છે.

નવરંગબાઈ નૃત્ય કરતી વખતે શ્યામરંગ જડવાની સાડી પહેરે છે. પાકી કેરીના રસ જેવા કલરની કંચૂકી, પાંચ પટ્ટાનો ચરણિયો તથા નીલા રંગની ઈજાર પહેરી છે. બધી સખિયોનો સિનગાર શ્યામજી જેવો છે.

આ બ્રહ્માંડમાં બે કે ત્રણ સ્વરૂપના સિનગારનું વર્ણન કરવામાં આવે છે એક તો વૈકુંઠના માલિક વિષ્ણુ ભગવાનનું જેને કુરાનમાં મલકૂત કહે છે. બીજુ કુરાનમાં જબરૂત તરીકે ઓળખાતા અક્ષરધામનું તથા અર્શેઅજીમ અક્ષરાતીતના ધામનું વર્ણન પ્રાણનાથજી સ્વયં કરી રહ્યા છે. જેઓ એકાગ્ર ચિત્તથી સાંભળે છે. તેને ઘણીની પહેચાન થઈ જાય છે. મોમિનો સિવાય કોઈ અહીં બેસી શકતું નથી. જો કોઈને સમજાવીને લાવવામાં આવે તો પણ તે નથી બેસી શકતો. આ તો અંકુરની વાત છે. જીવસૃષ્ટિ તે નથી સમજી શકતી. તેમની દૃષ્ટિ માયાની હોવાથી જ તેમને આંધળા કહેવામાં આવ્યા છે.

આરતીનો સમય થતા જ બધા સુંદરસાથ એકઠા થઈ જાય છે. અહીં વગાડવમાં આવતા વાંજિત્રો - સાજ તબલા વગેર દગડાભાઈ રાખે છે. બાખરિયાભાઈ નાચે છે બંને બાજું ચંવળ ઢોળવાની સેવામાં લાલબાઈ, ગોવિંદદાસ, શિવરામ, હરનંદન, શેખબદલ, લાલખાન તથા આઈજી કરે છે.

ગાવાની તથા ગવડાવવાની સેવા મકુંદદાસ કરે છે. બિન્દ્રા, કન્નડ, ગંગારામ, અગરદાસ તથા બદ્રીદાસ ગાય છે. ઉત્તમદાસ મૃદંગ બજાવે છે. કેટલાક ઝાંઝતાલ વગાડે છે. પરમાનંદ આગળ ઉભા રહીને ગાય છે. આરતીની ધૂન સાંભળીને દજ્જાલ કંપી જાય છે અનેકહે છે કે આ તો મારો કાળ છે.

મેઘાભાઈ આરતી સમયે બાઈજૂના ચરણો નીચે ગાદી પાથરે છે. બાઈજૂરાજ તેના પર ઉભા રહીને આરતી કરે છે. હિરામણભાઈ ચાદર પાથરે છે. બાઈજૂ રાજ ચોખાથી વધાવે છે તો બધી સખિયો પણ તેમની સાથે રહે છે. બાઈજૂ રાજ તિલક કરીને ચોખા લગાવે છે. રાઘવભાઈ રૂમાલ રાખે છે. રૂક્ષ્મણી આરતીની સામગ્રી

લાવે છે. ચાંદીની પાંચ ધરાની આરતીમાં ચારે બાજુ બત્રીસ દીવા ઝગમગે છે. લચ્છોબાઈ તથઆ અમ્બો પણ આરતી કરે છે. તેમાં એકબાજુ માતેન તથા બીજીબાજુ ભાનીબાઈ સામેલ રહે છે. કેટલીક કુમારિકા પણ થાળીમાં પ્રકાશ આરતી કરે છે. આરતી બાદ રૂક્ષ્મણી શ્રીજી સામે આરતીની થાળી મૂકે છે તો શ્રીજી તેમાં પાનનું બીડું મુકી દે છે. બધા પોતપોતાની આરતીની થાળી શ્રીજી સામે મુકે છે ત્યારે કલ્યાણદાસ અને પ્રહલાદ તે દરેકમાં પાનબીડા મૂકે છે આ તેમની રોજની સેવા છે. આમ, બંગલાજીમાં દરરોજ આનંદ-મંગલ થાય છે. આરતી બાદ સૂરજમલ આનંદમંગલ તથા 'ધામધણી કી જય' નો નારો લગાવે છે. તેના નામ માત્રથી બધો વિરોધ દૂધ થઈ જાય છે.

શ્રીજી સાથે સિંહાસન પર બાઈજીરાજ પણ વિરાજમાન છે. તેમની શોભા આ જીહ્વ દ્વારા થઈ શકે તેમ નથી આજ યુગલ સ્વરૂપ શ્રી રાજશ્યામાજી, ધામધણી, અક્ષરાતીત, હુકમ સ્વરૂપ મહંમદ સાહેબ, ઈમામ મહેંદી તથા ઈસારૂહલ્લા છે જે સૌની ઈચ્છા પૂર્ણ કરે છે. પાંચમો પ્રહર પૂરો થયો.

**: છટ્ઠા પ્રહરની સેવા ::**

છટ્ઠા પ્રહરમાં શ્રીજી મોમિનોને ચર્ચા સંભળાવે છે. કેશવદાસ વાણી પઢે છે જ્યારે લાલદાસ કુરાન-હદીસાનું પઠન કરે છે. ગોકુલદાસ પણ પઠન કરે છે. આગળ નજર થી નજર મિલાવીને મુરલીધરન બેઠા છે. એકબાજુ છત્રસાલ તથા દેવકરણ બેઠા છે. પાછળ દુરગભાન બેઠા છે. ચંદ્રહંસ શાહરૂપ તથા કિશોરી પણ ચર્ચા સમયે આવે છે. તેઓ બંગલાજીમાં ઝાડૂ વાળવાની સેવા કરે છે. તેમની સાથે દેવકરણ પણ રહે છે. અમાનરાય, પર્વતસિંહ, નરાયણદાસ, સકલસિંહ તથા જગતસિંહ પણ ચર્ચા સાંભળવા આવે છે. દુર્ગભાનના ઘરેથી દરરોજ બે લવિંગ તેમજ રસોઈ સેવા માટે એક રૂપિયો આપે છે. તુલરામ બધાને પ્રણામ કરીને ચર્ચા સાંભળવા બેસે છે. પ્રેમજી, પિતાંબર, મકુંદદાસ, ગોકુલ, કેશવ તથા જયંતિ પણ દરરોજ ચર્ચા માટે આવે છે. સૂરતસિંહ, મકરંદભાઈ, મોહન, ગિરધન, ભગવાન, શિવરામ, સદાનંદ, શેખબદલ, લાલખાન, મહિન પઠાણ, અબ્બલખાન, નૂરમહંમદ, ચંચલ, દયારામ, ગુલજી તથા નાથાભાઈ આ બધા મોમિનો ઉભા રહે છે.

વિરજી, લચ્છી, શુકલ તથા મિડઈને ચર્ચા સાંભળ્યા વિના ચેન ન પડતું. બિહારી, ફરાસ, બિહારી જડુલા તથા ભગવાન આ બધા કલામ સાંભળતા મામા વનમાળી દાસ, ધનજી લાલમણ, શંકર નારાયણ, મથુરી, કાશી, વલ્લભદાસ, સંતદાસ, પરસાદી, અસઉ, અગરદાસ, ગોવર્ધન, છબીલદાસ, બિન્દાદાસ, ભિખારીદાસ, મયારામ, બેનીદાસ, શોભાદાસ, ગજપત, ગરીબદાસ, દેવીદાસ,



થાનૂ, બદલેભાઈ, શંકર રસોઈયા, શ્યમાજી, ચંપત, સુખમોનબાઈ, ખડગદેવ તથા મુરલીધર આ બધા નિયમીત ચર્ચા સાંભળે છે.

હવે આ બધી કેવી રીતે ચર્ચા સાંભળે છે અને કેવી રીતે ગ્રહણ કરે છે તેનું અવલોકન જોઈએ.

બધા મોમિનો ચર્ચામાં આવે છે. તેમાં કોઈ પુષ્ટ કોઈ મર્યાદા તો કોઈ પ્રવાહી રીતે ચર્ચામાં આવે છે. એમાં પણ ત્રણ પ્રકાર છે. કોઈ નિષ્ઠાબધ પુષ્ઠમાં સાંભળે છે. કોઈ મર્યાદાવશ સાંભળે છે. તો કોઈ પ્રવાહીની જેમ અડધુ સાંભળ્યું અને અડધુ ન સાંભળ્યું કરે છે. કોઈ મર્યાદ તેઓ ગ્રહણ પણ આ ત્રણ પ્રકારે જ કરે છે. કોઈ પુષ્ટ તો કોઈ પ્રવાહીની જેમ અડધુ ગ્રહણ કર્યુ અને અડધુ ન કર્યું, આમ ત્રણ નવ પ્રકાર સાંભળવાના થાય. આમ રહેણીમાં પણ ત્રણ પ્રકારે જીવન વ્યતિત કરે છે. તેથી નવ પ્રકારને ત્રણ સાથે ગુણાકાર કરતા સત્તાવીશ થાય. સત્તાવીશને ત્રણ સાથે ગુણતાં ૮૧ પક્ષ થયા તેનાથી આગળ પાંચ વાસનાઓનો બ્યાસીમો તથા વલ્લભાચાર્યોના ત્યાસીમો પક્ષ થાય છે. પરમધામના ૨૫ પક્ષ સાથે તેનો સરવાળો કરતા ૧૦૮ પક્ષ થાય.

'ધામ તલાબા કુંજવન સાહે નહેરે માનિક વન કી જોહે,  
પશ્ચિમ ચૌગાન બડા વન કહિયે, પુખરાજી જમુનાજી લહિયે,  
આઠો સાગર આઠ જીમીકે યે પચ્ચીસ પક્ષ ધામધની કે'

શ્રીજી પરમધામનું ધ્યાન કરીને અત્યંત મહત્વના એવા પચ્ચીસ પક્ષોનું વર્ણન કરે છે.

સાતઘાટ જમુનાજીના કેલપુલ તથા બટનો પુલ તથા દસ ભોમનો રંગમહેલ છે. જેમાં ૨૦૧ હાંસ આવેલા છે. જમુનાજી હૌજકૌસર તાલાબ માણેક પહાડ, ચારહાર હવેલી તથા ચારેબાજુ આઠ સાગર છે. વચ્ચે જમીનમાં મોટી-મોટી મોહલતો બનેલી છે. મોટી રાંગની પાલ બનેલી છે. પુખરાજી પહાડમાંથી જમુનાજી પ્રગટ થયેલા છે. આ બધાનું વર્ણન કરતા શ્રીજી કહે છે કે જમુનાજીની લહેરો ચાલી, ખુલી મરોડ ખાઈને વળાંક લીધો સાતેય ઘાટ થઈને પાછી વળાંક લઈને હૌજકૌસર તળાવમાં ભળી ગઈ. અહીં બેઠા બેઠા જ શ્રીજી મોમિનોને પરમધામની લજ્જત આપી રહ્યા છે.

'ઈતહી બેઠે જાગે ઘરધામ, પૂરણ મનોરથ હુએ સબકામ'

શ્રી રાજ શ્યામાજી રંગમહેલમાં રહેછે રૂહો તેમની ચારે તરફ રહેછે. આ ત્રણેય એક જ સ્વરૂપ છે.

શ્રી રાજજી બાળસ્વરૂપે અક્ષરધામમાં છે, જ્યાં ભગવાન તથા લક્ષ્મીજી રહે છે. તે બંને એક અંગ છે. આ પાંચેય શ્રી રાજજીના જ એક અંગ છે. અક્ષરબ્રહ્મ એક પળમાં સેંકડો બ્રહ્માંડ બનાવીને મિટાવે છે. તેઓ દરરોજ પરમધામના અક્ષરાતીત શ્રી રાજજી મહારાજના દર્શન કરવા આવે છે, દર્શન કરીને જતા રહે છે. એક દિવસ શ્રી રાજજીના મનમાં પોતાની રૂહોને પોતાની સાહ્યબી બતાવીને પૂર્ણ પહેચાન કરાવવાની ઈચ્છા થઈ. તેમણે જ્યારે અક્ષરબ્રહ્મ દર્શન કરવા આવ્યા ત્યારે નીચે જોયું એટલે સખીઓએ પણ નીચે અક્ષરબ્રહ્મને જોયા. અક્ષરબ્રહ્મે સખીયોને જોઈ. અક્ષરને થયું કે આ સ્ત્રીઓ કોણ છે અને રાજજી એમની સાથે શું લીલા કરે છે ? બીજીબાજુ સખીઓને થયું કે આ પુરુષ કોણ છે ? અક્ષરને તો ખબજ નહોતી કે અક્ષરાતીત સખીઓ સાથે કેવી લીલા કરે છે.

'અક્ષરાતીત કે મોહોલ મેં, પ્રેમ ઈસક બરતત,
સો સુધ અક્ષરકો નહીં કિન વિધ કેલ કરત.'

સખીઓએ ધામ ધણીને પૂછયું કે તમારા સિવાય આ અન્ય પુરુષ કોણ છે ? રાજજીએ જણાવ્યું કે એ અક્ષરબ્રહ્મ છે અને એકપળમાં સેંકડો બ્રહ્માંડ બનાવીને મિટાવે છે આમ,  કહેતાવેંત સખીઓના મનમાં અક્ષરના દુઃખનો ખેલ જોવાની ઈચ્છા જાગી. ધણીએ ઘણુ સમજાવ્યા અને કહ્યું કે તમે ત્યાં જઈને મને ભૂલી જશો. સખીઓ એ કહ્યું કે અમે તમને નહીં ભૂલીએ. જીદ કરીને તેમણે ખેલ જોવાની ઈચ્છા દૃઢ કરી

બીજી બાજુ અક્ષરના મનમાં પણ સખીઓ તથા રાજજીની લીલા જોવાની ઈચ્છા જાગી. તેથી આ બંનેની ઈચ્છા પૂર્ણ કરવા તેમણે અક્ષરને હુકમ કર્યો કે તમે બ્રહ્માંડ બનાવીને મિટાવો છો તે હવે મિટાવો નહીં. તેનો ખેલ જુઓ. ત્યારે અક્ષર સપનું જોવા લાગ્યા.

પ્રથમ વ્રજમાં અગિયાર વર્ષ બાવન દિવસ રહ્યા પછી વૃંદાવનમાં જ્યાં રાસ રમાયો હતો ત્યાં યોગમાયાના બ્રહ્માંડમાં ગયા. ત્યાં પણ ઈચ્છા પૂરી ન થવાન કારણે ત્રીજીવાર જાગણીના બ્રહ્માંડમાં આવ્યા.

'સાલ નવ સે નબ્બે માસ-નવ, હુએ રસૂલ કો જબ,
રુહ અલ્લા મિસલ ગાજિયો, મોમન ઉતરે તબ.'

શ્યામજીની ત્રણ સૂરતો છે બસરી, મલકી અને હક્કી, બસરી - મોહંમદ સાહેબ, મલકી - ધણી શ્રી દેવચંદ્રજી અને હક્કી સ્વરૂપ - શ્રી પ્રાણનાથજી.

હુકમ, જબરાઈલ એટલે કે ધણીનો જોશ અને અસરાફીલ અક્ષરની બુદ્ધિ રૂહલ્લા શ્યામજીના બે જામા એક દેવચંદ્રજી અને બીજો શ્રી પ્રાણનાથજી આ પાંચેય વસ્તુ પરમધામથી આવી છે.



પરમધામનું વર્ણન કરતા શ્રીજી કહે છે કે શ્રી રાજજી મહારાજ સખીયો સાથે પુખરાજ પહાડની પરિક્રમા કરે છે સાત ઘાટ, જમુનાજીના બે પુલ, કુંજવનના મોહોલોમાં જમુનાજી મરોર ખાઈને હોજકૌસર તળાવમાં મળી જાય છે. હૌજ કૌસરના ચાર ઘાટ તથા ટાપુ મહેલ આ બધુ એક જ હીરામાંથી બનેલું છે. તળાવની ચારેબાજુ વન છે. આગળ માણેક પહાડ તથા વચ્ચે ચોવીસ હાંસનો મહેલ છે. જ્યાં રાજજી બધાની સાથે લીલા કરે છે.

ચૌવીસ હાંસના મહેલમાં ચોવીસ ફુવારા, કુંડમાં પડે છે તો એ જોઈને એવું લાગે છે કે જાણે ચોવીસ ચાદરો પથરાયેલી છે. માણેક પહાડનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. પહાડની વચ્ચે હિંડોળા આવેલા છે એ જોઈને મોમિનો અત્યંત ખુશ થાય છે. ચારેબાજુ બાર હજાર હવેલીઓ છે અને દરેક હવેલીમાં બાર - બાર હજાર મંદિરો આવેલા છે. માણેક પહાડની દક્ષિણમાં મોટી નહેર વહે છે. બંને બાજુ દેહરિયો બનેલી છે. આગળ વનની મોહલાતો છે. જ્યાં રાજજી બધી સખીઓ સાથે આનંદ કરે છે. આઠ સાગરની વચ્ચે રમવાનું મેદાન આવેલું છે. ત્યાં ટાપુ મહેલ પણ છે. મૂલમિલાવામાં બધી સખીયો અકબીજાના હાથમાં હાથ નાંખીને બેઠી છે.

આમ રાતના બે-ત્રણ પ્રહર સુધી ચર્ચા ચાલતી રહેતી. શ્રીજી પલંગ પર પોઢે કરે છે ત્યારે પલંગ પર ગાદી-તકીયા ઉઠાવવાની સેવા બિહારીદાસ, નાથજી તથા અન્ય સુંદરસાથ કરે છે.

## : સપ્તમ પ્રહરની સેવા ::

સાતમા પ્રહરમાં શ્રીજી પોઢણની તૈયારી કરે છે. આ સમયે સેજ તૈયાર કરાવની સેવા નારાયણ, દ્વારકાદાસ, ગંગાદાસ તથા પરમાનંદ કરે છે. અહીં બે પલંગ પાથરવામાં આવે છે. એકમાં શ્રીજી સુવે છે અને બીજો ખાલી રાખે છે. આ પલંગોની શોભા અવર્ણનીય છે. ચારે પાયા પર ચમકતી ચાદર બાંધેલી છે તેના પર પાંચ રંગની પાતળી પટ્ટીઓ આવેલી છે જે અત્યંત મુલાયમ છે. તેની પર ગાદલું તેમજ ચાદર પાથરી છે. તેના ચારેય ખૂણામાં પાંચ રંગના બંધ બાંધેલા છે. માથાના ભાગે મુલાયમ ઓશિકા રાખાવમાં આવેલા છે. ચાર ડંડા નૂરથી ભરેલા દેખાય છે. તેની ઉપર છત્રી શોભાયમાન છે. છત્રીની ચારેબાજુ ઝાલર પણ નુરભરી દેખાય છે. સેજ તૈયાર કર્યા બાદ વિશ્વંભર તેના પર હાથ મુકીને ચેક કરી જુએ છે કે કંઈ વાગે કે ખૂંચે એવું તો નથી ને ! વલ્લભદાસ પોઢણની અરજી કરે છે. ગંગાદાસ પણ તેમની સાથે છે. શ્રીજી ચર્ચા સંભળાવતા - સંભળાવતા પ્રેમથી મોમિનોએ

પૂછેલા પ્રશ્નોના ઉત્તર પણ આપે છે. આ સમયે લાલદાસજી કોઈ આયત સંભળાવે તો તે પણ ધ્યાનથી સાંભળે છે. જયંતિકાકા આવીને પોઢણની અરજી કરે છે. ગોકુળદાસ હદીસો લાવે છે અને કેશવદાસ તેનું પઠન કરે છે. પોઢણની સેવાવાળા અનેક સુંદરસાથ વારંવાર અરજી કરે છે પરંતુ, ચર્ચામાં આનંદ આવવાના કારણે તેઓ પણ ચૂપચાપ સાંભળવા લાગે છે. ચર્ચામાં મહારાજની હાજરી હોય ત્યારે કોઈ બોલતું નથી. બાઈજૂ રાજ પણ ત્યાં બેસીને ઈશારો કરે છે કે બહુ થયું, હવે તો કિતાબો મૂકો. શ્રીજીએ સુંદરસાથ સામે જોયુ અને ઉભા થવા લાગ્યા, તો ઊઠતા-ઊઠતા પણ ધામનું વર્ણન કરવા લાગ્યા. મોમિનોને ધામની યાદ અપાવીને કહે છે કે, શ્રી રાજજી મહારાજ પાંચમી ભોમમાં પોઢે છે તમે બધા ત્યાંનું ચિંતન કરો.

વલ્લદાસ ધામધણીની વૃત્ત સાંભળવાની અરજી કરે છે. હવે શ્રીજી ઉઠીને માણેકને ત્યાં દૈનિક ક્રિયા માટે જાય છે. ગંગાદાસ તેમનો હાથ પકડીને તેમને ઉઠાડે છે એક તરફ લાલદાસ, મકરન્દ તથા લચ્છીદાસ પણ હાથ પકડીને ઉઠાડવાની સેવામાં હાજર રહે છે. પાવડા પાથરવાની સેવામાં હિંમતભાઈ હાજર રહે છે. મકરંદ તેમને માણેકના ઘરમાં લઈ જાય છે. ગૌરબાઈ તેમને બેસાડે છે. શ્રીજી બધાને હસીને જવાબ આપે છે. તથા કેટલીક બાબતોનો નિર્ધાર પણ કરે છે. અહીંથી ઉઠીને શ્રીજી સેજ્યા પર પધારીને બધા સુંદરસાથને પ્રણામ કરે છે. બધા સુંદરસાથ પોતપોતાના ઘેર જાય છે. તે સમયે ગોદવરી વાડકીમાં તેલ લઈને શ્રીજીના વાળમાં તેલ માલિસ છે. તેલ ઘસતા ઘસતા વાતો કરે છે કે રાજજીએ આ સરસ ખેલ બતાવ્યો છે. શ્રીજી ધ્યાનથી સાંભળે છે. માણેક થાળીમાં અંગારા ભરીને શ્રીજીની સેજ તપાવે છે. ચાદર, રજાઈ, કાનઢપી, ગોટા બધુ પહેરાવવામાં આવે છે. મુરલીધર આત્માનો આહાર લઈને ઘરે જાય છે. રાત્રિના અઢી પ્રહર વીતી ગયા બાદ ગાવાવાળી સખીયો આવે છે. બદલેભાઈ રાગ છેડે છે અને સખીયો સાંભળે છે. ઝીલનારા ઝીલે છે. શ્રીજી પણ ધ્યાનથી સાંભળે છે. આ સમયની સેવાવાળા સુંદરસાથ હાજર રહે છે. સેજની પાસે ચોકી રાખીને હંસા, સાહમણ, કેશવદાસ તથા દોલતખાન બેસે છે. કેટલાક સુંદરસાથ વાણી સાંભળવા આવે છે.

માણેક સેજની પાસે બેસે છે બાઈજૂરાજ માથાના ભાગે પાથરણું પાથરે છે. સુંદરસાથ માટે પણ આસન પથરાય છે. બંગલાજીમાં મોમિનો બેઠા છે તો કોઈ ત્યાં જ સૂઈ જાય છે. જયંતિકાકાના રૂમની સામે લાલદાસજી તથા કેશવદાસજી કુરાન-હદીસનું પઠન કરે છે. ગોકુળદાસ, મોદી, મૂલચંદ તથા અન્ય સ્ત્રીઓ સાંભળવા બેસે છે.

શ્રીજી સૂતા હોય ત્યારે પણ ઘણા-બધા સુંદરસાથ ત્યાં જ બેઠા રહે છે. શ્રીજી પૂછે કે કોણ-કોણ બેઠું છે તો શંકર, બુધસેન, વલ્લભ વગેરે પોતપોતાના નામ આપે



છે. ક્યારેક દસ, ક્યારેક વીસ, ક્યારેક ત્રીસ - ચાલીસ પચાસ તો ક્યારેક સાઈઠ, સિત્તેર સુંદરસાથ પણ બેસે છે. ક્યારેક તો મોમિનોની સંખ્યા સો થી કરતાં પણ વધી જાય છે. કેટલાક દરરોજ આવે છે, તો કેટલાક ક્યારેક ક્યારેક આવે છે. ચર્ચા થયા બાદ તેની અર્ચા થાય છે તે સાંભળીને શ્રીજી ઘણા પ્રસન્ન થાય છે. તેઓ મોમિનોને હાર, કલંગી વગેરે ભેટ આપે છે. મુરલીધર શ્રીજી પાસેથી ભેટ લઈને મોમિનોને વહેંચી દઈ બધાને પ્રણામ કરે છે. ગોકુળદાસ કેશવદાસ, દૌલતખાન તથા લાલદાસ જે તે દિવસની ચર્ચા થયા પછી તેને ફરીથી દોહરાવીને તેની ચર્ચા કરે છે. શ્રીજી તેમની ચર્ચા સાંભળીને ખૂબ પ્રસન્ન થાય છે. આ પ્રસન્નતા બધાને વહેંચે છે.

**: આઠમા પ્રહરની સેવા ::**

રાતના ૩ થી ૬ વાગ્યાના આઠમા પ્રહરમાં શ્રીજી પલંગ પર સૂતા છે. ગાનાર પોતાના ક્રમ મુજબ ગાય છે. ધામધણીની આ વાણી ચૌદલોકની આ દુનિયાને અખંડ કરવાની તાકાત ધરાવે છે. બ્રહ્મસૃષ્ટિ તેનો લાભ લઈ રહી છે. આજ સુધી કોઈએ આ વાણી ન તો સાંભળી છે કે ન તો પારબ્રહ્મની પહેચાન કરી છે. આ બ્રહ્માંડના માલિક કહેવાતા ત્રિદેવો પણ આ વાણી સમજવાનું સામર્થ્ય નથી ધરાવતા, તો પછી અન્યની તો વાત જ શી કરવી ? શ્રીજી આ અમૂલ્ય વાણીનો અમૃતરસ વરસાવી રહ્યા છે અને બ્રહ્મસૃષ્ટિ તે પી રહી છે. આ મહેર કોણે કરી ? વાણી કોના માટે આવી ? આ બ્રહ્માંડ કોના માટે બન્યું ? એ બધુ શ્રીજી સમજાવી રહ્યા છે. શ્યામાજીએ દેવચંદ્રજીના તનમાં આવીને તારતમનો ખજાનો આપ્યો. આપી જેનાથી મોમિનોને પરમધામની તથા ધણીની પહેચાન થઈ પરમધામની અંદર શ્યામા-શ્યામ તથા સખીઓ વિહાર કરે છે એ ખબર અક્ષરને પણ નહોતી તો પછી ત્રિદેવોને કેવી રીતે થઈ શકે ?

'અક્ષરાતીત કે મહોલમેં પ્રેમ ઈશ્ક વરતત
સો સુધ અક્ષરકો નહીં, કિન વિધ કેલ કરત'

અક્ષર સપનું જોઈ રહ્યા છે. તેમના ચિત્તમાં વ્રજ અને રાસ અખંડ થઈ ગયા છે. વાણી દ્વારા જ આપણને ખબર પડી કે જબરાઈલે મેયરાજ સમયે મહંમદ સાહેબને જમુનાજીના સાતઘાટ સુધી પહોંચાડી દીધા હતા. ત્યારબાદ ઈશ્ક-ઈમાનના સિંહાસન પર બેસીને તેઓ રાજજી પાસે પહોંચ્યા. આ વાણીના પ્રતાપથી અહીં માયામાં બેઠા-બેઠા જ પરમધામના દર્શન થઈ જાય છે. વાણીના કારણે અક્ષરની ઊંઘ ઊડી ગઈ અને તેમણે પ્રસન્ન થઈને સ્વપ્ન યાદ કર્યુ પ્રથમ મોમિનો જાગૃત થયા અને સંસારને મુક્તિ મળી આઠ ભિસ્તો અખંડ થઈ ગઈ. વાણીનું તેજ જમીન-આકાશમાં સમાતું

નહોતું. અહીં બેઠા-બેઠા જ આપણે ધામના રંગમહલ, હૌજકૌસર તળાવ, જમુનાજી, જાનવરો, સાતઘાટ, પુલ, મહેલ, પહાડ, વનની મહોલાતો, પુખરાજ પહાડ, આઠ સાગર, ટાપુ મહલ વગેરેના દર્શન કરી શકીએ છીએ.

'ઈતહી બેઠે ઘર જાગે ઘર ધામ,
પૂરણ મનોરથ હુએ સબ કામ'

કુરાનમાં ઔલિયા-લિલ્લા એટલે કે ખુદાના દોસ્ત એ શબ્દ રૂહોં માટે જ વપરાયો છે. મોમિનો શરૂઆતથી જ વાણીનો લાભ લઈ રહ્યા છે. જેનાથી બધા વિઘ્નો દૂર થઈ જાય છે. મોમિનો આ વાણી સાંભળે છે અને શ્રીજીને સંભળાવે છે. શ્રીજી સૂતા-સૂતા સાંભળે છે. તેમને ઊંઘ નથી આવતી જો કોઈ શબ્દ આઘો પાછો થાય અથવા ખોટુ પઠન થાય તો તેઓ તરત જ ટોકે છે. આમ કરતા કરતા સવાર થવામાં ચાર ઘડી દિવસ બાકી રહી ત્યારે મુરલીધરે ઉઠીને બધાને પ્રણામ કર્યા. બાદ સુંદરસાથ દૈનિક ક્રિયા માટે પોત-પોતાના ઘેર જાય છે. આ સમયે કેટલાક મોમિનો સૂઈ ગયા છે તો કેટલાકને વૃત્ત સાંભળવાની ઈચ્છા છે. લાલદાસજી ઉઠીને વૃત્ત સંભળાવવા લાગ્યા. પહેલાં હંસાભાઈના ઘરમાં વૃત્ત થતી હતી પહેલા જયંતિકાકા પછી લાલદાસજી આમ એક પછી એક દરરોજ વૃત્ત કહેતા હતા. કોઈક દિવસ વૃંદાવનના ઘેર જઈને પણ તેઓ વૃત્ત સાંભળતા હતા. જ્યાં સુધી અગિયારમી સદી રહી ત્યાં સુધી સુંદરસાથ અત્યંત ધ્યાનથી એક ચિત્તથી પરમધામની વૃત્તનું વર્ણન સાંભળતા રહ્યા. પરંતુ, ત્યારબાદ તેમનો ઉત્સાહ ઘટતો ગયો. લાલદાસજી તો નિયમાનુસાર એટલા જ ઉત્સાહથી વૃત્ત સંભળાવતા હતા. ત્યારબાદ તેમણે મકરંદદાસને વૃત્ત સંભળાવવાનું કામ સોંપી દીધું. તેમના પછી લાલખાને પણ આ સેવા કરી. આ ત્રણેય વારાફરથી સંભળાવતા અને શ્રીજી સાંભળતા. તેઓ પ્રસન્ન થઈને સેજ્યા પરથી ઉભા થતા. ધણીની મહેર વિના તો એમની પહેચાન પણ ક્યાંથી શક્ય બની શકવાની હતી ?

આ સમયે માવજીભાઈ આવીને વૃત કહેનારા મોમિનોના પગ દબાવવાની સેવા કરતા. મોહનદાસ મોદી તથા મુલચંદ બધા નિયમપૂર્વક આવતા. ગોવિંદદાસ પણ આવતા હતા. પરમધામની ચારે બાજુનું વર્ણન કર્યા બાદ અંદરના ચાર ચોક પાર કરીને પાંચમી ગોળ હવેલી મુલમિલાવવાનું વર્ણન કરવામાં આવતું. ગોળ ચબુતરા પર ઘેરાઈને ચોસઠ થંભ આવેલા છે. ઉપર ચંદરવા તથા નીચે ગાલીઓ પથરાયેલો છે. વચ્ચે સિંહાસન ઉપર શ્રી યુગલસ્વરૂપ રાજ-શ્યામાજી વિરાજમાન છે. તેમને ચારે બાજુથી ફેરીને બેઠેલી સકીઓ તથા યુગલ સ્વરૂપના સિનગારનું



વર્ણન કરીને પહેલી ભોમની ચારેબાજુ છજ્જા તથા મહોલાતોનું વર્ણન કરવામાં આવ્યું છે. ત્યારબાદ બીજી ભોમના ભૂલવણીના મંદિરો ખડોકલી કુંડ વગેરેનું વર્ણન કરીને ત્રીજી ભોમમાં આવે છે.

ચોથી ભોમમાં નવરંગબાઈનું નૃત્ય થાય છે. પાંચમી ભોમમાં શ્રી રાજજી મહારાજ પોઢે છે. છટ્ઠી ભોમમાં સુખપાલ છે. સાતમી ભોમમાં હિંડોળા તથા આઠમી ભોમમાં ચારતાળીના હિંચકો છે નવમી ભોમમાં વચ્ચે સિંહાસન પણ યુગલ સ્વરૂપ વિરાજીને સખિયો સાથે આખુ પરમધામ તથા અક્ષરધામ જોવે છે. જ્યારે પૂર્વ દિશામાં જુવે છે ત્યારે જમુનાજીના સાતઘાટની શોભા નિહાળે છે. તેની આગળ અક્ષરધામ દેખાય છે. દક્ષિણમાં બટ, પીપલની ચોકી, માણેક પહાડ, ઉત્તરમાં પુખરાજ પહાડ અને વચ્ચે રંગમહેલ આવેલો છે. જેમાં સખીઓની સાથે રાજજી વિહાર કરે છે. હોજકૌસર તળાવ તથા માણેક પહાડની વચ્ચે ચોવીસ હાંસનો મહેલ છે. જેમાં ગુર્જોમાંથી ચોવીસ ફૂવારા પડે છે તે જોઈને જાણે ચોવીસ રંગની ચાદર પથરાયેલી હોય તેવો ભાસ થાય છે.

ત્યારબાદ માણેક પહાડનું વર્ણન કરતા-કરતા તેની ચારેબાજુની હલેવીનું વર્ણન કરે છે. એક ગોળ હલેવી અને એક ચોરસ હવેલીની વચ્ચેના દરવાજાની શોભાનું વર્ણન કરીને ચારેબાજુ આવેલા હિંડોળામાં રાજ-શ્યામાજી તથા સખીઓ સાથે ઝૂલે છે ત્યાં નહેરોની બંને બાજુ દેહુરિયા છે તેમાં યુગલસ્વરૂપ તેમની અંગનાઓ સાથે આનંદ કરે છે તેનું વર્ણન કરે છે.

જવેરોની નહેરોમાં ચાર, આઠ, સોળ, બત્રીસ તથા ચોઠસ નહેરો, વનની મહોલાતો તથા આગળ પશ્ચિમ ચોગાન આવેલું છે. જ્યાં રાજશ્યામાજી તથા સખીઓ રામત કરે છે.

આઠ સાગરોની વચ્ચે આવેલા ટાપુ મહેલમાં પણ રાજજી વિહાર કરે છે. ત્યારબાદ નવમી ભોમમાંથી દસમી આકાશીમાં જઈને ચાંદની નિહારે છે. ત્યાંથી નીચે પ્રથમ ભોમના પાંચમા ચોક મૂલમિલાવમાં પહોંચે છે. અહીં યુગલ સ્વરૂપ બધી સખીયો સાથે વિરાજમાન છે. ત્યાંથી ચાર ચોક પાર કરી ચાંદની ચોકમાં પહોચ્યા. બંને ચબુતરા પર લાલ અને લીલું વૃક્ષ આવેલું છે. સામે રમવાનું મેદાન છે. સાતઘાટ જમુનાજીની ઉપરના બંને પુલ કેલ તથા બટનો જોઈને જમુનાજી મરોર ખાઈને હોજકૌસર તળાવમાં આવે છે તે જોયું. ટાપુ મહેલ તળાવની વચ્ચે છે. ચારેબાજુ વનની મહોલાતો છે. પશ્ચિમમાં ફૂલબાગ, નૂરબાગની આગળ અન્નવન, દૂબ વન વગેરે પીળા રંગથી રંગાયેલા છે. તેની આગળ પશ્ચિમચૌગાન

પછી ફૂલબાગની ઉપર સૌ બગીચાઓ છે. નીચે નૂરબાગ છે તેના પણ બગીચા છે. આ બગીચાઓની શોભા સાંભળતા - સાંભળતા જ સવાર થઈ જાય એમ છે. ત્યાંથી ઉત્તરમાં લાલ ચબુતરો આવેલો છે. તેને અડીને બડાવન, મધુવન, મહાવન, તથા તાડવન આવેલા છે જેની શોભા ખૂબ જ સોહામણી છે. મહાવનને અડીને જ પુખરાજ પર્વત છે. તેના ચારે દરવાજા પર રાજ-શ્યામજી તેમની સખીઓ સાથે વિહાર કરે છે. પુખરાજના આઠ વૃક્ષો છે. ઉપર બંગલા બનેલા છે. બંગલાની નીચ જમુનાજી મુલકુન્ડથી શરૂ થાય છે. દૂર સુધી જમુનાજી ઢંકાઈને વહે છે પછીથી ખુલ્લી વહે છે. ત્યાંથી આગળ દક્ષિણ તરફ વળીને કેલપુલ થઈને આગળ જાય છે. કેળ તથા બટના પુલની વચ્ચે જમુનાજીના સાત ઘાટની શોભા છે. આગળ જઈને જમુનાજી હોજકૌસરમાં મળી જાય છે. કુંજવનનું વર્ણન પણ થાય છે. જ્યારે દિવસ પૂરો થવામાં એક પ્રહર બાકી રહે છે ત્યારે રાજ-શ્યામાજી સખીઓને પૂછે છે કે આજે ક્યા ઘાટ પર જવું છે ? જ્યાં બધાની ઈચ્છા હોય ત્યાં જાય છે ત્રણ થી છ સુધી વિહાર લીલા ચાલે છે. નવ વાગ્યે નૃત્ય થાય છે. ત્યારબાદ પાંચમીમાં પોઢણ કરીને સવારે ઉઠીને ત્રીજી ભોમમાં આવે છે. અહીં જમ્યા બાદ યુગલસ્વરૂપ આરામ કરે છે. અને સખીયો ચોકમાં વિવિધ રામતો કરે છે.

શ્રી રાજજી મહારાજે સખીયોને પોતાની પૂર્ણ પહેચાન કરાવવાના હેતુથી માયાનો ખેલ બતાવવાની ઈચ્છા કરી અને પ્રથમ ભોમના મૂલમિલાવામાં ઈશ્ક-રબ્દ થયો. તેમણે સખીયોને પરમધામ તથા સંસારની બધી હકીકત સમજાવી દીધી એ પણ કહ્યું કે ત્યાં જઈને તમે મને ભૂલી જશો તો પણ સખીયોએ ખેલ જોવાની જીદ પકડી રાખી. બીજીબાજુ ધણીએ અક્ષરના મનમાં પણ યુગલ સ્વરૂપ અને સખીઓ વચ્ચેની લીલા જોવાની ઈચ્છા પ્રગટાવી અક્ષર સપનું જોવા લાગ્યા પહેલાં વ્રજમાં આવી અગિયાર વર્ષ બાવન દિવસ રહ્યા પછી રાસમાં ગયા છતાં ઈચ્છા અધૂરી રહેવાથી ત્રીજા બ્રહ્માંડમાં આવ્યા રાસ ખેલીને બરારબ મહંમદ સાહેબના તનમાં આવ્યા અને ૬૩ વર્ષ રહ્યા. ત્યારબાદ દસમી સદીમાં રૂહલ્લા શ્યામાજી દેવચંદ્રજીના તનમાં આવ્યા. તેઓ ૭૪ વર્ષ રહ્યા. તેમનાથી ત્રણસોને તેર બ્રહ્માત્માઓ જાગ્રત થઈ. કુરાનમાં કેટલીક સાબિતીઓ મળી. વૃત્તમાં મોમિનો આ બધી વાતો સંક્ષિપ્તમાં રજૂ કરે છે અને શ્રીજી સાંભળે છે. આમ, આઠમો પ્રહર પૂરો થયો.

## : છત્રીસ કારખાનાની સેવા ::

અષ્ટ પ્રહરની સેવામાં જે સુંદરસાથે જે સેવા કરી તેનું નામ તથા સેવા દર્શાવવામાં આવી છે. ગરીબદાસ સૌથી પહેલા દિવાનગીરીનું કામ સંભળતા હતા પરંતુ, વૃદ્ધાવસ્થાને કારણે તેઓ રોજ શ્રીજીને પ્રાર્થના કરતા કે મારાથી સેવા નથી



થતી તમે આ સેવા કોઈને સોંપી દો. રામનગરમાં ગરીબદાસે શ્રીજીને આમ વિનંતી કરી હોવાથી શ્રીજીએ આ કામ લાલદાસજીને સોંપ્યું. હવે ગઢામાં શ્રીજીએ તેમને ઔરંગઝેબ પાસે સંદેશો પહોંચાડવાનું કામ સોપ્યું તેથી દિવાનગીરી વૃંદાવનને સોંપાઈ. શ્રીજીને અચાનક કંઈક સંકેત મળતા તેમણે લાલદાસને ઔરંગઝેબ પાસે જતા રોકીને કહ્યું કે તમે અત્યારે છત્રસાલ પાસે જઈને સંદેશ પહોંચાડો. લાલદાસજી પન્ના આવ્યા અને છત્રસાલને મળીને શ્રીજીને ત્યાં બોલાવ્યા. પન્ના આવીને વૃંદાવને તેમને દિવાનગીરી પરત સોંપી. ખજાનાની ચાવી મોકલીને શ્રીજીએ લાલદાસને કહ્યું કે આ કાર્ય તમે જ સાંભળો.

છત્રીસ કારખાનાની સેવા લાલદાસજીને સોંપવામાં આવી, જેને જ્યારે જોઈએ ત્યારે તેઓ સામાન આપતા. બાઈજૂરાજ પણ તેમની સાથે રહેતા તેથી લાલદાસજી બાઈજૂરાજને પૂછી-પૂછીને વસ્ત્રાભૂષણ આપતા હતા.

લાલદાસજી અત્યંત પ્રેમથી દરરોજ શ્રીજી, બાઈજૂરાજ તેમજ સુંદરસાથના નવા નવા વસ્ત્રાભૂષણ આપતા હતા.

મોદી ખાનની સેવામાં દરેક પ્રકારનું અનાજ તેમજ શાકભાજી રહેતી હતી મેવા-મીઠાઈ તેમજ હરડે પણ રહેતી જેને જે જોઈએ તે મળી રહેતું.

લાલદાસજી રૂ, કોટનના કપડાં, નિર્ગુણ વસ્ત્ર, સગુણ વસ્ત્ર વગેરે જ્યારે જોઈએ ત્યારે સુંદરસાથને આપીને શ્રીજી પાસે સેવામાં હાજર રહેતા. ઘનશ્યામદાસ હિસાબ લખાવાનું કામ કરતા હતા. સંતદાસ તથા ચતુરસેન પણ તેમની સાથે રહેતા. ભિખારીદાસ પણ રહેતા અને મકરંદભાઈ પણ ખજાનચીની સેવા કરતા હતા. ત્યારબાદ આ સેવા ગીગાભાઈ ને મળી. બધા સુંદરસાથ ખૂબ પ્રેમથી સેવા કરતા હતા.

કપડાં રાખવાની સેવા મકરંદભાઈ કરતા. શ્રીજી તેમજ સુંદરસાથને જ્યારે જોઈએ ત્યારે તે કપડાં આપતા. સૌથી પહેલાં વસ્ત્રોની સેવા નારાયણદાસજી કરતા હતા ત્યારબાદ આ સેવા ખેમકરણભાઈને મળી.

## : ગરમીના દિવસોની સેવા ::

ગરમીના દિવસોમાં દરેક પ્રકારની સુગંધી વસ્તુઓ તથા દ્રવ્યો ખરીદવામાં આવતા. ગુલાબના તેમજ અન્ય દરેક પ્રકારના અત્તરની બોટલો ભરીને તૈયાર રાખવામાં આવતી અગર ચોવા પણ રાખવામાં આવતો. આ સેવા ગંગારાભાઈના હસ્તક રાખવામાં આવી હતી તેઓ આની સાથે - સાથે ખસખાનાની સેવા પણ રાખતા હતા. ખસ ખરીદીને તેઓ જાતે જ ખસની પટ્ટીઓ બનાવી તેના પર પાણી છાંટતા. પટ્ટીઓ બાંધવાની સેવા ઓકાભાઈ, ગંગારામ, દયાલદાસ તથા મહંમદખાન કરતા. ખસની ટટ્ટીઓ લગાવતા.

Sanjiv

શ્રી પ્રાણનાથજી મંદિર સેવા પધરાવણી

મહોત્સવ, શામળાજી

નિમિત્તે પ્રકાશન